પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૨-૦૪-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ટ્રમ્પના ટેરિફના તાપથી અમેરિકામાં મોંઘવારી બેફામ

## ટ્રમ્પે સોલાર સીસ્ટમ પર ૩૫૨૧ ટેરિફ લાગુ કર્યો : અમેરિકા બુટ-ચપ્પલ, લેધરના ભાવો ૮૭ ટકા અને કપડામાં ૬૫ ટકાનો વધારો

વોશિંગ્ટન, તા. ૨૨

છેલ્લા બે માસથી દુનિયાના તમામ દેશો સામે ટેરીફ વોર છેડનાર અમેરિકાએ હવે ઈમ્પોર્ટ-સ્પેસીફીક ટેરીફમાં નવો રેકોર્ડ કર્યો છે અને દક્ષિણપુર્વ એશિયામાંથી અમેરિકામાં થતી સોલાર પેનલ અથવા તે સંબંધી આયાત પર ૩૫૨૧% ટેરીફ લાદયો છે.

દેશના ઉત્પાદકોને સુરક્ષા આપવા અમેરિકાએ આ ઉંચા ટેરીફની જાહેરાત કરી છે. ખાસ કરીને કમ્બોડીયા, મલેશિયા, વિયેતનામ, થાઈલેન્ડ જેવા દેશો સોલાર ઉત્પાદકોને નિકાસ માટે પ્રોત્સાહીત કરવા સ્થાનિક સરકાર મોટી સબસીડી આપે છે અને તેથી તમો જે સોલાર ઈકવીપમેન્ટ અમેરિકામાં નિકાસ કરે છે તે ભાવ અમેરિકામાં ઉત્પાદન ખર્ચ કરતા પણ નીચો છે.



વાસ્તવમાં બાઈડનના સમયથી અમેરિકી ઉત્પાદકો આ પ્રકારે સોલાર-ઈકવીપમેન્ટ આયાત સામે વિરોધ કરતા હતા અને તેથી હવે ટ્રમ્પ તંત્રએ દેશમાં ઉત્પાદીત સોલાર સીસ્ટમ કે ઈકવીપમેન્ટ કરતા આયાતી અનેકગણી મોંઘી પડે તે રીતે આ ટેરીફ નિશ્ચિત કર્યા છે. જો કે ટ્રમ્પના ટેરીફ હવે આ દેશના એક વિશાળ વર્ગને માટે મુશ્કેલી સર્જી રહ્યું છે.

પરંપરાગત ઉર્જા જેવી કે ઘરેલું વિજળી કે જનરેટર આધારિત વિજ ખૂબજ મોંઘી છે તેથી અમેરિકાના રીન્યુએબલમાં સોલાર વિજ ભણી વધ્યા હતા તેમાં દક્ષિણ એશિયન દેશોની સોલાર સીસ્ટમ તેઓને માટે

અનુસંધાન પાના ૭ પર

## ચીનથી આયાત થતા સ્ટીલ પર ભારતમાં ૧૨ ટકા ટેરિફ

નવી દિલ્હી, તા. ૨૨

ભારત સરકાર ટૂંક સમયમાં સ્ટીલની આયાત પર ૧૨ ટકાની અસ્થાયી ટેરિફ લગાવવા જઈ રહી છે. આ નિર્ણયનો હેતુ ચીન અને અન્ય દેશમાંથી થઈ રહેલા સસ્તા સ્ટીલની ઈમ્પોર્ટ પર રોક લગાવવાનો છે, જે છેલ્લાં ઘણાં વર્ષોથી દેશની ઘરેલુ સ્ટીલ-મિલો માટે એક પડકાર બની ગયો છે. આ ટેરિફ લાગુ કરવા માટે ડિરેક્ટરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડીઝ (DGTR)એ સરકારને ભલામણ કરી હતી, જેને સુરક્ષા શુલ્ક કહેવામાં આવી રહ્યું છે.

ભારત દુનિયાનું બીજું સૌથી મોટું ક્રૂડ સ્ટીલ પ્રોડ્યુસર હોવા છતાં ૨૦૨૪-'૨૫માં સતત બીજા વર્ષે તૈયાર સ્ટીલનું નેટ ઈમ્પોર્ટર બની ગયું છે. સરકારી આંકડા અનુસાર ગયા વર્ષે ભારતમાં તૈયાર સ્ટીલની આયાત ૯.૫ મિલ્યન મેટ્રિક ટન પર પહોંચી ગઈ હતી જે ૯ વર્ષમાં સૌથી વધુ છે.ભારતની કુલ સ્ટીલ ઈમ્પોર્ટમાં ચીન, સાઉથ કોરિયા અને જપાનનું યોગદાન ૭૮ ટકા રહ્યું છે.

## અસલી જેવી જ રૂપિયા ૫૦૦ની નકલી નોટો બજારમાં ફરતી થઈ

### નકલી ચલણી નોટ અંગે સુરક્ષા એજન્સીઓને સાવધ કરાઈ

નવી દિલ્હી, તા. ૨૨

બનાવટી ચલણી નોટનાં દુષણને ડામવા માટે સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલાઓ વચ્ચે હવે ચોંકાવનારી રીતે નકલી નોટો ફરવા લાગી છે. ખુદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા હાઈએલર્ટ જારી કરવામા આવ્યુ છે જે અંતર્ગત નકલી નોટો પણ અસલ અસલી નોટો જેવી જ દેખાતી હોવાનું જણાવવામાં આવ્યુ છે. કાગળ અને પ્રિન્ટીંગ પણ અસલી જેવા જ છે અને એકમાત્ર સ્પેલીંગ ભુલના આધારે જ તેની ઓળખ થતી હોવાથી સાવધાની રાખવા સુચવાયું છે.

ગૃહ મંત્રાલયે બજારમાં આવેલી નકલી નોટો અંગે ચેતવણી જારી કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય એ હાઈ એલર્ટ જારીને જણાવ્યું કે બજારમાં ૫૦૦ રૂપિયાની નકલી નોટો આવી ગઈ છે, જે એકદમ અસલી નોટ જેવી જ દેખાય છે. ગૃહ મંત્રાલયે આ અંગે ચિંતા વ્યક્ત કરીને હાઈ એલર્ટ પણ જારી કર્યું છે.ગૃહ મંત્રાલય અનુસાર, ૫૦૦ રૂપિયાની નકલી નોટો અસલી નોટો જેવી જ દેખાય છે. પહેલી નજરે અસલી અને નકલી વચ્ચે ફરક શોધવો મુશ્કેલ છે. પરંતુ ખઈઅ એ કેટલાક એવા નિશાન જણાવ્યા છે, કે જેની મદદથી નકલી નોટો ઓળખવી સરળ છે. નકલી નોટો ઓળખવા માટે સરકારે સૂચવેલા નિશાનની મદદથી, અસલી અને નકલી નોટો વચ્ચે તફાવત શોધી શકાય છે.ગૃહ મંત્રાલયે સોમવારે બજારમાં પહેલાથી જ ચલણમાં આવી ગયેલી ૫૦૦ રૂપિયાની નકલી નોટો અંગે 'હાઈ એલર્ટ' જારી કર્યું છે. આ એલર્ટ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ, ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી,

અનુસંધાન પાના ૭ પર

## દક્ષીણના પ્રખ્યાત અભિનેતા મહેશ બાબુને ઈડીનું સમન્સ

### ઈડીના દરોડા બાદ પુછપરછ માટે હાજર થવા મહેશબાબુને ફરમાન

નવી દિલ્હી, તા. ૨૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અભિનેતા મહેશ બાબુને ૨૭ એપ્રિલના રોજ હૈદરાબાદ સ્થિત રિયલ એસ્ટેટ કંપનીઓમાં મની લોન્ડરિંગની તપાસમાં સમન્સ પાઠવ્યું છે. આ પહેલા ૧૮ એપ્રિલે EDએ તેલંગાણામાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા.

ED અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હૈદરાબાદના સિકંદરાબાદ, જ્યુબિલી હિલ્સ અને બોવનપલ્લી વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. મની લોન્ડરિંગ કેસમાં સુરાના ગ્રુપ અને સાંઈ સૂર્યા ડેવલપર્સ સામે દરોડા પાડવામાં આવ્યા હતા.

મળતી અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે રિયલ એસ્ટેટ રોકાણકારો સાથે કથિત છેતરપિંડીનો કેસ થી જોડાયેલ મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. સુરાણા ગ્રુપ અને સાંઈ સૂર્યા ડેવલપર્સ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સિકંદરાબાદ, જ્યુબિલી હિલ્સ અને બોવેનપલ્લી સ્થિત જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

PMLA હેઠળની તપાસ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ સમયસર

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પરિવાર સામે આમેર કિલ્લા પર પહોંચ્યા

### કિંમતી પથ્થરો અને કાચથી બનેલો શીશમહેલ પણ નીહાળ્યો

નવી દિલ્હી, તા. ૨૨

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ તેમના પરિવાર સાથે જયપુરના આમેર કિલ્લાની મુલાકાત લેવા પહોંચ્યા છે. અહીં બે હાથીઓએ વિદેશી મહેમાનનું સ્વાગત કર્યું. રાજસ્થાની કલાકારોએ મનોરંજન માટે નૃત્ય કર્યું. આ પછી વેન્સ તેના પરિવાર સાથે મહેલમાં પ્રવેશ્યા હતા.છત પર પોતાની દીકરીને તેડીને, વેન્સે ચારેય તરફથી કિલ્લો બતાવ્યો હતો. આ પછી અમે શીશમહલ પહોંચ્યા. અહીં અમે કિંમતી પથ્થરો અને કાચથી બનેલા શીશમહલની સુંદરતા નીહાળી હતી.આ પહેલા, તેમને આમેરના હાથી સ્ટેન્ડથી ખુલ્લી જિપ્સીમાં મહેલમાં લઈ જવામાં આવ્યા હતા. જિપ્સીમાંથી જ, તમે મહેલના બાહ્ય ભાગો, માવઠા સરોવર (આમેર મહેલની નીચે કૃત્રિમ તળાવ) અને કેસર ક્યારી ગાર્ડન જોયું. આ પછી, વેન્સ ફક્ત જીપ્સી દ્વારા જલેબ ચોક ગયા. અહીં બે હાથીઓ, પુષ્પા અને ચંદા, વાન્સ પરિવારનું સ્વાગત કર્યું.વેન્સ ભારતની ચાર દિવસની મુલાકાતે છે. તેઓ સોમવારે દિલ્હી પહોંચ્યા. સવારે અક્ષરધામ મંદિર ગયા, સાંજે પીએમ નરેન્દ્ર મોદીને મળ્યા. આ પછી તે ગઈકાલે રાત્રે જ જયપુર પહોંચી ગયા હતા.

વેન્સ જયપુરના રામબાગ પેલેસમાં રોકાયા છે. મંગળવારે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ તે પોતાના સ્યુટમાંથી બહાર આવ્યા. બગીચામાં ખુલ્લા પગે ચાલ્યા. આ પછી પરિવાર સાથે નાસ્તો કર્યો.આમેર પેલેસ ખાતે વેન્સનું મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને તેમના પત્ની ઉષા અને નાયબ

અનુસંધાન પાના ૭ પર

## ચીનમાં ગોલ્ડ એટીએમ શરૂ પૈસા બેંક ખાતામાં જમા થશે

### સોનું વેચવા ઈચ્છતા લોકો માટે નવી સુવિધા

નવી દિલ્હી, તા. ૨૨

સોનાની કિંમતો વધતાં લોકો જુનુ સોનું વેંચવા નીકળ્યા છે અને તેમને માટે હવે ચીનમાં ગોલ્ડ ATM મદદે આવ્યું છે. શાંઘાઈના મોલમાં ગોલ્ડ ATM ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે અને તેની એટલી ડીમાન્ડ છે કે મે મહિના સુધીની એપોઈન્ટમેન્ટ ફૂલ છે.

આ ATM માં સોનું મુકવામાં આવે ત્યારે પહેલા એ એને ઓગાળી નાંખે છે. પછી પ્યોરીટી અને વજન તપાસે છે અને ૩૦ મીનીટમાં બેન્કના ખાતામાં આ સોનાનાં નાણાં જમા કરે છે આ રીતે સોનુ વેચવા માટે કોઈ પણ દસ્તાવેજની જરૂર નથી.

આ મશીન ચીનના કિંગહુડ ગ્રુપ દ્વારા સંચાલીત છે અને એમાં ૫૦ ટકાથી વધુ શુધ્ધતાવાળુ ૩ ગ્રામથી વધારે સોનું વેંચી શકાય છે. એક ડેમોન્સ્ટ્રેશન વખતે ૪૦ ગ્રામના સોનાના હારનું પ્રતિ ગ્રામ ૭૮૫ યુઆન (આશરે ૯૨૦૦ રૂપિયા)ના દરે મુલ્યાંકન કરીને ૩૦ મીનીટમાં સોના ધારકનાં બેન્ક-ખાતામાં ૩૬,૦૦૦ યુઆન (આશરે ૪.૨૦ લાખ રૂપિયા) જમા કરી દેવામાં આવ્યા હતા.

## આજથી બે દિવસ વડાપ્રધાન મોદી સાઉદી અરેબિયાના પ્રવાસે જશે

### મોદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને મળશે અને આવતી કાલે ભારતીય કામદારોને મળશે

નવી દિલ્હી, તા. ૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એટલે કે મંગળવારે બે દિવસની મુલાકાતે સાઉદી અરેબિયા પહોંચશે. તેમના ત્રીજા કાર્યકાળમાં આ તેમની પહેલી સાઉદી મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) એ પીએમ મોદીને સાઉદીની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

મોદી ૨૨ એપ્રિલે સાઉદી અરેબિયાના જેદ્દાહ શહેર પહોંચશે. આ પછી તેઓ ક્રાઉન પ્રિન્સને મળશે. બંને નેતાઓ વચ્ચે યોગ, મીડિયા, મનોરંજન અને રમતગમત અંગે એમઓયુ પર હસ્તાક્ષર થઈ શકે છે.

આ પછી, આવતીકાલે એટલે કે ૨૩ એપ્રિલે, મોદી સાઉદી અરેબિયાની એક ફેક્ટરીમાં ભારતીય કામદારોને મળશે. તમને જણાવી દઈએ કે મધ્ય પૂર્વમાં કુલ ૯૨ લાખ ભારતીયો કામ કરે છે, જેમાંથી લગભગ ૨૭ લાખ સાઉદીમાં કામ કરે છે.સાઉદી જેલમાં બંધ ભારતીય નાગરિકો: સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં ૧૦,૦૦૦ થી વધુ ભારતીયો વિદેશી જેલોમાં બંધ છે. સાઉદી અરેબિયામાં કેદ ભારતીયોની સૌથી વધુ સંખ્યા ૨૬૩૩ છે, જ્યારે યુએઈમાં કેદ ભારતીયોની બીજા ક્રમે ૨૫૧૮ ભારતીયો છે.સંરક્ષણ સહયોગ અને ઊર્જા સુરક્ષા - સાઉદી અરેબિયા ભારતનું ક્રૂડ ઓઈલ અને LPGનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર. એપ્રિલ ૨૦૧૬માં મોદીની રિયાધ મુલાકાતથી રાજકીય, આર્થિક, સુરક્ષા અને સંરક્ષણ બાબતોમાં પરસ્પર સહયોગ વધ્યો છે. મોદીની આ મુલાકાત આને વધુ વેગ આપી શકે છે.

IMEEC (ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર) - મુંબઈથી શરૂ થતો આ કોરિડોર ૬ હજાર કિમી લાંબો હશે. આમાં ૩૫૦૦ કિમીનો દરિયાઈ માર્ગ શામેલ છે. કોરિડોરના નિર્માણ પછી, ભારતથી યુરોપમાં માલના પરિવહનમાં લગભગ ૪૦%

અનુસંધાન પાના ૭ પર

## રસ્તા પર હોર્નના કર્કશ અવાજને બદલે વાંસુરી, તબલા સંભળાશે

### હોર્નમાં મધુર ધ્વનિ વગડવા નવો નિયમ લાગુ કરાશે

નવી દિલ્હી, તા. ૨૨

હવે તમે રસ્તામાં ચાલતા હશો તો હોર્નનો કર્કશ અવાજ નહીં સંભળાય પણ બાંસુરી, વાયોલીન, તબલા, હાર્મોનિયમના અવાજો સંભળાશે!

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સોમવારે જણાવ્યું હતું કે, તે એવો કાયદો લાવવાની યોજના બનાવી રહ્યા છે, જેમાં વાહનોમાં હોર્નના કર્કશ અવાજની જગ્યાએ બાંસુરી, તબલા, વાયોલીન અને



હાર્મોનિયમના ધ્વનિ સાંભળવા મળશે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ જણાવ્યું હતું કે, આ કાયદા અંતર્ગત બધા વાહનોના રૂપમાં માત્ર ભારતીય સંગીત વાદ્યયંત્રોની ધ્વનિનો ઉપયોગ થશે. આથી હોર્ન સાંભળવા સુખદ લાગશે.


## મ્યાંમારનું અરાકાન સૈન્યદળની બાંગ્લાદેશમાં ખુલ્લી ઘૂસણખોરી

### મ્યાંમારના આર્મીએ બાંગ્લાદેશમાં ૧૦ કીમી વિસ્તાર પર કબજો જાવી દીધો

ઢાંકા, તા. ૨૨

ચીન સાથે દોસ્તી કરીને પાકિસ્તાનના માર્ગે જઈ રહેલા પાડોશી બાંગ્લાદેશ માટે ચિંતાના સમાચાર છે. આંતરિક જાતીય હિંસાગ્રસ્ત વધુ એક પાડોશી દેશ મ્યાનમારથી અરાકાન ચાર્મીએ બાંગ્લાદેશની અંદર ૧૦ કી.મી. સુધી અંદર જઈને એક સમારોહમાં હિસ્સો બનતા હવે બાંગ્લાદેશની આ સરહદ પર તેનો કબ્જો કરે તેવા સંકેત છે.

મ્યાનમારના લશ્કરી સામે જંગ કરી રહેલ અરાકાન સેના એ હાલમાં જ મ્યાનમારનો રખાઈન પ્રાંત કબ્જે કર્યો છે અને તેના મારફત હવે બાંગ્લાદેશમાં પણ ઘૂસણખોરી કરી રહી છે.



વાસ્તવમાં અમેરિકા પણ આ ક્ષેત્રમાં સક્રીય છે અને મ્યાનમારમાં લશ્કરી શાસક સામે બાંગ્લાદેશને લડવા તૈયારી કરી રહ્યું છે અને બાંગ્લાદેશની સેનાએ મ્યાનમારમાં ઘુસવાનું નિશ્ચિત છે.

તે પુર્વે જ બળવાખોર આર્મીએ બાંગ્લાદેશમાં ઘુસણખોરી કરી લેતા હવે આ ક્ષેત્રમાં નવા જંગની શકયતા છે. તા.૧૬-૧૭ એપ્રિલ બંદરબન જીલ્લાના યાંચી ક્ષેત્રમાં આ ઘુસણખોરી થઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

## રાજસ્થાનમાં પ્યુનની ૫૩૭૪૯ જગા માટે ૨૪.૭૬ લાખ અરજી

### પીએચડી, એમબીએ, લૉ ગ્રેજયુએટ જેવા ઉચ્ચ શિક્ષિતો પણ અરજદાર

જયપુર, તા. ૨૨

દેશમાં બેકારી દર ઘટી રહ્યાનાં અને લોકો ગરીબી રેખાથી ઉપર આવવા લાગ્યાના સરકારી દાવાઓ વચ્ચે બેરોજગારીનું અસલી ચિત્ર દર્શાવતા સમાચાર રાજસ્થાનથી મળ્યા છે.

જયાં ૫૩૭૪૯ પ્યુન (પટ્ટાવાળા)ની જગ્યા માટે ૨૪.૭૬ લાખ અરજી થઈ છે. આઘાતજનક બાબત એ છે કે, પીએચડી, એમબીએ, લો ગ્રેજ્યુએટ જેવા ઉચ્ચ શિક્ષિત ઉમેદવારોએ પણ અરજી કરી હતી એટલુ જ નહિં અરજી કરવાના ઘસારામાં સાઈટ પણ વારંવાર ક્રેશ થઈ હતી.રાજસ્થાનમાં ૫૩,૭૪૯ ખુનોની ભરતી માટે આશરે ૨૪.૭૬ લાખ અરજીઓ આવી છે. આમ દર એક પોસ્ટ માટે ૪૬ ઉમેદવારો મેદાનમાં છે. અરજી કરનારાઓમાં ગ્રેજ્યુએટ ઉપરાંત PhD (ડોક્ટર ઓફ ફિલોસોફી), MBA (માસ્ટર ઈન બિઝનેસ મેનેજમેન્ટ) અને લો ગ્રેજ્યુએટોનો પણ સમાવેશ છે. જે સ્ટુડન્ટ્સ સિવિલ સર્વિસની તૈયારી કરી રહ્યા છે તેમણે પણ અરજી કરી છે. પ્યુનની પોસ્ટ માટે ક્વોલિફિકેશન માત્ર દસમું ધોરણ પાસ જોઈએ છે.પ્યુન બનવા માટે હાઈલી

અનુસંધાન પાના ૭ પર

## સોનાના ભાવોમાં જંગી ઉછાળો એક તોલાનો ભાવ રૂ. ૧,૦૨,૨૦૦

### સવારે ભારતીય બજારમાં સોનાના ભાવમાં ૨૬૦૦નો વધારો

નવી દિલ્હી, તા. ૨૨

સોનામાં સટ્ટો હોય કે વાસ્તવિક ઉછાળો પણ તેજી આંધીરૂપ બની છે અને ભાવમાં આજે પણ બેફામ વૃધ્ધિ જોવા મળી હતી. વિશ્વ બજારમાં સોનાનો ભાવ ૩૪૦૦ ડોલરવાળો ૩૫૦૦ ડોલરની નજીક પહોંચી ગયો હતો. રાજકોટ-ભારતીય માર્કેટમાં પ્રતિ ૧૦ ગ્રામ ૨૬૦૦ નો ઉછાળો નોંધાયો હતો.

સામાન્ય રીતે શેરબજારમાં મોટી ઉથલપાથલ થતી હોય છે. પરંતુ તેને પણ ભુલાવે તેવી તેજી સોનામાં જામી હોય તેમ રોજેરોજ નવા ઉંચા ભાવ જોવા મળી રહ્યા છે.

વર્લ્ડ માર્કેટમાં ગઈકાલે સાંજે સોનું ૩૪૦૦ ડોલરને આંબ્યુ હતું હવે રાતોરાત ૩૫૦૦ ડોલરની નજીક પહોંચ્યુ હતું આજે સવારે ઉંચામાં ૩૪૯૪ ડોલર થઈને ૩૪૮૮ ડોલર બોલાતુ હતું. ચાંદીનો વૈશ્વિક ભાવ ૩૨.૮૨ ડોલર હતો.

રાજકોટમાં સોનું ગઈકાલે એક લાખ રૂપિયાને વટાવી ગયુ હતું. આજે વધુ ઉંચકાયું હતું અને ભાવ ૧,૦૨,૨૦૦ પર પહોંચ્યો હતો ગઈકાલની સરખામણીએ ૨૬૦૦ રૂપિયાનો ભાવ વધારો હતો. સોનામાં બેફામ તેજી વચ્ચે ચાંદીમાં કોઈ મોટી મુવમેન્ટ ન હતી ભાવ મામુલી ૨૫૦ રૂપિયાના વધારાથી ૯૮૭૫૦ સાંપડયો હતો.

વેપારીઓનાં કહેવા પ્રમાણે સોનામાં તેજી પાછળ અનેક કારણો જવાબદાર છે. ડોલર તૂટવા લાગતા તેના બદલે સોનામાં રોકાણનો ટ્રેન્ડ વધ્યો છે.ટેરિફ-ટ્રેડવોરમાં નવા-નવા વળાંક આવતા હોવાથી પરિસ્થિતિ થાળે પડતા વાર લાગશે તેવી આશંકાનો પ્રત્યાઘાત હતો.

ચીન સહિત દુનિયાભરની સેન્ટ્રલ બેન્કોની ખરીદી, બબ્બે યુદ્ધ તથા અન્ય ભૌગોલીક ટેન્શન, અમેરિકામાં વ્યાજદર ટ્રમ્પ અને ફેડરલ રિઝર્વ વચ્ચે ખટરાગ તથા અર્થતંત્રમાં સ્લોડાઉનની શંકા,

અનુસંધાન પાના ૭ પર





# માં નર્મદાએ ગુજરાતના પ્રત્યેક પરિવારના જીવનમાં બદલાવ આણ્યો છે : ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

સુરત, તા.૨૨

નર્મદા જિલ્લામાં ૨૯ માર્ચથી ૨૭મી એપ્રિલ દરમિયાન એક મહિનો માં નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા દર વર્ષે યોજાય છે. આ પરિક્રમામાં આજે રોજ રાત્રીના બે વાગ્યે ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી આવી પહોંચતા નાંદોદના ધારાસભ્ય શ્રી ડો. દર્શનાબેન દેશમુખ અને સંગઠન અગ્રણીશ્રી નીલ રાવ દ્વારા ઉષ્મા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ગૃહરાજ્ય મંત્રીશ્રી સંઘવીએ શ્રી રણછોડરાય મંદિર ખાતે પૂજા-અર્ચના કરી નર્મદા પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. આ વેળાએ કાર્યકર ભાઈઓ બહેનો અને લોકો તેમની સાથે પરિક્રમામાં સહભાગી થઈને પગપાળા પરિક્રમા કરી હતી. માંગરોળ ખાતે સંગઠન દ્વારા શરૂ કરાયેલા વિસામા ખાતે તેમનું કાર્યકર્તા અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને લોકડાયરો યોજાયો હતો. જેમાં ગૃહ મંત્રીશ્રીને કાર્યકર્તાઓએ ખભે બેસાડીને નચાવી અભિવાદન કર્યું હતું અને ગૃહ મંત્રીએ કલાકારો અને સેવકોની સેવાને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. પરિક્રમાના આગલા ચરણમાં શહેરાવ ઘાટ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીમસિંહભાઈ તડવીએ પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા અને મંત્રીશ્રીએ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ઊભી કરાયેલ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું અને શહેરાવ ઘાટ ખાતે હંગામી પુલ બનાવ્યો છે તેના પરથી નર્મદા નદી પાર કરી હતી. આગળની પરિક્રમા દરમિયાન તેમણે મણિનાગેશ્વર મંદિર, કપિલેશ્વર મહાદેવ અને નંદીઘાટ તેમજ રેંગણ ઘાટ પરથી નાવડીમાં બેસીને નદી પાર કરી હતી. રામપુરા ઘાટ ખાતે મંત્રીશ્રી આવી પહોંચતા જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. મોદી દ્વારા ગૃહ મંત્રીનું સુપ્રભાતે પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું અને ગૃહ મંત્રીશ્રીએ નર્મદા મૈયાના દર્શન કરી નર્મદા મૈયાનું આચમન કર્યું હતું અને રણછોડરાય મંદિરે પરત આવી દર્શન કર્યા હતા. માંગરોળ ખાતે ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ માધ્યમો સાથેના સંવાદમાં જણાવ્યું કે, આજે મને માં નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. માં નર્મદાના ચરણોમાં વંદન કરીને રાજ્યના બધા જ નાગરિકોની સુખાકારી સુરક્ષા અને વિકાસની મનોકામના કરું છું. ચારે દિશામાં હજારો ભક્તોના મુખમાંથી એક જ નારો ગુંજી રહ્યો છે, નમામી દેવી નર્મદે એમ કહેવાય છે કે આ પરિક્રમા અનેક ભક્તોના પાપ દૂર કરે છે. પરિક્રમાએ આ વર્ષે વર્ષોવર્ષના રેકોર્ડ તોડી નાખ્યા છે. દરરોજ હજારોની સંખ્યામાં અને શુક્ર-શનિ-રવિ બે અઠવાડિયામાં લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો પરિક્રમા માટે અહીં પધાર્યા હતાં. ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, હું નર્મદા જિલ્લાના સૌ નાગરિકોનો આભાર માનું છું. એમને પોતાના ઘરો ખુલ્લા મૂકી દીધા લોકોએ ભાવિક ભક્તો માટે કોઈ પણ જિલ્લા કે રાજ્યમાંથી આવ્યા હોય તો તેમને તકલીફ ન પડે તે માટેના કોઈ જાન : ના કોઈ પહેચાન ફિર ભી તમે જે આવેલા હોય તે બધા અમારા મહેમાન આ વિચાર સાથે ગુજરાતના નાગરિકો અને સૌ લોકોને આવકાર્યા છે. લોકોના ઘરોમાં લોકોને આરામદાયક માટે બહાર ખુરશીઓ મૂકી ચા પીવડાવી એ જ રીતે પ્રશાસન દ્વારા આ વખતે ખૂબ મોટી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આપ જોઈ શકો છો કે નર્મદા જિલ્લામાં ખૂબ મોટી સંખ્યામાં આ વર્ષે લોકો પરિક્રમામાં જોડાયા છે. ગૃહ મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, જે રીતે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આવનારા વર્ષોમાં આ યાત્રાને ખૂબ જ મોટી ભવ્ય કરી શકીએ તે માટે વ્યવસ્થાઓ સુધારો-વધારો કરી શકીએ તે માટે પ્રશાસન સાથે બેસીને હું યાત્રા પૂર્ણ કર્યા પછી રીવ્યુ લેવાનો છું અને આવનારા સમયમાં આમાં વધુમાં વધુ કઈ રીતે કામ કરી શકાય તે

અનુસંધાન પાના ૭ પર

**માં નર્મદાની ઉત્તરવાહિની પરિક્રમા કરતા ગૃહ રાજ્ય મંત્રી**

# એનટીપીસી કવાસમાં ફાયર સર્વિસ વીક ૨૦૨૫નું સમાપન

## અગ્નિશામક દળ દ્વારા બચાવ કામગીરીનું જીવંત પ્રદર્શન કરાયું

સુરત, તા.૨૨

કાવાસ, ૧૯ એપ્રિલ ૨૦૨૫: ૧૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ NTPC કાવાસ ખાતે ફાયર સર્વિસ વીક ૨૦૨૫ ના સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની અધ્યક્ષતા પ્રોજેક્ટ હેડ શ્રી સુરેશ જોન ડેવિડ દ્વારા કરવામાં આવી હતી. "એક થાઓ, આગથી સુરક્ષિત ભારતને પ્રજ્વલિત કરો" થીમ પર આધારિત ફાયર સર્વિસ સપ્તાહ ઉજવવાનો ઉદ્દેશ્ય ઔદ્યોગિક પરિસરમાં અગ્નિ સલામતી અંગે જાગૃતિ લાવવા અને આગની ઘટનાઓ અટકાવવા માટે વ્યવહારુ તાલીમ આપવાનો હતો. ઉલ્લેખનીય છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાયર સર્વિસ વીક ૧૪ એપ્રિલથી શરૂ થયો હતો.

સમાપન સમારોહમાં વિશેષ અતિથિ તરીકે એડિશનલ જનરલ મેનેજર (ઓપરેશન અને મેન્ટેનન્સ) શ્રી સંજય કુમાર મિત્તલ, સ્વાતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શનિજા એમ જ્યોર્જ, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) ONGC ના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી મનીષ કુમાર, અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. સમાપન દિવસે, ફાયર સ્ટેશન પરિસરમાં અગ્નિશામક અને બચાવ કામગીરીનું જીવંત પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં વાસ્તવિક આગની પરિસ્થિતિઓમાં તાત્કાલિક પગલાં લેવાની રીતો દર્શાવવામાં આવી હતી. અઠવાડિયા દરમિયાન, NTPC કાવાસ ટાઉનશીપ, મુખ્ય પ્લાન્ટ, ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ, DM પ્લાન્ટ, LCR યુનિટ્સ, NGL વિસ્તાર અને NTPC કાવાસના આરોગ્યમ હોસ્પિટલ સંકુલ જેવા વિવિધ વિસ્તારોમાં અગ્નિ સલામતી તાલીમ અને જીવંત અગ્નિશામક પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમાં કર્મચારીઓ, કોન્ટ્રાક્ટ કામદારો, CISF જવાનો અને અન્ય લોકોએ ભાગ લીધો હતો. તેવી જ રીતે, મોરા ગામની સરકારી શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સ્થળાંતર કવાયત અને અગ્નિશામક કવાયત હાથ ધરવામાં આવી હતી.



## જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘીના હસ્તે

# સુરત જિલ્લાની વિકાસ ગાથાને વર્ણવતી 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન

## 'વિકાસ વાટિકા'માં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન જિલ્લામાં વિકાસ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિકાસ કાર્યોનું આલેખન

સુરત, તા.૨૨

સુરત જિલ્લાના વિકાસ કામોની ઝાંખી કરાવતી 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના જિલ્લા સેવા સદન ખાતે કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયોજન અધિકારીની કચેરી દ્વારા સંકલિત અને પ્રાદેશિક માહિતી કચેરી-સુરત દ્વારા સંપાદિત તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત 'વિકાસ વાટિકા' પુસ્તિકામાં 'વિકાસ વાટિકા' પુસ્તિકામાં વર્ષ ૨૦૨૩-૨૪માં જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિવિધ વિકાસ કાર્યો તેમજ સિદ્ધિઓને આલેખવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુરત જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરી, સાફલ્યગાથાઓનું વિવરણ, જિલ્લાનો સંક્ષિપ્ત ઈતિહાસ, પ્રવાસન સ્થળો, સાંસ્કૃતિક વિરાસત, વિવિધ વિકાસકામોના લોકાર્પણ/ખાતમુહૂર્ત અને પ્રગતિમાં રહેલા કાર્યો, વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના સુરત જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમોની સચિત્ર માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સંયુક્ત માહિતી નિયામકશ્રી અમિત ગઢવી અને જિલ્લા આયોજન અધિકારીશ્રી આર.આર.ભાભોરના માર્ગદર્શનમાં પ્રકાશિત આ પુસ્તિકા સુરત જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, વિવિધ ક્ષેત્રના અભ્યાસુઓ માટે ખૂબ જ ઉપયોગી પ્રકાશન તેમજ સંદર્ભગ્રંથ બની રહેશે. વિકાસ વાટિકાના વિમોચન પ્રસંગે વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, નાયબ માહિતી નિયામકશ્રી યુ.બી.બાવીસા, સહાયક માહિતી નિયામકશ્રી એમ.એમ.વેકરીયા, સિનીયર સબ એડિટરશ્રી પરેશ ટાપણીયા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# નવી સિવિલમાં અમરનાથ અને હજ યાત્રીઓને સર્ટિફિકેટ માટે એક જ છત નીચે વ્યવસ્થા

## સર્વધર્મ સમભાવ અને સમરસતાનું ઉત્તમ ઉદાહરણ



સુરત, તા.૨૨

ધર્મ અને આરોગ્ય સેવાનો સુમેળ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં જીવંત થયો છે. પવિત્ર અમરનાથ યાત્રા અને હજ યાત્રા પર જનાર યાત્રીઓને અનુકૂળતા રહે અને ફિટનેસ ચેકઅપ માટે દોડધામ ન કરવી પડે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા સૌ પ્રથમવાર એક જ સ્થળે એક છત્ર હેઠળ સ્વાસ્થ્ય ચકાસણીઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. CBC, RBS, બ્લડ પ્રેશર, ઈસીજી સહિતના તમામ જરૂરી રિપોર્ટ હવે યાત્રીઓને એક જ જગ્યાએ મેળવી શકાય છે.

સિવિલ હોસ્પિટલમાં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ ગત ૧૦ દિવસમાં અમરનાથ યાત્રા માટે ૨૭૦૦થી વધુ યાત્રીઓને અને માત્ર એક જ દિવસમાં હજ યાત્રા માટે ૩૫૦ યાત્રીઓને ફિટનેસ સર્ટિફિકેટ ઈસ્યુ કરાયા છે. સુરત શહેર-જિલ્લાના અંદાજે ૬,૫૦૦ યાત્રીઓ અમરનાથ યાત્રા માટે અને ૧,૬૯૮ યાત્રીઓ હજ યાત્રાએ જશે.

નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ અને ટ્રોમાના ઈન્ચાર્જ ઈકબાલ કડીવાલાએ સિવિલ તંત્રની વ્યવસ્થાની વિગતો આપી જણાવ્યું કે, રાષ્ટ્રનો વિકાસ સામાજિક સમરસતાથી થતો હોય છે. હજ અને અમરનાથ યાત્રીઓ એક છત્ર નીચે પ્રમાણપત્રો મેળવી રહ્યા છે, ત્યારે બંને વર્ગના યાત્રિકોને સુગમ અને સરળ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.આર.એમ.ઓ. ડો.કેતન નાયકે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી હજ અને અમરનાથ યાત્રીઓ માટે ફિટનેસ ચેકઅપની કામગીરી થઈ રહી છે, પરંતુ આ વર્ષે બંને યાત્રાઓ માટે એકસાથે વ્યવસ્થા કરવામાં આવી છે. આ પહેલ માત્ર આરોગ્ય માટે નહીં, પણ સામાજિક કાર્ય માટે પણ મજબૂત પાયો પૂરો પાડે છે. હિન્દુ અને મુસ્લિમ યાત્રીઓ એક જ

અનુસંધાન પાના ૭ પર

# ભગવાન સૌ પર આર્શિવાદ વરસાવતા રહે તેવી પ્રાર્થના કરતા જેડી વાન્સ



## અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ વાન્સે દિલ્હીના અક્ષરધામની મુલાકાત લીધી

સુરત, તા.૨૨

ચાર દિવસની ભારતનીપ્રથમ સત્તાવાર મુલાકાતે પધારેલા અમેરિકન ઉપ રાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સ, ભારતમાં આગમન બાદ, તેમના પત્ની ઉષા અને ત્રણ બાળકો - ઈવાન, વિવેક અને મિરાબેલ સાથે આજે દિલ્લી સ્થિત વિશ્વવિખ્યાત સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની મુલાકાતે પધાર્યા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય સંતોએ ઉપ રાષ્ટ્રપ્રમુખશ્રી અને તેમના પુત્રોનું ભારતીય પરંપરા પ્રમાણે સ્વાગત કર્યું. મહિલા અગ્રણીઓએ તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઉષાજી અને તેમની સુપુત્રીનું સ્વાગત કર્યું. પરંપરાગત હિન્દુ સ્થાપત્ય અને આધ્યાત્મિકતા, ભારતીય કળા, સંસ્કૃતિ અને આધુનિક મેનેજમેન્ટના અભૂતપૂર્વ સંગમ એવા 'વર્લ્ડ'સ્ મોસ્ટ

અનુસંધાન પાના ૭ પર



# સુરત-દરભંગા ટ્રેન દોડાવવા સાંસદ ડો. ઠાકુર સમક્ષ માંગ

સુરત, તા.૨૨

રવિવારના રોજ, બિહાર દરભંગા લોકસભાના લોકપ્રિય, પ્રિય સાંસદ, માનનીય ડૉ. ગોપાલ જી ઠાકુર, જેઓ બાબા વિદ્યાપતિ ઉત્સવ ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે સુરત આવ્યા હતા, તેમનું બિહાર વિકાસ પરિષદના અધિકારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે, બિહાર વિકાસ પરિષદે માનનીય સાંસદ સમક્ષ સુરતથી પટના ફ્લાઈટ અને સુરતથી બિહાર ટ્રેન સુવિધાની માંગણી મૂકી. માનનીય સાંસદે ખાતરી આપી છે કે હું શક્ય તેટલી વહેલી તકે સુરતથી પટના સુધી ફ્લાઈટ સુવિધા અને સુરતથી દરભંગા સુધી ટ્રેન સુવિધા પૂરી પાડવાનો પ્રયાસ કરીશ.

## અમરોલીમાંથી મુક્તાબેન હેલીયા ગુમ

સુરત, તા.૨૨

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૫૨૮, ગાયત્રી સોસા, અમરોલ (મુળ રહે. ગામ-નેસડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી), ખાતે રહેતી ૨૮ વર્ષીય મુક્તાબેન દિલીપ હેલીયા ગુમ થયા છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી નિશાબેન ગુમ

સુરત, તા.૨૨

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૫૦, ગણેશપુરા, જલારામનગર, અમરોલી (મુળ રહે. ગામ-રૂનાડ, તા.જંબુસર, જી-ભરૂચ), ખાતે રહેતી ૨૫ વર્ષીય નિશાબેન શંકરભાઈ પરમાર ગુમ થયા છે. તેમણે પોપટી ટી-શર્ટ તથા બ્લ્યુ જીન્શ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વેડરોડથી સલોનીબેન વસાવા ગુમ

સુરત, તા.૨૨

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ પ્રાણનાથ હોસ્પિટલ પાસે આવેલા એસ.એસ.ટી.જે નર્સિંગ સ્કુલ હોસ્ટેલ, વેડરોડ, ખાતે રહેતી સલોનીબેન સુનીલભાઈ વસાવા ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, તેમણે સ્કાય બ્લ્યુ કુર્તો તથા કાળા જીન્શ પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભરથાણાથી મધુ દાયમાં ગુમ

સુરત, તા.૨૨

ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ ગુરુકૃપા સોસાયટી, કોસાડ, ભરથાણા, ખાતે રહેતી ૧૮ વર્ષીય મધુ મુકેશભાઈ દાયમાં ગુમ થયા છે. તેમણે બ્લ્યુ જીન્શ પેન્ટ અને મરૂન ટોપ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## પુણાગામથી ખુશ્બૂ પ્રજાપતિ ગુમ થયા

સુરત, તા.૨૨

પુણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ રૂમ નં-૧૧૦, સિદ્ધેશ્વર સોસાયટી, પુણાગામ (મુળ-રહે. ગામ-માડા, તા.મારવાડ જંકશન, જી-પાલી, રાજસ્થાન), ખાતે રહેતા રમેશકુમાર પ્રજાપતિ ના ૨૨ વર્ષીય પુત્રી ખુશ્બૂ પ્રજાપતિ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, ગોરાવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે બ્લ્યુ કુર્તી અને બ્લ્યુ લેગીશ પહેર્યા હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# બોમ્બે એક્ઝીબીશન સેન્ટરમાં પાંચમાં ફેબ શોનો શુભારંભ

## એસજીસીસીઆઈ પેવેલિયનમાં સુરતના ૪૫ ગારમેન્ટ ઉદ્યોગકારોએ ભાગ લીધો




સુરત, તા.૨૨

સુરતઃ ધ ક્લોથિંગ મેન્યુફેક્ચુરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (CMAI) દ્વારા તા. ૨૧, ૨૨ અને ૨૩ એપ્રિલ, ૨૦૨૫ દરમ્યાન મુંબઈ સ્થિત બોમ્બે એક્ઝીબીશન સેન્ટર ખાતે 'પાંચમા ફેબ શો'નો પ્રારંભ થયો છે, જેને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા મહારાષ્ટ્ર અને છત્તીસગઢ સરકાર દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે. આ ફેબ શોમાં સમગ્ર દેશમાંથી ૨૫૦થી વધુ ગારમેન્ટના ઉત્પાદકોએ ભાગ લીધો છે, જેમાં અલગથી ફાળવાયેલા SGCCI પેવેલિયનમાં સુરતના ૪૫ જેટલા ગારમેન્ટ અને ફેબ્રિકના ઉત્પાદકોનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર રાજ્યના માનનીય ટેક્ષ્ટાઈલ મંત્રી શ્રી સંજય સાવકરેના હસ્તે આજે CMAI દ્વારા આયોજિત પાંચમા ફેબ શોનું ઉદ્ઘાટન થયું હતું. આ પ્રસંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, પ્રેસિડેન્ટ ઈલેકટ શ્રી નિખિલ મદ્રાસી, ચેમ્બરના ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલા, ગૃપ ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર, CMAI

અનુસંધાન પાના ૭ પર

# સુરતના ચેતનકુમાર સોહલીયા ગણિતશાસ્ત્ર પી. એચ. ડી. થયા

સુરત, તા.૨૨

સુરતના રહેવાસી તથા VIE BIOTECH ના કોફાઉન્ડર ચેતનકુમાર રમેશભાઈ સોહલીયાએ ગણિતશાસ્ત્ર વિષયમાં "AN INVENTORY SYSTEM WITH VARIOUS CONDITIONS FOR DECAYING AND GROWING ITEMS" શીર્ષક હેઠળ રજૂ કરેલા મહા શોધનિબધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ સંશોધનકાર્ય તેઓએ VNSGU સંલગ્ન 'નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરૂચ'ના ગણિતશાસ્ત્રના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડો.પી.એન. મિશ્રાના માર્ગદર્શન હેઠળ સફળતાપુર્વક પૂર્ણ કર્યું છે.





# ઈનામમાં હાથી ને અસવારીમાં ગધેડું

બંને ચોપગા પ્રાણી પણ એમની કાયામાં અને એમની પ્રત્યેની માણસની માયામાં આસમાન જમીનનો ફરક. બંને વિશેની સમજણમાં પણ દરિયા-ખાબોચિયા જેવું અંતર. ગધેડો એટલે મૂર્ખ, અણસમજુ અને વૈતરું કરી જાણે એવો માણસ, ઠોઠ, બેવકૂફ કે અક્કલ વિનાનો માણસ. હાથી એટલે મદમસ્ત કાયા, શરીરે બળવાન અને બુદ્ધિશાળી પ્રાણી. બંને પ્રાણીમાં ગજબનાક અસમાનતા હોવા છતાં તેમના વિશે કહેવતોમાં ગજબનાક સામ્ય જોવા મળે છે. ગધેડાને ગાજર દેખાડવું કહેવત તમે જરૂર વાંચી હશે અથવા સાંભળી હશે. આ કહેવત પાછળ નાનકડી કથા એવી છે કે એક કુંભાર પાસે ગધેડો હોય છે. આ ગદર્ભ ચીંધ્યું બધું કામ કરે, પણ એ કામ આટોપી લેવામાં હિસાબ બહારનો વિલંબ કરે, મોડું કરે. સમયના વેડફાટથી કંટાળી ગયેલા કુંભારે વિચાર્યું કે કોઈ એવી યુક્તિ અજમાવવી પડશે જેથી મારું કામ ઝપાટાબંધ પાર પડે. ભલે એ હતો ગધેડાનો માલિક, પણ તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતો હતો. પોતાનો સુસ્ત ગધેડો સ્પીડ પકડી દોડે એ માટે કુંભારે એક લાકડીના છેડે ગાજર બાંધી એ લાકડીનો બીજો છેડો તેની ડોક પર બાંધ્યો. લાકડી સીધી રાખવાથી ગધેડાની નજર સામે ગાજર દેખાય અને એ મેળવવા તે ઝડપથી દોડવા લાગે. જોકે, જેમ ગધેડો આગળ દોડે એમ ગાજર પણ આગળ જ રહે અને એના હાથમાં આવે નહીં. એ મેળવવાની બધી મહેનત નકામી જાય. આવા જ ભાવાર્થવાળી કહેવત હાથીના સંદર્ભમાં છે. હાથી આગળ પૂળો, હળવે હળવે નીકળે હાથી આગળથી પૂળો લેવો. અહીં પણ હાથી આગળ વધે એ માટે એને ખોરાક તરીકે પ્રિય એવા ઘાસના પૂળાની લાલચ દેખાડવાની જ વાત છે. જોકે, સાથે એવી પણ કહેવત છે કે હાથી આગળ પૂળો નાખવો સહેલો, પણ કાઢી લેવો મુશ્કેલ.

મતલબ કે પૂળો કાઢો તો હાથી વીફરે એ સંભાવના નકારી ન શકાય. ગધેડાની ગાજરવાળી અને હાથીની પૂળાવાળી એ બંને કહેવતમાં યુક્તિથી કામ કઢાવી લેવાની વાત છે.

આ બંને વિરોધાભાસી પ્રાણીઓની એક મજેદાર અને સમજવા જેવી કહેવત છે ઈનામમાં હાથી ને અસવારીમાં ગધેડું. મળેલી કે આપવામાં આવેલી વસ્તુની નિરર્થકતા સાબિત થાય છે આ કહેવતમાં. બક્ષિસ કે શિરપાવ અથવા વિજય મેળવ્યા બદલ જો સામાન્ય માણસને હાથી આપવામાં આવે તો એને શું કામ આવે? એ થોડો એની પર સવારી કરવાનો કે અન્ય કોઈ ઉપયોગમાં લઈ શકવાનો? આવું ઈનામ નિરર્થક છે. એ જ રીતે સવારી માટે જો ગધેડું આપવામાં આવે તો કોઈ વ્યક્તિ એની પર બેસી જાતે મૂરખ સાબિત થવું પસંદ તો ન જ કરે ને. ટૂંકમાં આપતી વખતે વિવેકભાન જાળવવું જોઈએ. ડાયરાના શોખીનને રેપર ટ્રેવિસ સ્કોટની કોન્સર્ટની ટિકિટ ન અપાય.

# સર્વિસ ક્રેશ ને યુઝર્સ હેંગપ સર્વર સ્લો કેમ થાય છે?

ભારતમાં ડિજિટલ પેમેન્ટ સર્વિસ એક નવા માઈલસ્ટોન ઊભા કરી રહી છે. રોકડા સાચવવાની માથાકુટમાંથી મુક્તિ મળી છે. કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને ઓખાથી લઈને અરૂણાચલ પ્રદેશ સુધી આ સર્વિસને સર્વસ્વીકૃતિ મળી છે. ગણતરીની સેકંડમાં લાખો રૂપિયાની એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાંસફર થઈ જાય એ મોટી વાત છે. યુપીઆઈ સર્વિસ ૧૧ એપ્રિલ ૨૦૧૬માં આ સર્વિસ શરૂ થઈ ત્યારે આ એક જાદુઈ અનુભૂતિ કરાવતું હતું. જે પછીથી સામાન્ય થતું ગયું. પછી તો ક્રમશઃ ક્યૂઆર કોડ અને યુપીઆઈ આઈડીથી નાણાંકીય સગવડ વધુ સરળ બની ગઈ. શાકભાજીવાળાથી લઈને શોરૂમ સુધી આ સર્વિસથી ચુકવણી હાથવગી બની રહી. ટ્રાંઝેક્શન વધ્યા એમ રોકડનું રોટેશન ઘટ્યું.

જોકે, આ સાથે ફ્રોડનું જોખમ પણ વધી ગયું. આ પહેલા સોશિયલ મીડિયા એપ્લિકેશન વોટ્સએપ ડાઉન થઈ ગયું હતું એ સમયે પણ યુઝર્સને પરેશાની પડી હતી. એ પછી ટ્વિટરમાં ટ્વિટ મૂકવામાં વાંધા પડ્યા હતા. યુપીઆઈ સર્વિસ થોડા સમય માટે ક્રેશ થઈ તો ઓનલાઈન પેમેન્ટ સર્વિસમાં મોટું અલ્પવિરામ લાગી ગયું.

હવે આ સર્વિસ સાથે સંકળાયેલા કેટલાક આંકડાકીય રિપોર્ટ પર નજર કરીએ તો, દેશમાં દર કલાકે અઢી કરોડથી વધારે ટ્રાંઝેક્શન થાય છે. ઈન્ટરનેટ સાથે સતત અને સખત રીતે ક્નેક્ટ હોવા છતા આ સર્વિસ શા માટે ડાઉન થાય છે એવો સવાલ થવો સ્વાભાવિક છે. આ વર્ષમાં સર્વિસ ૨૫ માર્ચના દિવસે ૩ કલાક ઠપ થઈ, ૨ એપ્રિલના રોજ સાંજના સમયે ૨ કલાક માટે ઠપ થઈ અને ૧૨ એપ્રિલના રોજ ૧૧ વાગ્યાથી ૩ વાગ્યા સુધી સર્વિસ હાંફી ગઈ.

'નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા'નો રિપોર્ટ કહે છે કે, કેટલીક ટેક્નિકલ મુશ્કેલીઓ નડી રહી છે, પણ આ ટેક્નિકલ કારણ પાછળના કેટલાક મુદ્દા એવા પણ છે કે, એક જ સર્વર પર જુદી જુદી સર્વિસ એક્ટિવ હોય છે, જેમ કે, ઈન્ટર ક્નેક્ટેડ યુપીઆઈ સર્વિસની જેમ એટીએમ સર્વિસ પણ જોડાયેલી હોય છે. કોર બેંકિંગ સુવિધાથી ફાયદો એ થયો કે, ગમે ત્યાંથી તમારું ખાતું એક્સેસ કરી શકો પણ ગેરફાયદો એ છે કે, કોઈ એક વિસ્તારમાં સર્વિસ સ્લો થાય તો બીજે એની સીધી અસર થાય છે. બીજી તરફ જુદા જુદા સોશિયલ મીડિયા પર આવતી એડનું એક સર્વર થર્ડપાર્ટી જેવું કામ કરે છે, જેની લીક્નો લોડ વધે તો પણ આ સર્વિસ બગડે છે.

ગેમિંગ પ્લેટફોર્મના સર્વરમાંથી જ પૈસા કમાવવાની અને ગેમમાં જીતેલી રકમને કેશમાં લેવાની સગવડ ઘણી એપ્લિકેશન આપે છે, જેમાં બેંક સર્વર પર લોડ વધે છે.. ઘડીના છઠ્ઠાભાગમાં આવતી નાની- મોટી ક્વેરીનો લોડ પણ સર્વર પર હોય છે. વધી રહેલા ટ્રાંઝેક્શન આપણને ચિંતામુક્ત કરે, પણ પડકાર ટેક્નિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધારે છે. ઘણીવાર બેંકના પોતાના સર્વર એટલા સ્પીડમાં ન દોડે તો પણ સર્વિસ બગડે છે. જે રીતે સુરક્ષા વિભાગમાં અને સૈન્ય માટે સંવેદનશીલ વિસ્તારમાં સિક્યોર લાઈન હોય છે એમ પેમેન્ટ માટેની સિક્યોર લાઈન તૈયાર કરવાની જરૂર છે. જે સામાન્ય ટેકનોલોજીના સર્વરથી અલગ હોય અને સ્પીડી હોય.ખાનગી તથા સરકારી બેંકોના સર્વર ફોર્મેટ અલગ અલગ હોય છે. મધ્યસ્થ બેંક દરેક પર અંકુશ રાખે છે, પણ ટેક્નિકલ દ્રષ્ટિએ ગ્રૂપ ધરાવતી બેંકમાં પણ એક સૂત્રતા ખૂટે છે. ઉદાહરણ તરીકે, અમદાવાદમાં એટીએમની સ્પીડ અને દ્વારકા જેવા ગ્રામ્ય વિસ્તારમાં એની સ્પીડ. આંતરિક કામ ઝટપટ પતી જતા હશે પણ અપલોડ અને ડાઉનલોડ માથું દુખાડે છે એવું ઘણીવાર બેંક મેનેજર કક્ષાના લોકો સ્વીકારે છે.એક હકીકત જાણીને શોક લાગશે કે જ્યારે પેમેન્ટ પ્રોસેસ થાય અને પૈસા કપાયાનો મેસેજ ન આવે ત્યારે મામલો બગડે છે. ઘણીવાર મેસેજ આવે તો પૈસા નથી આવતા. આને 'રોલબેક પે' કહેવાય. આવું થાય ત્યારે સર્વિસ અને સર્વર બન્ને બગડે છે. જેનો નીવેડો આવતા કલાકો ખર્ચાય, છતાં સિક્યોર નહી.

# બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે : સેમ્પલિંગ આપશે નવા ઘરાક

**સેમ્પલિંગની વ્યૂહરચના બ્રાન્ડની અવેરનેસ ઊભી કરે છે અને અપેક્ષિત ગ્રાહકોમાં તે બ્રાન્ડ પ્રતિ રસ જગાવે છે. આમાં તમારું રોકાણ બ્રાન્ડ પ્રમોટ કરતાં બીજાં માધ્યમો કરતાં ઘણુ ઓછું હોય છે. અને મહત્ત્વનું એ છે કે તે ડાયરેક્ટ કસ્ટમરને પહોંચે છે. આ ઉપરાંત જો લોકોને આ પ્રોડક્ટ ગમશે એ તેના વિષે અન્ય લોકોને જણાવશે.આમ વર્ડ ઓફ માઉથ પબ્લિસિટી થશે તે નફામાં. લોકોનો વિશ્વાસ આ પ્રવૃત્તિ દ્વારા જીતી શકાય છે.**

ક્યારેક મીઠાઈ કે ફરસાણની દુકાનમાં અથવા સૂકા નાસ્તાની દુકાનમાં જઈએ ત્યારે દુકાનવાળા આપણને અચૂક નવી આઈટમ ચાખવા આપે. તમે તે સમયે કદાચ ન પણ ખરીદો, છતાં પણ એ તમને સેમ્પલ ચખાડે. આ એમની પ્રોડક્ટનું સેમ્પલિંગ કરવાની રીત છે.

સેમ્પલિંગ માર્કેટિંગમાં એક મહત્ત્વનું પાસું ગણાય છે. મોટાભાગે આ વ્યૂહરચના નવા પ્રોડક્ટના લોન્ચ વખતે અજમાવવામાં આવે છે. આના બીજા પ્રકારોમાં સવારમાં ન્યૂઝ પેપરની સાથે શેમ્પૂની સેશે (નાનું પેકેટ) જોડેલી હોય, મોલમાં અમુક પ્રોડક્ટ તમે વાપરો પછી તમારો અભિપ્રાય માગે. સુપર માર્કેટમાં ખાદ્ય પદાર્થ ચાખો, કોઈ રિસોર્ટ અથવા હોટેલ તમને ૨ રાત્રી ૩ દિવસનું પેકેજ ફ્રીમાં આપે, OTT પ્લેટફોર્મ તમને એક મહિનો ફ્રી સબસ્ક્રિપ્શન આપે, વગેરે.

તાજેતરમાં એક નવા પ્રકારનો સેમ્પલિંગ આઈડિયા જાણવામાં આવ્યો. વિદેશમાં એક નામી સોસની કંપની જે મેયોનીઝ પણ વેચે છે તેનું સેમ્પલિંગ કર્યું. આપણને સોસ અને પિઝા પર છાંટવાના ઓરેગાનો, પેપર વગેરે ભેગા કરવાની આદત હોય છે. આ કંપનીએ કહ્યું તમે કોઈ પણ આવા બચેલા સેશે લઈને આવો અને અમે તમને તેની બજાર કિંમતનું મેયોનીઝ સેશે ફ્રી આપીશું. આમ સેમ્પલિંગના પણ નવા નવા રૂપો જોવા મળે છે. અહીં મુદ્દો તમને ફ્રીમાં આપવાનો નથી હોતો, પણ એમનો હેતુ બ્રાન્ડની અવેરનેસ

વધારવી અથવા બ્રાન્ડને કન્સિડરેશન સેટમાં લાવવી અથવા નવા પ્રોડક્ટનો અભ્યાસ તમારા દ્વારા કરવો હોય છે.

આપણે જાણીયે છીએ કે ગ્રાહકો નવા પ્રોડક્ટ કે નવી બ્રાન્ડ જલ્દીથી નથી અપનાવતા. એ તે બ્રાન્ડ જોશે પણ તરત નહિ ખરીદે. આવા સમયે સેમ્પલિંગ કામ કરે છે. આજના ઓનલાઈનના જમાનામાં જયારે તમે ઓનલાઇન શોપિંગ કરો છો ત્યારે ઘણીવાર તમને તેની સાથે ફ્રી પ્રોડક્ટ મોકલવામાં આવે છે. આનો ફાયદો તે કે, પ્રોડક્ટ ઘરમાં આવ્યું હોવાથી ગ્રાહક એકવાર વાપરશે અને જો ગમી ગયું તો ખરીદશે. જો ના ગમ્યું તો બ્રાન્ડ એને ના ગમવાનાં કારણ પૂછી તેમાં સુધારા વધારા કરશે. આમ, બ્રાન્ડ માટે ફ્રી સેમ્પલિંગ રિસર્ચ અને ગ્રાહકો મેળવવા તેમ બંને કામ કરે છે.


આ વ્યૂહરચનાં વર્ષોથી અત્યંત સફળ સાબિત થઈ છે. એક પ્રોડક્ટ સેમ્પલિંગ સ્ટડીના રિપોર્ટ અનુસાર, પ્રોડક્ટ અજમાવનાર૩૫% લોકોએ તે જ દિવસે પ્રોડક્ટ ખરીદી હતી. આનું કારણ, સેમ્પલિંગ ગ્રાહકોને ઉત્પાદનની ગુણવત્તાનો અનુભવ કરવાની તક આપે છે. આ કારણોસર, ઉપભોક્તાઓને ઉત્પાદન વિશે જાણવા માટે તમારી સેલ્સ સ્ટોરી અથવા માર્કેટિંગ પર આધાર રાખવાની જરૂર નથી. એ સ્વતંત્ર રીતે જાણી શકે છે અને જે વધુ શક્તિશાળી હોય તે ગ્રાહકનાં મન પર કાયમી છાપ મૂકી જાય છે. જો યોગ્ય રીતે આ પ્રવૃત્તિને દોરવામાં આવે તો પ્રોડક્ટ સેમ્પલિંગ માર્કેટિંગ વ્યૂહરચના સૌથી અસરકારક વેચાણ તકનીક બની શકે છે. માટે જયારે આ પ્રવૃત્તિ ચલાવીએ ત્યારે તેને એવી જગ્યાએ ચલાવો જ્યાંથી ઉપભોક્તા તરતજ ઉત્પાદન ખરીદી શકે. ઉદાહરણ તરીકે કોઈ મોલમાં કે સુપર માર્કેટમાં વગેરે.


સેમ્પલિંગની વ્યૂહરચના બ્રાન્ડની અવેરનેસ ઊભી કરે છે અને અપેક્ષિત ગ્રાહકોમાં તે બ્રાન્ડ પ્રતિ રસ જગાવે છે. આમાં તમારું રોકાણ બ્રાન્ડ પ્રમોટ કરતાં બીજાં માધ્યમો કરતાં ઘણુ ઓછું હોય છે. અને મહત્ત્વનું એ છે કે તે ડાયરેક્ટ કસ્ટમરને પહોંચે છે. આ ઉપરાંત જો લોકોને આ પ્રોડક્ટ ગમશે એ તેના વિષે અન્ય લોકોને જણાવશે.આમ વર્ડ ઓફ માઉથ પબ્લિસિટી થશે તે નફામાં. લોકોનો વિશ્વાસ આ પ્રવૃત્તિ દ્વારા જીતી શકાય છે.

આ પ્રવૃત્તિના બીજા ફાયદાઓ જોઈએ તો પોઈન્ટ ઓફ પરચેઝ પર પ્રોડક્ટ્નું વેચાણ થાય છે. કોઈ ગ્રાહક આ સેમ્પલિંગને મ્હાણી રહ્યો છે અને સ્ટોરમાં ફરી રહ્યો છે ત્યારે એના મગજમાં તમારું ઉત્પાદન તાજું છે અને જો એ સમયે પ્રોડક્ટનું ડિસ્પ્લે થયું છે ત્યાં પહોંચશે ત્યારે પ્રથમ તમારા ઉત્પાદન વિશે વિચારવા માટે પ્રેરિત થશે.


આ જ રીતે, સેમ્પલિંગની વ્યૂહરચના ગ્રાહકને જાળવી રાખવામાં મદદ કરે છે. માર્કેટર્સ તરીકે, આપણે બધાએ સમજવું જોઈએ કે એક્વિઝિશન અર્થાત સંપાદન એ બધી જ વ્યૂહરચનાનો અંત નથી. તમે આ સેમ્પલિંગ પ્રવૃત્તિ થકી શું મેળવવા માગો છો તેની સ્પષ્ટતા કેળવો. ગ્રાહકોને સેમ્પલ્સ મળે પછી એમના સંપર્કમાં રહી અપડેટ્સ મેળવો. આ આખી પ્રવૃત્તિનું અગત્યનું પાસું છે.


અહીં સૌથી મહત્ત્વની વાત એટલે આ પ્રવૃત્તિ દ્વારા બ્રાન્ડને પહેલેથી જ ગ્રાહકોનો લાઈવ ડેટા મળે છે. આપણે આજે ડેટાની શું કિંમત છે તે જાણીયે છીએ. આ ડેટાના સહારે તમે ગ્રાહકને વધુ સારી રીતે જાણી શકશો અને એ અનુસાર તમારા પ્રોડક્ટમાં જોઈતો બદલાવ લાવવા ઉપરાંત એને અનુરૂપ તમારું કોમ્યુનિકેશન પણ બનાવી શકશો. આમ સેમ્પલિંગની આવી વ્યૂહરચના બ્રાન્ડ અવેરનેસની સાથે લાંબાગાળાનો ગ્રાહક પણ તમને મેળવી આપે છે.











# હિન્દુસ્તાનના હેરિટેજ સિલ્ક રૂટની સફર ધરતી-આકાશ વચ્ચેનું સ્વર્ગ રંગબેરંગી પંખીઓનું મુક્ત વિશ્વ

રસ્તો જે હંમેશાં આપણને ક્યાંક ને ક્યાંક તો લઈ જાય છે. દરેક વ્યક્તિને એ ક્યાંક લઈ જાય છે. મને મન થઈ ગયું કે હું રસ્તામાં વચ્ચે જ રોકાઈ જાઉં અને પૂછી લઉં કે તું તો અહિયાં જ રહે છે તો એકલા એકલા બોર નથી થતો? રસ્તો કહે, ભાઈ હું રોજે નવા નવા મુસાફર જોયા કરું છું. કોઈકને ક્યાંક પહોંચવાની જલદી હોય છે તો કોઈકને જ્યાંથી આવ્યા ત્યાં જ પાછા જવાની. બધાએ નિર્ધારિત સ્થળ પર પહોંચવાની લ્હાયમાં ઘણું ખરું ગુમાવ્યુ છે જે મુસાફરી દરમ્યાન રસ્તામાં જ મળે છે. ક્યાંક પહોંચવા કરતાં જે તે સ્થળ પર લઈ જતો રસ્તો વધારે આનંદ અને સંતોષ આપે છે. ક્યારેક ક્યાંય પણ પહોંચવા માટે નહીં પણ ખાલી રસ્તાને માણવા કારની બારી ખુલ્લી રાખીને મુસાફરી કરી જોજો. આવી જ કંઈક મુસાફરી મેં સિક્કિમનાં પૂર્વ વિસ્તારમાં કરી હતી.

ધરતી અને આકાશની વચ્ચે એક સરસ મજાની જગ્યા છે. પૂર્વ સિક્કિમમાં ઓલ્ડ સિલ્ક રૂટ પર લુથૂંગ ગામ પહેલા જ આવતી જગ્યા મને બહુ જ ગમે. ગમે તેટલાં વર્ષ પછી પણ જાઉં એક પથ્થર મૂકેલો છે એ ત્યાંનો ત્યાં જ હોય જ્યાંથી મને કાંચનજંઘા દેખાય અને એક તરફ ભુતાનના કોઈ ગામડામાં વહેતી નદીનું વહેણ અને નીચેની તરફ નાનું સરખું ઝૂલુક ગામ. હિમાલયન મોનાલ પાછળ ભાગતા ભાગતા આ જગ્યા મળી હતી. વરસાદ રોકાયો જ હતો કે સાઈકલ થોભાવીને ત્યાં પડેલા પથ્થર પર બેસીને કુદરતને મેં કહ્યું, ચાલને બે ઘડી વાતો કરીએ. જાણે કુદરત મારી વાતનો પ્રત્યક્ષ જવાબ આપતો હોય એમ વાદળો રમતાં રમતાં મારી આસપાસ આવી ગયાં, કાંચનજંઘા વાદળોમાં સંતાઈને ક્યાંક ક્યાંક બે વાદળો વચ્ચેની જગ્યામાંથી જાણે મને જોઈ રહ્યો અને સૂરજનાં કિરણો પણ વાદળોને છેતરીને ધરતીને મળવા દોડી ગયાં હોય એમ ક્યાંક જગ્યા મળે કે અવનીને સ્પર્શીને સોનેરી ઓપ આપી દેતા નજરે ચઢે. પહાડોમાં બધાથી અલિપ્ત અને હિમાલયની ગોદમાં માનાં ખોળામાં સૂતા હોઈએ એટલી શાંતિથી સૂવું હોય તો આ જગ્યાથી સારી બીજી કોઈ જગ્યા ન હોય શકે. એકદમ નિર્જન છતા તમારી જાતને એકલું ન લાગે એટલા રંગબેરંગી અને સંગીતમય સૂરો છેડતા પંખીઓ, પ્રકૃતિનું મધુર ગાન અને ઈશ્વરની હાજરીનો અનુભવ – આ સઘળું અહીં હાજર છે.

સામાન્ય રીતે ફરવા જવા માટે મોટા ભાગના લોકો ગૂગલ, ટ્રીપ એડવાઈઝર, કોઈના બ્લોગ્સ વગેરેને સર્વ શ્રેષ્ઠ માર્ગદર્શક માનતા હોય છે ત્યાં જ તેઓ બહુ મોટી ભૂલ કરતા હોય છે અને તેઓ મુસાફર ન બનતા ખાલી એક પ્રવાસી બનીને રહી જતા હોય છે. નિસર્ગનો ખરો આનંદ નિસર્ગમાં જ કોઈ ચોક્કસ પ્લાંનિંગ વગર જ્યાં રસ્તો લઇ જાય ત્યાં અથવા તો જ્યાં રસ્તો ના હોય ત્યાં કેડીઓ કંડારવાથી જ મળતો હોય છે. પૂર્વ સિક્કિમના ખાસ નહિ ચર્ચાયેલા અને લગભગ અલિપ્ત રહેતા વિસ્તારમાં મેં થોડા દિવસો માટે રોકાઈ જવાનો નિર્ણય કરીને પંગોલખા વાઈલ્ડલાઈફ સેંક્ચ્યુરી તરફ પગ વળ્યા અને હું પહોંચ્યો એક એવા અલગારી વિશ્વમાં જ્યાંની ભૂમિ કોઈને પણ ભોમિયા બનાવી દે. પદમચેનથી શરૂ થયેલી મુસાફરી, રસ્તાની બંને તરફ ઝરણાઓ, નાના નાના જંગલી સ્ટ્રોબેરીના છોડ, રસ્તામાં ક્યાંક દેખાઈ જતા રંગબેરંગી ઓરનેટ ફલાઈંગ સ્નેક, રંગબેરંગી પક્ષીઓ અને સર્પાકાર રસ્તાઓ જાણે આપણને વાદળાઓ સાથે બેસીને ગુફ્તગુ કરાવી રહ્યા હોય. હિમાલયનાં રંગબેરંગી પક્ષીઓ, હિમાલયન બ્લેક બિયર, રેડ પાન્ડા, હિમાલયન મોનલ, કલીઝ ફિઝંટ્સ, ટ્રાઈપોઝન વગેરેનું વિશ્વ અને પેરેટબીલનું મધુર ગાન એટલે જાણે કોઈ સરસ મજાના ઝૂ જેવો જ દેખાવ આવે જગ્યાનો એટલે આ નાના સરખા ગામનું નામ ઝૂલુક. રોન્ગલી ગામથી ઝૂલુક આવવા માટે ઈનરલાઈન પરમિટ મેળવવી પડે જે એક સામાન્ય ફોર્મ ભરીને ૨૦ રૂપિયામાં મેળવી શકાય. રોન્ગલી આવવા માટે મુખ્ય મથક ગેંગટોકથી શેરિંગ વાહન મળે છે જે માત્ર ૭૦ રૂપિયામાં રોન્ગલી સુધી લઈ આવે, ત્યાર બાદ ત્યાંથી ટેક્સી ભાડે કરીને ઝૂલુક જવા નીકળી શકાય. રસ્તામાં પદમચેન પણ ન ચૂકવા જેવું સ્થળ છે. અહીં ઘણાં બધા ઝરણાઓ, ઝરણા આસપાસ પતંગિયાઓ અને પાણીમાં ગમ્મત કરતાં પંખીઓને મહાલવા પણ એક લહાવો છે.

ઝૂલૂકમાં ગણ્યાં ગાંઠ્યા બે જ હોમસ્ટે છે જ્યાં રહી શકાય અને તેઓની ઓર્ગેનિક ખેતીની મજ્જા માણી શકાય. અંગ્રેજ અને ડચ લોકોના શાસનકાળમાં આ જગ્યા એમની મનપસંદ જગ્યા હતી એટલે અહીયા એક્ઝોટિક ફ્રૂટ્સની પણ ખેતી થતી જોવા મળે. વિશ્વનું સહુથી ઊંચું અને ભવ્ય કબ્રસ્તાન – બ્રિટિશ અને ડચ સિમેટ્રી પણ અહીયા ત્યારની ભવ્યતાને સંગોપીને બેઠું છે. લાકડાના બનેલા સરસ મજાના ઘરની બહાર જ બટાટા અને બીજી શાકભાજીની ખેતી કરતા પરિવારો અહીંયા રહે અને દિલથી પહાડી મહેમાનગતિનો અનુભવ કરાવે. સવારે ઊઠીને જાતે ગમે તે શાકભાજી તોડી લાવો, મન હોય તો જાતે જ રસોડાનો કારભાર પણ લઇ શકો. ઝૂલુકથી સવારે ઓલ્ડ સિલ્ક રૂટ જઈ શકાય. આ રૂટ પર થંબી વ્યૂપોઈન્ટ નામની જગ્યાએથી કાંચનજંઘાનો ખૂબ જ અદ્ભુત નજારો માણી શકાય. આ દરેક જગ્યાઓ પર વાદળોનો મહાસાગર જ જાણે જોઈ લો. અહીંથી આગળ વધતા ભુતાનનાં ગામડાઓ, ગામમાં વહેતી નદી અને દેવદારના ઘટાદાર જંગલોનો નજારો માણી શકાય તો વળી ક્યાંક ક્યાંક હિમાલયન મોનાલ, બ્લડ ફેઝન્ટ, કોકલાઝ ફેઝન્ટ, કલીઝ ફેઝન્ટ, હિમાલયન સ્નો ફિન્ચ, હવામાં આગની જેમ પૂંછડી લહેરાવતું ફાયર ટેઈલ્ડ સનબર્ડ, હિમાલયન બ્લેકબર્ડ, અપલેન્ડ બઝર્ડ, ગોલ્ડન ઈગલ, ફૂલવેત્તા, પેરોટબિલ જેવા રેર પક્ષીઓ કલરવ કરતા જોવા મળે. આ પંખીઓને જોતા જોતા ફૂલોની વેલી નાથન્ગ વેલી આવે જ્યા સેંકડો રંગબેરંગી ફૂલોનો કુદરતે અલાયદો શો રાખ્યો હોય એવું દ્રશ્ય ભાસે.

એક એવું ગામ હોય જ્યાં ખૂબસૂરત માટી અને લાકડાનું ઘર હોય, રોજે રોજ વાદળો કંપની આપતા હોય, ખૂબસૂરત રંગબેરંગી પક્ષીઓનો કલરવ તમારું અલાર્મ ટોન હોય, સવારમાં ચાર વાગ્યામાં સૂર્યોદય અને સાંજે છેક આઠ વાગ્યા આસપાસ સૂર્યાસ્ત થતો હોય, આવી જગ્યાએ રહેવું કોને ના ગમે? આ જ જગ્યાએ ઇંડિયન આર્મી રહે છે. એક નજરે ખૂબસૂરત દેખાતી જગ્યામાં આજે પણ ક્યાંક ક્યાંક જુના ૧૯૬૨ વખતે થયેલા યુદ્ધ સમયને વણશોધાયેલા માઈન્સ બિછાવેલા છે. હંમેશાં દુશ્મન દેશોની નજર અહીં તમારા પર ટેકાયેલી રહે છે. અહીં જો લાલ ઝંડા ફરકતા જોવા મળે તો સમજવું ફાયરિંગ ચાલી રહ્યું છે. અહીં ભારતીય સેનાના છુપા બંકર જોવા મળે છે. અહીં રહેવા માટે સતત સતર્કતા અને હિમ્મતની પણ જરૂર પડે છે. જો કે આર્મીનાં વિસ્તારમાં રહેવા અને ફોટોગ્રાફી બંને પર પ્રતિબંધ છે. સામે દેખાતા પર્વતની પાછળથી જ ચીનની શરૂઆત થાય છે જેને ડોકલામ રેન્જ તરીકે ઓળખાય છે. એ પછી રસ્તામાં બ્લેક લેક આવે છે જે એનાં કાળા રંગનાં લીધે બ્લેક લેક તરીકે ઓળખાય છે. બ્લેક લેક પછી હરભજનસિંઘ બાબાનું બંકર છે જેની ભારતીય સેનાના જવાનો દ્વારા પૂજા કરવામાં આવે છે. એક માન્યતા મુજબ હરભજનસિંઘ બાબા ભારતીય સેનામાં ફરજ બજાવતી વખતે અકસ્માતે મોતને ભેટ્યા હતા અને એમના મૃત્યુનાં વર્ષો પછી આજે પણ તેઓ ભારતીય સેનાને મદદ કરે છે, આજે પણ તેમને જમવાનું આપવામાં આવે છે, આજે પણ તેઓનો યુનિફોર્મ, બૂટપોલિશ વગેરે કરવામાં આવે છે. આ મંદિર પછી અહીં દેશનું છેલ્લું ગામ છે 'કુપૂપ' જ્યાંથી આગળ જવાની પરમિશન નથી પણ પહેલાના સમયમાં આ જ જગ્યા ઈન્ટરનેશનલ વ્યાપાર માટેનું એક કોરીડોર હતી અને આ રસ્તેથી સિલ્કની આયાત થતી એટલે જે એને 'ઓલ્ડ સિલ્ક રૂટ' તરીકે ઓળખવામાં આવે છે. અહીં ચીનના સામાનનું નાનકડું બજાર ભરાય છે. અહીં એલિફન્ટ લેક આવેલ છે જે ઉપરથી જોતા હાથીના આકારનું લાગે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં માણસો કરતા અલગ અલગ જગ્યાઓના પ્રેમમાં પડ્યો. બેડરૂમમાં આરામથી સુવા કરતા વધારે આકાશગંગા અને ખરતા તારાઓ સાથે રોમાન્સ માણ્યો છે. હિમાલયના પહાડોમાંથી પડતાં ઝરણાઓ પાછળ અને પક્ષીઓને જોવામાં અને જાણવામાં સમય વિતાવ્યો છે. ઊંચા પહાડો પર કોઈ અજાણ્યા વણઝારાની હાકલમાં, પહાડ પરથી મસ્તીમાં પછડાતા અને વહેતાં ઝરણાંમાં, સાંકડી એવી પગદંડીઓમાં, કયાંક ઝાડની ડાળી પર બેસેલા પક્ષીઓના કલરવમાં, ક્યાંક તાજા જ ખીલેલા ફૂલમાં, કોઈક અજાણી ઝાડની પાંદડી પર નાના બાળકની માફક મસ્તી કરતા હમણાં જ વરસેલા વરસાદના ટીપાંમાં તો ક્યારેક વાદળોની સાથે ઊંચાઈ પર સંતાકૂકડીની રમત રમતા કાંચનજંઘા પર્વતમાંથી મને ખુશીઓનો ખજાનો મળ્યો છે.

## તંત્રી લેખ...-

**મંગળવાર, તા.૨૨ એપ્રિલ ૨૦૨૫**

# નવા ખતરા

આગામી ૩૦ એપ્રિલથી શરૂ થઈ રહેલી ચારધામ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓનું રજીસ્ટ્રેશન વધી રહ્યું છે, સાથે જ શ્રદ્ધાળુઓ સાથે ઓનલાઇન ઠગાઈની ફરિયાદો પણ મળવા લાગી છે, એવામાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય અંતર્ગત કામ કરનારા ભારતીય સાઇભર અપરાધ સમન્વય કેન્દ્ર દ્વારા સાઇબર ઠગાઈથી સાવધાન રહેવા માટે એલર્ટ જારી કરવું યોગ્ય જ જણાય છે. અસલમાં સાઇબર અપરાધી ચારધામ યાત્રા માટે બનાવટી વેબસાઇટ, સોશ્યલ મીડિયા અને વોટ્સએપ એકાઉન્ટ દ્વારા હેલિકોપ્ટર, ગેસ્ટ હાઉસ, હોટેલ બુકિંગ, ઓનલાઇન કેબ/ટેક્સી સર્વિસ બુકિંગ, હોલિડે પેકેજ અને ધાર્મિક ટૂર જેવી ઓફર આપે છે, જેમાં ફસાઈને ભોળા શ્રદ્ધાળુ પોતાની પરસેવાની કમાણી ગુમાવી રહ્યા છે. તીર્થયાત્રી જ્યારે વિભિન્ન સેવાઓ માટે ચૂકવણી કરે છે, તો તેમને કોઈ કન્ફર્મેશન મેસેજ નથી મળતો અને ના સંપર્ક માટે કોઈ જાણકારી ઉપલબ્ધ હોય છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયના જ એક રિપોર્ટ અનુસાર, પાછલા છ વર્ષોમાં સાઈબર ઠગાઇ મામલે ૪૨ ગણાનો વધારો થયો છે. દુનિયામાં દરેક સેકન્ડમાં ૧.૬૩ કરોડ રૂપિયાની સાઇબર ઠગાઈ થાય છે, જે સાઇબર ઠગોના વૈશ્વિક નેટવર્કની પુષ્ટિ કરે છે. જેમ જેમ હાલના વર્ષોમાં મોબાઇલ ફોન, ઓનલાઇન લેવડદેવડ અને ખરીદી તથા ધાર્મિક પર્યટનના વલણ વધ્યા છે, જેમ જેમ સાઇબર ઠગોની ગતિવિધિઓ પણ દેશમાં ઝડપથી વધી છે. સામાન્ય લોકો કે શ્રદ્ધાળુ જાણકારીની અછત અને જાગૃતિના અભાવે પર્યાપ્ત કાયદા નહીં હોવાને કારણે પણ અપરાધી બેલગામ અને દુસ્સાહસી બની ગયા છે. સવાલ થાય છે કે તમામ નિયમ-કાયદા છતાં પણ સાઇબર અપરાધી મોબાઇલ સિમ લેવામાં સફળ કેવી રીતે થઈ જાય છે? માહિતીની ઉણપ, લાલચની પ્રવૃત્તિ અને ધૈર્યનો અભાવ સાઇબર અપરાધીઓની સક્રિયતા વધવાનાં સામાજિક કારણ છે, જેના માટે વ્યાપક જાગરુકતાની જરૂરિયાત છે. સરકારી સ્તર પર તો સાઇબર અપરાધીઓનો સામનો કરવાનું કામ થઈ જ રહ્યું છે, લોકોએ પણ પોતાના સ્તરે સજાગ બનવું પડશે. ૨૦૨૪માં દેશમાં ૨૪ હજાર અધિકારીઓને સાઇબર અપરાધનો સામનો કરવાનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે, જોકે દેશના ૩૭ ટકા જિલ્લામાં હજુ પણ સાઇબર ક્રાઇમ સેલ નથી. બેશક સાઇબર અપરાધીઓ સાથે લડાઈ એક મોંઘો સોદો છે, પરંતુ ડિજિટલ ઇન્ડિયાની સફળતા માટે સાઇબર સુરક્ષા પર રોકાણ વધારવું સમયની જરૂરિયાત છે. નિરંતર ડિજિટલ થતા ભારતમાં સાઇબર અપરાધીઓ પર અંકુશ લગાવવા માટે સામાજિક જાગરુકતા સાથે સાઇબર સુરક્ષા પર રોકામ વધારવાની જરૂર છે અને નાગરિકોને પણ અજાણી લિંક પર ક્લિક કરવાથી બચવું, ઠગાઈનો શિકાર થઈ જતાં સાઇબર સેલમાં ફરિયાદ નોંધાવવાની જરૂર છે.

## લોકશાહીમાં દરેક સ્તંભ એકબીજાની મર્યાદાઓનું સન્માન કરે

ભારતીય લોકતંત્રના પાયાની ઈંટ સમાન છે બંધારણનો એ સિદ્ધાંત, જે વિધાયિકા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકા વચ્ચે સત્તાના સૂ-મ સંતુલનની બુનિયાદ રચે છે. આ સંતુલન હંમેશાં ન્યાયપાલિકાની 'સક્રિયતા' અને 'સંયમ' વચ્ચે ઝૂલતું રહે છે. હાલમાં જ સર્વોચ્ચ અદાલત દ્વારા અનુચ્છેદ-૨૦૧ની પ્રક્રિયામાં પારદર્શિતા અને તર્કસંગતતાના માપદંડ જોડવાનો નિર્ણય આ જ ઝૂલતા લોકતાંત્રિક પેંડુલમને એક નવી દિશા આપવાનો પ્રયાસ દેખાય છે.અનુચ્છેદ-૨૦૧નો સરળ અર્થ એ છે કે જો કોઈ રાજ્ય વિધેયક રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને વિચારાર્થ મોકલવામાં આવે છે, તો રાષ્ટ્રપતિ પાસે ત્રણ વિકલ્પ હોય છે- વિધેયકને સ્વીકૃતિ આપવી, અસ્વીકાર કરવો અથવા તેને અનિશ્ચિતકાળ માટે લટકાવી રાખવું. દાયકાઓથી આ પ્રક્રિયા કાર્યપાલિકાના વિવેક પર નિર્ભર રહી છે, જ્યાં ના તો નિર્ણય લેવાની કોઈ સમયસીમા છે કે ના કારણ જણાવવાની બાધ્યતા. પરંતુ હાલમાં સર્વોચ્ચ ન્યાયાલયે આ પરંપરાગત વ્યવસ્થાને એક ક્રાંતિકારી વળાંક આપતાં કહ્યું કે રાષ્ટ્રપતિ દ્વારા વિધેયકને રોકવા કે પાછું મોકલવાના નિર્ણયમાં 'સ્પષ્ટ તર્ક' અને 'બંધારણીય વૈધતા'નો સમાવેશ અનિવાર્ય છે. અહીં એ જ જૂનો પ્રશ્ન ફરીથી સામે આવ્યો છે - શું ન્યાયપાલિકાને એ અધિકાર છે કે તે કાર્યપાલિકાને જણાવે કે તેણે કેવી રીતે વિચારવું જોઈએ?સમર્થકો કહેશે કે આ નિર્ણય પારદર્શિતાની દિશામાં સાહસિક પગલું છે. અનિશ્ચિતકાળ સુધી જ્યારે કોઈ વિધેયકને રોકી દેવામાં આવે છે, તો શું એ સંઘીય માળખાના સિદ્ધાંતોની વિરુદ્ધ નથી જતું? પરંતુ આલોચકોની દૃષ્ટિમાં આ નિર્ણય બંધારણના મૂળ માળખાથી વિચલિત થવા જેવો છે. તેમનું કહેવું છે, ભારતીય બંધારણે રાષ્ટ્રપતિને વિવેકાધિકાર આપ્યો છે, નહિ કે ન્યાયિક નિર્દેશોના પાલનનો આદેશ. ન્યાયપાલિકા જો કાર્યપાલિકાને 'કેવી રીતે વિચારવું'ના પાઠ ભણાવવા લાગે તો શક્તિઓના પૃથક્કરણનો સિદ્ધાંત જ ધ્વસ્ત થઈ જાય. આ ચર્ચામાં ઈતિહાસનાં પાનાં આપણને બેવડા બોધપાઠ આપે છે. એક તરફ ૧૯૯૭નો વિશાખા કેસ છે, જ્યાં ન્યાયપાલિકાએ યૌન ઉત્પીડન અટકાવવા માટે દિશા-નિર્દેશ બનાવ્યા. કાયદો કે દિશા-નિર્દેશ બનાવવા વિધાયિકાનું કામ છે, પરંતુ આ પગલાના સમર્થકોનું કહેવું હતું કે ન્યાયપાલિકાએ વિધાયિકાની નિષ્ક્રિયતાને ભરવાનું કામ કર્યું. બીજી તરફ, ૧૯૯૪નો એસઆર બોમ્મઇ કેસ છે, જ્યાં ન્યાયાલયે રાષ્ટ્રપતિ શાસનની બાબતોમાં હસ્તક્ષેપ કરતાં પણ સંયમ રાખ્યો. અનુચ્છેદ-૨૦૧ની વ્યાખ્યા વિશાખા જેવી 'સક્રિયતા' છે કે પછી બોમ્મઇ પ્રકરણ જેવું 'સંયમનું વિસ્મરણ?'આજે જ્યારે રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સંબંધોની નવા ટકરાવ પેદા થઈ રહ્યા છે, ત્યારે આ નિર્ણય સંઘીય માળખા માટે બેવડો પડકાર બનીને આવ્યો છે. એક તરફ, તે રાજ્યોને કેન્દ્રીય મનમાની વિરુદ્ધ કાનૂની હથિયાર આપે છે, તો બીજી તરફ, કેન્દ્ર-રાજ્ય સમીકરણોને ન્યાયાલયના ઉંબરા સુધી ખેંચીને રાજકીય વિવાદોને ન્યાયીકૃત કરવાનો માર્ગ ખોલી શકે છે. જેમ કે તમિલનાડુ અને કર્ણાટક વચ્ચે જળવિવાદને અદાલતને બદલે રાજકીય મંત્રણાથી ઉકેલવો જોઇતો હતો, એવી જ રીતે વિધાયી મતભેદોને પણ સંસદીય સંવાદથી જ ઉકેલવાની કોશિશ કરવી જોઇએ. અંતે આ નિર્ણય ભારતીય લોકતંત્રની એ આધારભૂત ગૂંચને સ્પર્શે છે, જ્યાં સંસ્થાઓ એકબીજાના અધિકાર ક્ષેત્રની રક્ષા કરવાને બદલે રસાકસીમાં લાગેલી દેખાય છે. ન્યાયપાલિકાનું આ પગલું પારદર્શિતા લાવવાની દિશામાં પ્રશંસનીય છે, પરંતુ જો તે કાર્યપાલિકાના બંધારણીય અધિકાર ક્ષેત્રમાં દખલ કરે, તો તે સંતુલનના સિદ્ધાંતથી વિપરીત કહેવાશે. કદાચ સમાધાન એ જ છે કે ન્યાયાલય નિર્ણય આપતી વખતે પોતાના આદેશોને 'સૂચન' રૂપે પ્રસ્તુત કરે, નહિ કે 'અનિવાર્ય નિર્દેશ' રૂપે.ભારતીય બંધારણની જે મૂળ ભાવનાએ ન્યાયપાલિકાને 'બંધારણની સંરક્ષક' બનાવી હતી, એ જ ભાવનાએ વિધાયિકાને 'જનતાનો અવાજ' અને કાર્યપાલિકાને 'નિર્ણયની ગતિ'નું પ્રતીક માન્યું હતું. આ ત્રણેયની સામૂહિક શક્તિ જ લોકશાહીની સફળતા છે.

### પાકિસ્તાનનો ભારત વિરુદ્ધ જેહાદી આતંકવાદનો ઉપયોગ હવે પરોક્ષ યુદ્ધનો મામલો નથી રહી જતો

# આતંક પર નિર્ણાયક પ્રહારની તક

મુંબઈ પર થયેલા ભીષણ આતંકી હુમલાના દોઢ દાયકા બાદ તેનો એક મુખ્ય કાવતરાખોર તહવ્વુર હુસૈન રાણા અંતે ભારતના હાથે ચડી ગયો. પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક રાણાનું હાલમાં અમેરિકાથી પ્રત્યર્પણ સંભવ બન્યું છે. આ મોદી સરકારની મોટી કૂટનીતિક જીત માનવામાં આવે છે. રાણાના પકડાયા બાદ કેટલાય રહસ્યો પરથી પડદો ઉઠવાની આશા જાગી છે. રાણાની ધરપકડ પર જારી વિજ્ઞપ્તિમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઇએએ લશ્કરે તૈયબાની સાથે સાથે હરકત ઉલ જેહાદે ઈસ્લામીને પણ આ હુમલાના કાવતરાખોર ગણાવ્યા છે. પહેલાં આ હુમલાને એકલા લશ્કરનું કામ માનવામાં આવતું રહ્યું. રાણાનું ભારતની ચુંગાલમાં આવવાનું એક ઐતિહાસિક પાસું બીજું પણ છે. કેનેડાની નાગરિકતા મેળવતાં પહેલાં તે પાકિસ્તાની સેનાની મેડિકલ કોરમાં કેપ્ટન હતો. રાણાનો ભાઈ પણ પાકિસ્તાની ફોજમાં મનોવિજ્ઞાની છે. આ દૃષ્ટિકોણથી જોઈએ તો રાણા સંભવતઃ પાકિસ્તાની સેના સાથે જોડાયેલો એવો વ્યક્તિ છે, જે જમ્મુ-કાશ્મીરની બહાર થયેલા કોઈ આતંકવાદી હુમલા મામલે ભારતના હાથમાં ચડ્યો છે.

રાણા અને મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાં એક પાકિસ્તાની મૂળનો અમેરિકી નાગરિક દાઉદ ગિલાની ઉર્ફે ડેવિડ કોલમેન હેડલી લશ્કર સાથે સાથે અલકાયદાના આતંકી ઈલિયાસ કાશ્મીરી માટે પણ કામ કરી રહ્યો હતો. ઈલિયાસ પણ રાણાની જેમ પાકિસ્તાની ફોજમાં રહી ચૂક્યો હતો. એક ભારતીય સૈનિકનું માથું કાપવા બદલ જનરલ પરવેઝ મુશર્રફે તેને સન્માનિત પણ કર્યો હતો. પાકિસ્તાનમાં બેસીને મુંબઈ હુમલાનું સંચાલન કરનારો મેજર ઈકબાલ પણ પાકિસ્તાની ફોજનો જ અધિકારી છે. આ દર્શાવે છેકે ખુદ પાકિસ્તાની ફોજ આતંકી પેદા કરવાની ફેક્ટરી છે, બલ્કે તેમાં અને લ શ્કર અને જૈશ જેવા આતંકી સંગઠનોમાં કોઈ અંતર નથી. આ એ આખ્યાનને ધ્વસ્ત કરે છે, જે ભારતમાં અમનની આશા ટોળકી અને બોલિવુડ ફિલ્મો દ્વારા પ્રસ્તુત કરાતું રહ્યું છે કે પાકિસ્તાનમાં આતંકી સંગઠનો ફોજનું સાંભળતાં નથી! હવે રાણા દ્વારા ભારતને પાકિસ્તાન પ્રાયોજિત આતંક વિરુદ્ધ નિર્ણાયક કાર્યવાહી કરવી જોઈએ.

પાકિસ્તાનનો ભારત વિરુદ્ધ જેહાદી આતંકવાદનો ઉપયોગ હવે પરોક્ષ યુદ્ધનો મામલો નથી રહી જતો. ૨૬/૧૧ હુમલો પાકિસ્તાની ફોજ દ્વારા ભારત પર સીધો હુમલો હતો, જેમાં પાકિસ્તાની ફોજના પૂર્વ અને તત્કાલીન સૈન્ય અધિકારીઓની સંડોવણી હતી. રાણા અને હેડલી બંને પાકિસ્તાની સેનાના હસન અબ્દાલ કેડેટ કોલેજમાં સાથે જ ભણ્યા. તેમનો સંબંધ પણ સંપન્ન પરિવારો સાથે રહ્યો. હેડલીના પિતા રાજદ્વારી હતા. રાણા ઈમિગ્રેશન એજન્સી સંચાલનની સાથે અમેરિકામાં હલાલ કતલખાનું પણ ચલાવતો હતો. આ હલાલ અર્થતંત્ર અને જેહાદી આતંકવાદ વચ્ચેના સંબંધને પણ રેખાંકિત કરે છે.મુંબઈ હુમલાને લઈને ભારતની અંદરથી પણ આંતકીઓને સહાયતા મળવાની શંકા વ્યક્ત કરાતી રહી, પરંતુ હજુ સુધી તેના કોઈ પુરાવા નહોતા મળ્યા, કારણ કે કોઈ મુખ્ય કાવતરાખોર પકડાયો ન હતો. અજમલ કસાબ તો એક પ્યાદું જ હતું. એ તપાસનો વિષય છે કે પાકિસ્તાની ફોજમાં કામ કરી ચૂકેલો રાણા જેવો વ્યક્તિ મુંબઈમાં ઈમિગ્રેશન એજન્સી ચલાવવા જેવું સંવેદનશીલ કામ કેવી રીતે શરૂ કરી શક્યો? આ સવાલ એટલા માટે વધુ શંકા પેદા કરે છે, કારણ કે મુંબઈ હુમલો કરનારા આતંકીઓએ હાથમાં નાડાછડી બાંધેલી હતી અને હુમલાની તપાસ પૂરી થતાં પહેલાં જ ભારતમાં કહેવાતા સેક્યુલર નેતાઓએ તેની પાછળ હિંદુ સંગઠનોનો હાથ ગણાવવાનું શરૂ કરી દીધું હતું. શું આ પહેલેથી તૈયાર પટકથા અનુસાર થયું હતું? જો કસાબ જીવતો ન પકડાયો હોત તો એ નક્કી હતું કે આ આખા આતંકી હુમલાનો આરોપ હિંદુ સંગઠનો પર લગાવી દેવામાં આવ્યો હોત.મુંબઈ હુમલામાં અમેરિકી એજન્સીઓની ભૂમિકા પણ ઓછી શંકાસ્પદ ન હતી. રાણાનો સાથી હેડલી અમેરિકાની એન્ટી-નારકોટિક્સ એજન્સી ડીઈએનો બાતમીદાર રહ્યો હતો. ૯/૧૧ હુમલા બાદ અમેરિકી ગુપ્તચર એજન્સીઓએ એક વાર ફરીથી હેડલીની મદદ પાકિસ્તાની આતંકી સંગઠનોમાં ગુપ્ત ઘૂસણખોરી માટે માગી, પરંતુ તે એ જ આતંકી સંગઠનો માટે કામ કરતો રહ્યો. તેણે પાકિસ્તાનમાં આતંકી કેમ્પોની મુલાકાત લીધી અને આતંકી ટ્રેનિંગ પણ લીધી. હવે તેના પૂરતા પુરાવા સામે આવી ચૂક્યા છે કે એક સમયે અમેરિકી ગુપ્તચર એજન્સીઓને હેડલીની આ આતંકી ગતિવિધિઓની ગંધ આવી ચૂકી હતી અને તેણે ફોન-ઈમેલને પણ નજર હેઠળ રાખ્યા હતા. આ બધું જાણવા છતાં પણ અમેરિકાએ તેની બાતમી ભારતીય સુરક્ષા એજન્સીઓને આપી નહીં એ હેડલી ભારતના પ્રવાસ કરતો રહ્યો. ૨૬/૧૧ હુમલો થવા છતાં પણ અમેરિકી સરકારે ચૂપકિદી જ સાધી રાખી. હેડલીને એટલી હદે સંરક્ષણ પ્રાપ્ત હતું કે તેની પત્નીએ પણ આતંકી ગતિવિધિઓમાં તેની સંડોવણીની માહિતી અમેરિકી એજન્સીઓને આપી, છતાં પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવી. જ્યારે રાણા, હેડલી અને લશ્કરે ડેનમાર્કમાં આતંકી હુમલાનું ષડયંત્ર રચ્યું, ત્યારે તેમને હુમલા પહેલાં જ અમેરિકી એજન્સીઓએ ઝડપી લીધા. આવું મુંબઈ હુમલા પહેલાં પણ કરી શકાય તેમ હતું, પરંતુ સંભવતઃ અશ્વેત ભારતીયોની જિંદગીઓની કિંમત અમેરિકી સરકારની નજરમાં એટલી ન હતી, જેટલી ડેનમાર્કના નાગરિકોની.અમેરિકા દ્વારા બધું જ જાણવા છતાં પણ મુંબઈના આરોપીઓને લઈને તેની ઠાગાઠૈયાની નીતિ કઠે તેવી હતી. હવે રાષ્ટ્રપતિ ટ્રમ્પે પાછલી સરકારોની નીતિને પલટી દેતાં રાણાને સોંપીને ભારતની નારાજગી દૂર કરવાની કોશિશ કરી છે, પરંતુ આ મામલે ન્યાય ત્યાં સુધી પૂરો નહીં થાય જ્યાં સુધી હેડલીને પણ અમેરિકા ભારતને હવાલે નથી કરતું. જોકે રાણા પર યુરોપમાં પણ આતંકી હુમલાનું કાવતરું રચવાનો આરોપ રહ્યો છે, તેથી આખા વિશ્વની નજરો આ કેસની કાનૂની કાર્યવાહી પર રહેશે. આ ભારતીય ન્યાય વ્યવસ્થાની સક્ષમતાની પણ પરીક્ષા છે. સરકારે ધ્યાન આપવું પડશે કે રાણા ભારતમાં દંડ પ્રક્રિયા કાયદામાં આવેલા બદલાવોને કારણે પેદા થયેલ કોઈ પેચીદગીનો લાભ ન ઉઠાવી જાય.

### ઝઘડા છે પણ મહારાષ્ટ્રના હિતમાં આ બધી જ બાબતો ખૂબ જ નાની છે.

# રાજ-ઉદ્ધવ હાથ મિલાવે તો બંને ફાયદામાં રહેશે

### મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વરસોથી લોકસભાની ચૂંટણી લડે છે

મહારાષ્ટ્રમાં શિવસેનામાં ભંગાણ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર પછી ઉદ્ધવ ઠાકરે પોતાના રાજકીય અસ્તિત્વ માટે લડાઈ લડી રહ્યા છે ત્યારે ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ રાજ ઠાકરે હાથ મિલાવે એવા સંકેત રાજ ઠાકરેએ આપ્યા છે. રાજ ઠાકરે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (ખગજ)ના પ્રમુખ છે પણ મનસેનું પણ કોઈ રાજકીય વજન નથી.આ સંજોગોમાં આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા કરીને રાજ અને ઉદ્ધવ એક થઈ જાય એવા સંકેત ખુદ રાજ ઠાકરેએ આપ્યો છે.

એક યુ-ટ્યુબ ચેનલને આપેલી મુલાકાતમાં રાજ ઠાકરેએ દાવો કર્યો કે, ઉદ્ધવ સાથે તેમને રાજકીય મતભેદો છે, વિવાદો છે, ઝઘડા છે પણ મહારાષ્ટ્રના હિતમાં આ બધી જ બાબતો ખૂબ જ નાની છે. મહારાષ્ટ્ર અને મરાઠી લોકોના હિત માટે સાથે થવામાં કોઈ મુશ્કેલી નથી. મહારાષ્ટ્રના હિતના કોઈપણ મોટા ધ્યેય સામે અમારી વચ્ચેના ઝઘડા નાના છે. રાજ ઠાકરેના કહેવા પ્રમાણે, એ શિવસેનામાં હતા ત્યારે પણ તેમને ઉદ્ધવ સાથે કામ કરવામાં કોઈ વાંધો નહોતો.

રાજ ઠાકરેએ પોતે ઉદ્ધવ સાથે હાથ મિલાવશે કે નહીં તેનો નિર્ણય ઉદ્ધવ પર છોડીને એમ પણ કહ્યું કે, હવે સવાલ એ છે કે, સામેની વ્યક્તિ એટલે કે ઉદ્ધવ હું તેની સાથે કામ કરું કે નહીં એવું ઈચ્છે છે કે નહીં તેનો છે. બાકી હું તો ક્યારેય આવી નાની નાની બાબતોમાં મારો અહંકાર લાવતો નથી. ઉદ્ધવે પણ રાજ ઠાકરે જેવો જ સૂર કાઢ્યો છે ને કહ્યું છે કે, રાજ સાથે મારા તરફથી ક્યારેય કોઈ ઝઘડો થયો નથી. ઉદ્ધવ ઠાકરેએ પોતે રાજ ઠાકરે સાથે હાથ મિલાવવા તૈયાર છે એવું ફોડ પાડીને કહ્યું નથી પણ હાથ નહીં મિલાવે એવું પણ કહ્યું નથી. બલ્કે ઉદ્ધવ ઠાકરેનો સૂર પણ હકારાત્મક છે એ જોતાં બંને ભેગા થઈ જાય તો નવાઈ નહીં લાગે.

જો કે રાજકારણીઓ જાહેરમાં બોલે છે એ રીતે વર્તે એ જરૂરી નથી. રાજ અને ઉદ્ધવ બંનેને આ વાત લાગુ પડે છે. બંને જાહેરમાં કોઈ ઝગડો નથી એવું કહ્યા કરતા હોય પણ અંદરખાને એકબીજા માટે કડવાશ ભરીને બેઠા હોય એવું બને. આ સંજોગોમાં બંને સાથે ના થાય ત્યાં સુધી કંઈ પણ કહેવું વહેલું કહેવાય પણ બંને હાથ મિલાવી લે તો બંને ફાયદામાં રહેશે તેમાં બેમત નથી. રાજકીય રીતે અત્યારે ઉદ્ધવની શિવસેના અને મનસે બંને આઈસીયુમાં જ છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં રાજ ઠાકરેની મનસે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના એ બંને પક્ષોનું પ્રદર્શન ખૂબ જ ખરાબ હતું. ઉદ્ધવની શિવસેનાને મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ફક્ત ૨૦ બેઠક મળી જ્યારે રાજ ઠાકરેની મનસેનું તો ખાતું પણ ખૂલ્યું ન હતું. લોકસભામાં ઉદ્ધવની શિવસેના પાસે ૯ સાંસદ છે તેથી રાજ ઠાકરે કરતાં ઉદ્ધવ ચોક્કસ મજબૂત સ્થિતિમાં કહેવાય પણ સત્તા વિનાની તાકાતનો બહુ અર્થ નથી એ જોતાં કોઈની સ્થિતિ વખાણવા જેવી નથી જ.રાજ ઠાકરેએ એક જમાનામાં મહારાષ્ટ્રમાં નિર્ણાયક રાજકીય પરિબળ બનવાની આશા ઊભી કરેલી પણ ગાજ્યા મેઘ વરસ્યા નથી. રાજ ઠાકરેએ ૨૦૦૬ માં શિવસેનાથી અલગ થઈને નવા પક્ષ મહારાષ્ટ્રના નવનિર્માણ સેનાની સ્થાપના કરી હતી. ૯ માર્ચ ૨૦૦૬ના રોજ શિવાજી પાર્ક ખાતે રાજ ઠાકરેએ તેમના પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (ખગજ)ની જાહેરાત કરી ત્યારે મનસેને 'મરાઠી માનુષીઓની પાર્ટી' ગણાવીને કહ્યું હતું કે આ પાર્ટી એક દિવસ મહારાષ્ટ્ર પર શાસન કરશે. રાજ ઠાકરેની પાર્ટીને ૧૯ વર્ષ થઈ ગયાં પણ આ ૧૯ વર્ષમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સત્તા મેળવવાની વત તો છોડો પણ સત્તાની નજીક પણ નથી પહેંચી, બલ્કે નામશેષ થઈને રહી ગઈ છે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વરસોથી લોકસભાની ચૂંટણી લડે છે પણ અત્યાર સુધીમાં લોકસભામાં એક પણ ઉમેદવાર ચૂંટાયો નથી. ૨૦૦૯માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પહેલી વાર લડી ત્યારે તેનો દેખાવ શાનદાર હતો. રાજ ઠાકરેની મનસેએ ૧૩ બેઠકો જીતી હતી અને ૨૪ વિધાનસભા મતવિસ્તારમાં રાજ ઠાકરેનો પક્ષ બીજા ક્રમે હતો. રાજનો પ્રભાવ પહેલા જ ધડાકે ૩૭ વિધાનસભા બેઠકો પર વર્તાયેલો અને ત્યારે લાગતું હતું કે, ભવિષ્યમાં રાજ ઠાકરેની પાર્ટી સત્તામાં આવી શકે છે.આ આશા ઠગારી નિવડી અને શાનદાર શરૂઆત પછી રાજ ઠાકરેની મનસેની અધોગતિ થઈ. વિધાનસભામાં સતત બેઠકો ઘટતી રહી ને ઝીરો પર આવી ગઈ. શાનદાર શરૂઆત પછી બીજો કોઈ પક્ષ હોય તો પોતાની સ્થિતિ મજબૂત કરીને આગળ વધે પણ મનસે પાછળ પડતી ગઈ. ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની બેઠકો ઘટીને માત્ર ૨ થઈ ગઈ હતી.મનસે સ્થાનિક રાજકારણમાં પણ કોઈ છાપ છોડી શકી નથી. મનસેએ ૨૦૧૨માં નાસિક મહાનગરપાલિકામાં શાનદાર શરૂઆત કરી હતી. મનસેને નાસિક મનપાની ૧૨૨માંથી ૪૦ બેઠકો મળી હતી પણ ૨૦૧૭માં એમએનએસની બેઠકો ઘટીને ૫ થઈ ગઈ અને અત્યારે મનસે ક્યાંય ચિત્રમાં જ નથી. ૨૦૧૨માં મુંબઈ મહાનગરપાલિકામાં મનસેએ ૨૭ બેઠકો જીતી હતી જે ૨૦૧૭માં ઘટીને સાત થઈ ગઈ હતી. આ સાતમાંથી છ કોર્પોરેટરો શિવસેનામાં જોડાઈ જતાં માત્ર એક કોર્પોરેટર બચ્યો હતો. વિધાનસભામાં મનસે પાસે અત્યારે કોઈ પ્રતિનિધિત્વ નથી તેથી મનસે માત્ર કાગળ પરની પાર્ટી છે.

અત્યારે સ્થિતિ એ છે કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાસે સંગઠન નથી કે મજબૂત નેતા નથી. રાજ ઠાકરે નિવેદનો ફટકારીને પોતાનું રાજકારણ ચલાવ્યા કરે છે અને ચર્ચામાં રહે છે. રાજ ઠાકરે હજુય મીડિયાને આકર્ષે છે પણ મતદારોને આકર્ષી શકતા નથી. ભાજપ સહિતના પક્ષોના નેતા વચ્ચે વચ્ચે રાજ ઠાકરેને મળી આવે છે પણ તેમની કોઈ ઉપયોગિતા નથી તેથી કોઈને જોડાણમાં રસ પડતો નથી. રાજ ઠાકરેએ હિંદુત્વનો નાદ જગાવીને જોયો, મરાઠી માનુષીની વાત પણ કરી લીધી ને મોદીનાં વખાણ પણ કરી નાખ્યાં છતાં રાજકીય પ્રભાવ ઊભો થતો નથી. બલ્કે થોડાંક વરસોમાં તેમનું રાજકીય અસ્તિત્વ જ મટી જાય એવો ખતરો છે.

આ સ્થિતિ આવે એ પહેલાં ઉદ્ધવ સાથે હાથ મિલાવી લે તો કમ કે કમ ભવિષ્યની પેઢી માટે તો રાજકીય પ્લેટફોર્મ તૈયાર કરી શકશે. ઉદ્ધવની શિવસેના ભાંગી ભાંગી તોય ભરૂચ છે. તેની પાસે હજુ થોડું સંગઠન છે ને વફાદાર મતબેંક પણ છે તેથી રાજ ઠાકરે ફાયદામાં રહેશે.

### દેખીતું છે કે તેનું એક કારણ જાણકારીનો અભાવ છે

# ક્યાંક દવાઓ બીમાર ન કરી દે

### દવાોના સેવન વિશે જાહેરાત અને જાગરુકતા અભિયાન તો ચાલતા રહે છે, પરંતુ તેના નિકાલને લઈને જાણકારીનો અભાવ છે

બીમારીની સારવાર કરાવવા સુધી તો દવા અમૃત છે, પરંતુ એક્સપાયરી ડેટ પાર થવા કે જરૂરિયાત કરતાં વધારે ખરીદી લેવાની અવસ્થામાં તેના નિકાલની હાલની પ્રક્રિયા માત્ર પર્યાવરણને જ નહીં, પરંતુ લોકોને પણ પ્રભાવિત કરે છે. સામાન્ય રીતે ભારતમાં ડોક્ટરની સલાહ વગર દવાઓ ખરીદવાનું ચલમ છે. થોડી દવા લીધા બાદ લાભ થતાં દવા લેવાનું બંધ કરી દેવું સામાન્ય ચલણ છે. લોકોને એવો અહેસાસ પણ નથી થતો કે બિનઉપયોગી દવાને કચરો સમજીને ફેંકી દેવાથી કેવા દુષ્પ્રભાવો થઈ શકે છે. આ એક ગંભીર સસ્યા છે, જેમાં સતત વધારો થઈ રહ્યો છે.

દેખીતું છે કે તેનું એક કારણ જાણકારીનો અભાવ છે, પરંતુ દવા કંપનીી દ્વારા કરાતી પેકિંગ નીતિ પણ તેના માટે ઓછી દોષી નથી. એક સર્વે અનુસાર ઘરે ભેગી થતી દવાઓમાં લગભગ ૩૦ ટકા દવાઓ દર્દશામક, ૧૭ ટકા વિટામિન અને ૧૧ ટકા મલમ કે અન્ય ગોળીઓ જોવા મળે છે, જે બિનઉપયોગી થયા બાદ તેને ફેંકી દેવામાં આવે છે. એક અન્ય સર્વે અનુસાર, ભારતમાં દરેક ઘરમાંતી ૧૦ થી ૭૦ ટકા બિનઉપયોગી અને એક્સપાયરી ડેટ વટાવી ચૂકેલી દવાઓ ફેંકી દેવામાં આવે છે. તેમાં પણ લગભગ ત્રીજા ભાગના ઘરોમાં તો છેલ્લા ત્રણ વર્ષોમાં ખરીદવામાં આવેલી લગભગ ૭૦ ટકા દવાઓને કચરામાં નિકાલ કરી દેવામાં આવી.

દવાોના સેવન વિશે જાહેરાત અને જાગરુકતા અભિયાન તો ચાલતા રહે છે, પરંતુ તેના નિકાલને લઈને જાણકારીનો અભાવ છે. ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે દવાઓના નિર્માણમાં અનેક રાસાયણિક પદાર્થોની સાથે જીવાંશ જેમ કે હોર્મોન્સ, હેપેરિન, ઇન્સ્યુલિન જેવા પદાર્થો પણ ભેળવવામાં આવે છે. કેટલીક કેપ્સ્યૂલ છોડથી ઉત્પન્ન સ્ટાર્ચ વગેરેથી બને છે, તો મોટી માત્રામાં કેપ્સ્યૂલનું નિર્માણ જીવોની ત્વચા, હાડકાં અને અન્ય પેશીઓથી બનેલ જીલેટીન દ્વારા કરવામાં આવે છે. તેના સિવાય નિર્માણની પ્રક્રિયામાં બીજા પણ કેટલાય પ્રકારના જીવોથી ઉત્પન્ન અવયવ ઉપયોગમાં લેવામાં આવે છે.

દવાઓના નિર્માણમાં લાગેલા આ રસાયણો અને જૈવિક અંશ શારીરિક ક્રિયાને પ્રભાવિત કરવામાં સંપૂર્ણપણે સક્ષમ હોય છે. આ દવાઓ બીમારીના સમયે તો શરીરને રાહત પહોંચાડે છે, પરંતુ કોઈ પરામર્શ વગર સેવન નવી જ વિકૃતિઓને આમંત્રણ આપે છે. આ જ પ્રકારે દવાઓની એક્સપાયરી ડેટ વીતી ગયા બાદ તેમાં આવેલા બદલાવ અને વિઘટનને કારણે સેવન કરતાં નુક્સાનની આશંકા પ્રબળ થઈ જાય છે. એમ તો દવાઓનો ઉપભોગ માત્ર ચિકિત્સકિય પરામર્શના આધીન જ થવો જોઈએ, પરંતુ વેચાણ પર અંકુશ નહીં હોવાને કારણે તે સહજ રીતે ઉપલબ્ધ થઈ જાય છે. હાલના દોરમાં જ્યારે ઓનલાઇન દવાઓ ઘરમાં સુલભ થઈ રહી છે, જેનાથી નિયમ-કાયદાના ખુલ્લેઆમ ધજાગરા ઊડી રહ્યા છે, કારણ કે આ પ્લેટફોર્મ પરથી કોઈ ડોક્ટરની ચિઠ્ઠીની તપાસ કર્યા વગર માત્ર ટેલિફોનિક વેરિફિકેશનના આધારે દવાઓ ઉપલબ્ધ કરાવી દેવાય છે.

દવાઓ જ્યાં એક તરફ બિનજરૂરી ઉપયોગને કારણે માનવને નુક્સાન પહોંચાડે છે, ત્યાં જ તેના અવૈજ્ઞાનિક નિકાલથી જમીન, જળ અને વાયુ પણ પ્રદૂષિત થયા વિના રહેતા નથી. સામાન્ય કચરાની સાથે નિકાલની અવસ્થામાં આ દવાઓ રાસાયણિક પ્રવૃત્તિને કારણે કચરા અને જમીનમાં વ્યાપક પરિવર્તન લાવવાની સાથે કચરાથી પેદા થયેલ મૃદા કે ખાતરના માધ્યમથી વાનસ્પતિકીને પણ પ્રભાવિત કરે છે. આ નિકાલની પ્રક્રિયામાં જીવજંતુઓ અને પશુપક્ષીઓ દ્વારા પણ નિકાલ કરાયેલી દવા ગ્રહણ કરી લેવાય છે, પરિણામે તેમનામાં જૈવિક પરિવર્તન અને વિકાર (મ્યૂટેશન) થવો પણ જોવા મળે છે. જૈવિક પરિવર્તનથી ગ્રસિત પશુ-પક્ષીઓનો માનવ દ્વારા ભક્ષણ કરવામાં આવતાં માનવનું સ્વાસ્થ્ય પણ પ્રભાવિત થાય છે, જે ભવિષ્ય માટે એક ગંભીરઆશંકાને જન્મ આપે છે.એ પણ જોવા મળ્યું છે કે કેટલીક દવાઓ જ્યાં પોતાની નિર્ધારિત અવધિમાં એક બીમારીની સારવાર કરે છે, ત્યાં જ અવધિ પાર થતાં તે વિઘટતિ થઈને તેને સમકક્ષ બીજી બીમારીનું કારણ બની જાય છે. આ જ પ્રકારે અનેક દવાઓ અવધિ પાર થતાં જ વિષાક્ત પદાર્થોમાં તબદીલ થઈ જાય છે. એટલે જરૂરિયાત એ વાતની છે કે દવાઓનો માત્ર તર્કસંગત ઉપયોગ તો કરવો જ જોઈએ, પરંતુ તેનો નિકાલ પણ યોગ્ય રીતે કરવો જોઈએ. દુર્ભાગ્યે હજુ તેના માટે સરકારી કે બિનસરકારી સ્તર પર પહેલ નથી થઈ રહી. પહેલાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા દવા બેંકનું ઘણું પ્રચલન હતું, જ્યાં વધેલી દવાઓનો સદુપયોગ સુનિશ્ચિત કરવામાં આવતો હતો. નિર્માતાઓ, વિક્રેતાઓ પર નિયંત્રણની સાથે ગ્રાહકોના સ્તર પર પણ વ્યવહાર પરિવર્તન સુનિશ્ચિત કરવાની જરૂર છે. દવાઓ માત્ર ડોક્ટરી પરામર્શથી જ લેવી જોઈએ, નિર્ધારિત પૂર્ણ ડોઝ લેવો જોઈએ અને ઉપયોગ બાદ વધેલી દવાઓ, જો દવા બેંક જેવી વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય, તો તેને હોસ્પિટલના જૈવિક કચરાની સાથે ઉચ્ચ તાપમાન પર બાળવા માટે મોકલી દેવી જોઈએ.






## બેબી બમ્પ સાથે મેટ ગાલામાં જનારી પ્રથમ સ્ટાર કિઆરા નથી

# કેટલીક એવી સેલેબ્રિટી વિશે જાણીએ જેમની બેબી બમ્પ મોમેન્ટ્સ યાદગાર બની રહી

મૅટ ગાલા એ સૌથી ક્રિએટિવ અને બોલ્ડ ફેશન તેમજ આર્ટીસ્ટીક ડ્રેસિંગ માટે દુનિયાભરમાં જાણીતી ઈવેન્ટ છે. આ ૫ મેએ ફરી આ ઈવેન્ટ થવા જઈ રહી છે. આ વખતે મૅટ ગાલાની થીમ 'સુપરફાઈન: ટેઈલરિંગ બ્લૅક સ્ટાઈલ' છે. જેમાં આ વર્ષે કિઆરા અડવાણીને મૅટ ગાલામાં આમંત્રણ મળ્યું છે, તે પ્રેગનન્ટ હોવાની પણ જાહેરાત કરી ચૂકી છે. તેથી આ વખતે તે પહેલી વખત મૅટ ગાલામાં બૅબી બમ્પ સાથે જોવા મળશે એવી ચર્ચા છે. ત્યારે રસપ્રદ વાત એ પણ છે કે તે આવું કરનારી કોઈ પહેલી સેલેબ્રિટી નથી. મૅટ ગાલામાં આ પહેલાં પણ એવી કેટલીક યાદગાર ક્ષણો રહી છે, જ્યારે કેટલીક સેલેબ્રિટી બૅબી બમ્પ સાથે હાજર રહી છે.

### રિહાના

૨૦૨૩ના મૅટ ગાલામાં રિહાનાએ બૅબી બમ્પ સાથે ગ્રાન્ડ એન્ટ્રી કરી હતી. જેમાં તેણે વ્હાઈટ વેલેન્ટિનો ગાઉન પહેર્યું હતું, જેના પર ફૂલોની ડિઝાઈન બનાવવામાં આવી હતી. તેણે ખાસ પોતાનું પેટ સારી રીતે દેખાઈ શકે, તે મુજબ આ ગાઉનમાં ફેરફાર પણ કરાવ્યા હતા. એ વખતના મૅટ ગાલામાં રિહાનાનો દેખાવ અને ડ્રેસ ઘણા ચર્ચામાં રહ્યાં હતાં.

### એમિલી બ્લન્ટ

એમિલી બ્લન્ટ ૨૦૧૬માં મૅટ ગાલામાં આવી ત્યારે તે બીજી વખત પ્રેગનન્ટ હતી. તેણે આ ઈવેન્ટમાં એક સુંદર મિડનાઈટ બ્લૂ માઈકલ કોર્સ ગાઉન પહેર્યું હતું. આ ફિટેડ ગાઉનમાં તેના પેટનો આકાર સુંદર રીતે દેખાતો હતો. તેનો લૂક જેટલો સોફેસ્ટિકેટેડ હતો એટલો જ ગ્લેમરસ પણ હતો. તે બધાં કરતાં અલગ અને સુંદર દેખાઈ આવતી હતી.

### કેટ હડસન

કેટ હડસને ૨૦૧૧ના મૅટ ગાલામાં રીગલ એન્ટ્રી કરી હતી, જેમાં તેણે ડિઝાઈનર એલેક્ઝાન્ડર મેકક્વીને ડિઝાઈન કરેલો સાટીન સિલ્ક પ્રકારનો એક બીડેડ ટોપ સાથેનો ડ્રેસ પહેર્યો હતો. તેનાથી જાણે મેટરનિટી ફેશનનો નવો દોર શરૂ થયો હોય એવો એ લૂક ચર્ચામાં હતો.

### સેરેના વિલિય્સ

ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સ પ્રેગનન્સી દરમિયાન ટેનિસ ટુર્નામેન્ટ પણ રમતી હતી, તો મૅટ ગાલા તેના માટે સરળ કામ હતું. ૨૦૨૩માં તેણે મૅટ ગાલામાં બ્લૅક ગાઉનમાં એન્ટ્રી કરી હતી. તેણે એક એવો ડ્રેસ પહેર્યો હતો જેમાં તેનો બમ્પ સુંદર રીતે દેખાય. તે બીજી વખત પ્રેગનન્ટ હતી, ત્યારે તેણે ડીપ નેક અને કફ લિંક સ્લીવ્ઝ વાળો ડ્રેસ પહેર્યો હતો.

### કાર્લી બી

કાર્લી બીએ ૨૦૧૮માં મૅટ ગાલામાં ડેબ્યુ કર્યું હતું. તેણે એક લેવિશ મોશીનો ગાઉન પહેર્યું હતું, જે જેરેમી સ્કોટ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું. આ બીડેડ સ્લિક ગાઉન સાથે તેણે તાજ પહેરીને રોયલ લૂકમાં એન્ટ્રી કરી હતી. તેણે આ ગાઉન દ્વારા પોતાની મધરહૂડની સફર દર્શાવી શકે એ હેતુથી પહેર્યું હતું.

કાર્લી ક્લોસ

સુપર મોડેલ કાર્લી ક્લોસ પણ ૨૦૨૩માં બ્લૅક ગાઉનમાં બૅબી બમ્પ સાથે મૅટ ગાલામાં હાજરી આપી હતી. તેણે લોવીનું ફ્લોર લેન્થ ફૂલ સ્લીવ ગાઉન પહેર્યું હતું. તેમાં એવી પ્રિન્ટ કરવામાં આવી હતી, જે તેના પર્લ નેકલેસ જેવી જ દેખાતી હતી. સાથે તેણે એક એવો બેલ્ટ પહેર્યો હતો, જેનાથી તેનો બૅબી બમ્પ ક્લીઅર દેખાઈ શકે.

# આમિર ખાન પોતાનો ડ્રીમ રોલ રાજકુમાર રાવને ઓફર કરી શકે



## મુંબઈના જાણીતા સરકારી વકીલ ઉજ્જવલ નિકમની બાયોપિકમાં આમિર ખાન એક્ટિંગના બદલે માત્ર પ્રોડક્શન પર ધ્યાન આપશે

મુંબઈના જાણીતા સરકારી વકીલ ઉજ્જવલ નિકમના પર બાયોપિક બનાવવા આમિર ખાન ઘણાં વર્ષોથી મહેનત કરી રહ્યા હતા. આમિર ખાને પ્રોડ્યુસર તરીકે આ ફિલ્મ બનાવવાનું વિચાર્યું હતું. આમિરે સ્ક્રિપ્ટ ફાઈનલ કરવા માટે ઘણી મહેનત કરી હતી અને લીડ રોલ કરવાની પણ તેમની ઈચ્છા હતી. આમિરે અગાઉ પણ પ્રોડક્શનની સાથે લીડ એક્ટરની જવાબદારી લીધેલી છે. આમિર ખાને લાંબી મથામણ પછી આ ફિલ્મનું પ્રોડક્શન શરૂ કરવા તૈયારી હાથ ધરી છે, પરંતુ આ વખતે લીડ રોલમાં પોતે રહેવાના બદલે અન્ય દમદાર એક્ટરને ચાન્સ આપવાનું વિચાર્યું છે. રિપોર્ટ્સ મુજબ, આમિરને ઉજ્જવલ નિકમના લીડ રોલ માટે પોતાના જેવો જ કમિટેડ એક્ટર જોઈતો હતો અને તેમની નજર રાજકુમાર રાવ પર ઠરી છે.

રિપોર્ટ્સ મુજબ, આમિર અને સમગ્ર ટીમને રાજકુમાર રાવમાં ક્ષમતા દેખાઈ છે. કોમ્પ્લેક્સ કેરેક્ટર અને ઈન્ટેન્સ ક્ટિંગ માટે રાજકુમાર રાવ જાણીતો છે અને નવી પેઢીના એક્ટર્સમાં તેની ટેલેન્ટ અલગ તરી આવે છે. રાજકુમાર રાવ હાલ વિક્રમાદિત્ય મોટવાનેની ફિલ્મમાં કામ કરી રહ્યો છે, જેમાં તેણે સ્પોર્ટ્સ પર્સનનો રોલ કર્યો છે. રાજકુમાર રાવને ધ્યાને રાખીને ફિલ્મની નેરેટિવ સ્ટાઈલમાં ફેરફાર કરવા માટે ટીમ મહેનત કરી રહી છે. ઉજ્જવલ નિકમના કેરેક્ટરને વધારે વાસ્તવિક અને વધારે બાહોશ બતાવવા માટે જરૂરી ફેરફાર થઈ રહ્યા છે. રાજકુમાર રાવનો લીડ રોલ હજુ ફાઈનલ થયો નથી, પરંતુ આમિર સાથેની વાતચીત પોઝિટિવ દિશામાં આગળ વધી છે. આ ફિલ્મમાં રાજકુમારની ડેટ્સ સાથે ઈમોશનલ એટેચમેન્ટ પણ જરૂરી છે અને તેથી આ બંને પાસાને ધ્યાને રાખી શીડ્યુલ ફાઈનલ કરવા બંને પક્ષ પ્રયાસ કરી રહ્યા છે.

આમિર ખાને કોરોના કાળ પહેલાથી ઉજ્જવલ નિકમની બાયોપિક બનાવવા તૈયારી શરૂ કરી હતી. આમિરે આપેલા ઈનપુટ્સના આધારે અનેક વખત ડ્રાફ્ટ્સ તૈયાર થયા હતા. આમિર ખાને પોતાને લીડ રોલ કરવાનો છે, તેમ વિચારીને જ સ્ક્રિપ્ટ ફાઈનલ કરી હતી. આમિર ખાન અને દિનેશ વિજાન ભેગા મળી ફિલ્મનું પ્રોડક્શન કરવાના છે. જો કે આમિર ખાનની ઈચ્છા હવે પ્રોડક્શન પર વધારે ધ્યાન આપવાની છે. આમિર ખાને લીડ રોલ માટે અન્ય એક્ટરને લેવાની વાત કર્યા પછી યોગ્ય વિકલ્પની શોધ શરૂ થઈ હતી. આમ, તો આ ફિલ્મને ૨૦૨૪ના છેલ્લા મહિનામાં ફ્લોર પર લઈ જવાનું આયોજન હતું. પરંતુ કાસ્ટ ફાઈનલ કરવામાં અને અન્ય પ્રોજેક્ટ ચાલી રહ્યા હોવાથી વિલંબ સર્જાયો છે. બાયોપિકમાં ઉજ્જવલ નિકમની કરિયરને દર્શાવવામાં આવશે. ૧૯૯૩ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ, ૨૦૦૮ મુંબઈ હુમલા અને ગુલશન કુમાર મર્ડર કેસ જેવા સંખ્યાબંધ ચકચારી કેસમાં ઉજ્જવલ નિકમે સરકારી વકીલ તરીકે સફળતા મેળવી છે. રેપ અને મર્ડરના સંવેદનશીલ કેસમાં પણ તેમણે ગુનેગારોને અપાવેલી છે.

# માર્કેટ અને ઓડિયન્સની અપેક્ષાઓમાં ફિલ્મનું વિઝન મર્યાદિત થઈ જાય છે : કમલ હસન



ફિલ્મ ડિરેક્ટર મણિ રત્નમ અને કમલ હસન ૩૮ વર્ષે 'ઠગ લાઈફ'માં સાથે કામ કરી રહ્યા છે, ત્યારે ચેન્નઈમાં આ ફિલ્મના મ્યુઝિક આલ્બમમાંથી પહેલાં સિંગલ લૉંચની ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં કમલ હસને તેમના મણિ રત્નમ સાથેના જૂના સંબંધો અને તેમની ફિલ્મો માટેની દૃષ્ટિ અને સપનાઓ વિશે વાત કરી હતી.

કમલ હસને કહ્યું, "હું તમને કહેવા માગું છું કે મારા અને મણિ સર વચ્ચે કશું બદલાયું નથી. અમે જ્યારે પણ મળીએ ત્યારે અમે એક જમાનામાં અલદમસ રોડ પર જે રીતે મોટરસાઈકલ પર બેસીને વાતો કરતા એ રીતે વાતો કરીએ છીએ. અમે જે પ્રકારની વાતો કરી છે, એનું માત્ર ૨૫ ટકા જ ફિલ્મોમાં ઉતારી શક્યા છીએ. તેમાં એક નાયાગાન છે અને બીજું ઠગ લાઈફ. અમારે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. કારણ કે અમને અમારા બધા જ સપનાઓ કોઈ ફિલ્મમાં વાસ્તવિક બનાવવાની તક જ મળી નથી. મને વિશ્વાસ છે કે ભવિષ્યમાં અમે એ કામ કરી શકીશું. અમે બહુ મોટા સપના જોઈએ છીએ પછી અમે માર્કેટ અને બજેટમાં બંધાઈ જઈએ છીએ. તેથી કેટલાંક વિચારો માટે અમારે પબ્લિક સામે ઝૂંકી જવું પડે છે."આગળ તેમણે મણિ રત્નમ સાથે ફિલ્મ કરવામાં લાંબો સમય વિતી જવા વિશે જણાવ્યું, "અમે આટલા સમય સુધી એકબીજા સાથે કામ ન કર્યું એ અમારી ભુલ છે. તમારા કારણે અમે આજે એકસાથે આવ્યા છીએ. કારણ કે ફિલ્મના બિઝનેસમાં લોકોને એમાં જ રસ છે કે તમારી ફિલ્મના નામ પણ કમાણીનાં ચોપડે કેટલી એન્ટ્રી પડે છે. અને ગણતરીઓમાં બધી શક્યતાઓ હોય છે. તે નફો કરી પણ શકે છે કે નુકસાની તરફ પણ જઈ શકે છે. પરંતુ આખરી નિર્ણય તો ઓડિયન્સ જ કરે છે, જેના માટે પ્રોડ્યુસર્સ, એક્ઝિબિટર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને બાકીના બધા કામ કરે છે. આ જ રીતે નવા કલાકાર શીખે છે."

મણિ રત્નમના સિદ્ધાંતો વિશે વાત કરતા કમલ હસને કહ્યું, "નાયાગાન વખતથી તેમની આ આદત રહી છે. એ ૬ વાગ્યાના શૂટ માટે ૫ વાગ્યે પહોંચી જશે. જો એમણે આજના સીન વિશે આખી રાત વિચાર કર્યો હશે તો આલાર્મ વિના જ આવી ગયા હશે, જ્યારે હું આ બધું જોઉં છું, મને બાલાચંદર સર યાદ આવે છે. તેઓ જાણે છે કે આ કેટલી મોટી સરાહના છે." આ ઉપરાંત કમલ હસને આ ઈવેન્ટમાં ફિલ્મની હિરોઈન અને અન્ય કલાકારો સાથેના સંબંધો, માહોલ અને એ.આર. રહેમાન સાથેના અનુભવો વિશે પણ વાત કરી હતી.

# રંગા-બિલ્લા મર્ડર કેસ પરની સિરીઝનું શૂટિંગ અલી અને સોનાલીએ શરુ કર્યું

## પાતાલ લોકના ડિરેક્ટર પ્રોશિત રોયે દિલ્હીમાં શૂટ શરૂ કર્યું




અલી ફઝલ અને સોનાલી બેન્દ્રે પહેલી વખત એક વેબ સિરીઝમાં સાથે કામ કરી રહ્યા છે, તેમણે દિલ્હીમાં તેનું શૂટિંગ શરૂ કરી દીધું છે, આ સિરીઝ પાતાલ લોકના ડિરેક્ટર પ્રોશિત રોય દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ સિરીઝ કુખ્યાત રંગા બિલ્લા મર્ડર કેસ પર આધારિત હશે, આ દિલ્હીના ઈતિહાસની સૌથી આઘાતજનક અને હાઈ પ્રોફાઈલ કેસ હતો, જેણે દિલ્હીના ઈતિહાસ અને ઓળખ બંનેને બદલી નાખ્યા હતા.

૧૯૭૮ના આ કેસમાં ગીતા અને સંજય ચોપરા નામના બે સગા ભાઈ બહેનના ક્રુર કિડનેપિંગ અને મર્ડરની વાત છે. આ બંને બાળકોને રંગા નામથી ઓળખાતા કુલજીત સિંઘ અને બિલ્લા તરીકે ઓળખાતા જસબિર સિંઘે ઉઠાવી લીધાં હતાં, ખરેખર તો તેમનો ઈરાદો પહેલાં માત્ર એક ગાડી ચોરવાનો હતો પરંતુ પાછળથી તેમને બાળકો પણ ગાડીમાં બેઠેલાં મળ્યાં તો તેમણે બાળકોને પણ ઉઠાવી લીધાં હતાં. આ કેસે સમગ્ર દેશને હચમચાવી દીધો હતો, તેનાથી સમગ્ર દેશની જનતામાં ખૌફ ફેલાયો હતો. આ જ ઘટનાથી કિડનેપિંગ અને બાળકોની સુરક્ષા સાથે સંકળાયેલા કાયદા વધુ કડક બન્યા હતા. આ સિરીઝમાં આ ગુનાની ઘટનાઓ, તેની અસરો એ વખતે જે લોકોએ આ ઘટનાની તપાસ કરી હતી, તે બધું જ સમાવી લેવામાં આવશે. સિરીઝના મેકર્સ દ્વારા હજુ ઓફિશિયલી આ સિરીઝની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો દ્વારા એવી માહિતી મળે છે કે તેમાં વાસ્તવિક ઘટનાઓને વળગી રહેવાની કોશિષ કરવામાં આવી છે.

એક સૂત્રના જણાવ્યા અનુસાર, મહિનાઓથી સિરીઝની ટીમ આ કેસ પર અભ્યાસ અને સંશોધન કરી રહી છે. આ મર્ડર કેસ દિલ્હીમાં બન્યો હોવાથી તેનું શૂટિંગ દિલ્હીમાં શરૂ કરવામાં આવ્યું છે. આ સિરીઝ સંવેદનશીલતા સાથે બનાવાશે અને તેમાં ખાસ તો વાત પર ધ્યાન આપવામાં આવશે કે આ કેસથી દિલ્હી પર કેટલી ઊંડી અસર થઈ હતી.

# એક દાયકા પછી ઇમરાન ખાનની વાપસી, ભૂમિ સાથે પહેલી ફિલ્મ

'જાને તું યા જાને ના' કે પછી 'બ્રેક કે બાદ' જેવી યાદગાર ફિલ્મમાં કામ કરી ચૂકેલો ચોકલેટી હિરો ઈમરાન ખાન દસ વર્ષે ફિલ્મમાં પાછો ફરી રહ્યો છે. છેલ્લાં કેટલાંક સમયથી તે ચર્ચામાં રહ્યો છે. ૨૦૧૫માં છેલ્લે તેની ફિલ્મ 'કટ્ટી બટ્ટી' રિલીઝ થઈ હતી. ત્યાર પછી તેણે ફિલ્મો સાથે સંબંધ પુરો કરી નાખ્યો હતો અને દસ વર્ષથી તે ફિલ્મોથી દૂર રહ્યો હતો. હવે તે ફિલ્મમાં પાછો ફરી રહ્યો છે અને નેટફ્લિક્સ માટે ભૂમિ પેડનેકર સાથે એક રોમકોમ માટે કામ શરૂ કર્યું છે.

શનિવારે તેનું શૂટ શરૂ થયું અને દસ વર્ષે તેણે ફિલ્મી કૅમેરાનો સામનો કર્યો હતો. આ ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી, ડેનિશ અસ્લમ આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થવાને બદલે ઓટીટી પર રિલીઝ થશે. ફિલ્મ જર્નાલિસ્ટ રાહુલ રાઉતે ક્લિપબોર્ડ સાથેની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તેણે કૅપ્શનમાં લખ્યું હતું, "ઈમરાન ખાન એક દાયકા પછી ફિલ્મમોમાં પાછો ફરે છે, તેણે મુંબઈમાં પોતાની કમબૅક ફિલ્મ માટે કામ શરૂ કરી દીધું છે. આ એક ગડબડ અને ધમાલભરી રોમેન્ટેક ડ્રામા ફિલ્મમાં ભૂમિ પેડનેકર અને ગુરફતેહ પિરઝાદા પણ હશે. બ્રેક કે બાદ ફિલ્મના ડિરેક્ટર દાનિશ અસ્લમ નેટફ્લિક્સ માટે આ ફિલ્મ ડિરેક્ટ કરશે."

ઓપન એર ફિલ્મ્સ, ૪૨ એફપીએસ અને ઈમરાન ખાન પ્રોડક્શન્સ દ્વારા આ




ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, ઈમરાનની કમબૅક ફિલ્મ એક હળવી અને મજાની ફિલ્મ છે, જેવી ફિલ્મમાં તેના ફૅન્સને ઈમરાનને જોવો ગમે છે.થોડાં વખત પહેલાં એક ઇન્ટરવ્યુમાં ઈમરાન ખાને પોતાની ફિલ્મી સફર અંગે વાત કરી હતી, તેણે કહ્યું, "જ્યારે કટ્ટી બટ્ટી ફ્લોપ ગઈ, તો મારે અમુક બાબતો સમજવી હતી. તેથી મેં થોડું પાછા જવાનું નક્કી કર્યું. છેલ્લાં ત્રણ વર્ષની સૌથી હિટ ફિલ્મ કઈ કઈ હતી? એ ફિલ્મમાં એવું શું હતું કે મારી સાથેનાં બીજા કલાકારોને સફળતા મળી હતી? મને એ ફિલ્મ ગમી હતી? જો મને એ ફિલ્મ ઓફર થઈ હોત તો શું હું એ ફિલ્મ સ્વીકારેત? એનો જવાબ હતો, ના. તેનાથી હું ઘણો સ્પષ્ટ થઈ ગયો. હું ઈચ્છતો હતો કે હું જે ફિલ્મમાં કામ કરું એ ફિલ્મ સફળ થાય."જ્યારે અન્ય એક ઈન્ટરવ્યુમાં ઈમરાને કહ્યું હતું, "હું ઘણા સમય સુધી દૂર રહ્યો છું. કામ કરતી વખતે ઘણા લોકો સાથે તમારો સંબંધ ઘણો મજબૂત થઈ જાય છે. પરંતુ તેમાં કેટલાંક લોકો પહેલાં તમારા સહકર્મી હોય છે અને તમારે તેમની સાથે સારું બનતું પણ હોય છે, પરંતુ એ તમારા નજીકના મિત્રો બની જાય એવું જરૂરી નથી. જે લોકો મિત્રો હતાં એ ત્યારે પણ સાથે હતાં અને આજે પણ છે. તેમાંથી એવા ડિરેક્ટર્સ પણ છે જેમની સાથે મેં કામ કર્યું છે. હું તેમની ફિલ્મ ન કરું તો પણ એ મારી સાથે જ છે." ઈમરાનની નવી ફિલ્મ ૨૦૨૬માં ઓટીટી પર રિલીઝ થશે.

# ગુજરાત ટાઈટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને ૩૯ રને હરાવ્યું



IPL ૨૦૨૫ની ૩૯મી લીગ મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૧૯૮ રન બનાવ્યા હતા. ગિલે ૯૦ રનની ઈનિંગ રમી. સાઈ સુદર્શને અડધી સદી ફટકારી. જવાબમાં કોલકાતા ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને માત્ર ૧૫૯ રન જ બનાવી શક્યું.

IPL ૨૦૨૫ ની ૩૯મી મેચમાં ગુજરાત ટાઈટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને ૩૯ રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કર્યા પછી, ગુજરાતે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૯૮ રન બનાવ્યા. જવાબમાં, KKR ટીમ ફક્ત ૧૫૯ રન જ બનાવી શકી. આઠ મેચમાં ગુજરાતનો આ છઠ્ઠો વિજય છે. ગુજરાતના બોલરો સામે KKRના યોદ્ધાઓ લાચાર હતા. રહેમાનુલ્લાહ ગુરબાઝ ૦૧, સુનીલ નારાયણ ૧૭, વેંકટેશ ઐયર ૧૯ બોલમાં ૧૪ રન, આન્દ્રે રસેલ ૧૫ બોલમાં ૨૧ રન, રમનદીપ સિંહ ૦૧ અને મોઈન અલી શૂન્ય રન બનાવીને આઉટ થયા હતા. ગુજરાત તરફથી પ્રસિદ્ધ કૃષ્ણા અને રાશિદ ખાને ૨-૨ વિકેટ લીધી હતી. જ્યારે સાઈ કિશોર, વોશિંગ્ટન સુંદર, ઈશાંત શર્મા અને મોહમ્મદ સિરાજે ૧-૧ વિકેટ લીધી છે.

# ઉત્સાહી લખનૌ સામે આજે મજબૂત દિલ્હી કેપિટલ્સનો મુકાબલો





ઈન્ડિયન પ્રીમીયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૫ની સિઝનમાં દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ હાલમાં દસ દસ પોઈન્ટ ધરાવે છે પરંતુ મેચની સંખ્યા અને નેટ રનરેટ બંનેને ઘણા દૂર કરી દે છે. એક તરફ દિલ્હી બીજા ક્રમે છે તો લખનૌ પાંચમા ક્રમે છે. જેનું કારણ એ છે કે અક્ષર પટેલની ટીમે સાત મેચમાંથી પાંચમાં વિજય હાંસલ કરીને ૦.૫૮૯નો નેટ રનરેટ હાંસલ કર્યો છે તો બીજી તરફ રિશભ પંતનું નેતૃત્વ ધરાવતી લખનૌની ટીમ આઠ મેચ રમી છે અને -૦.૦૮૮નો રેટ ધરાવે છે. હવે આ બંને ટીમ મંગળવારે આ સિઝનમાં બીજી વાર આમનેસામને થશે. આ વખતે મેચ નવાબોના શહેરમા રમાનારી છે જેનો પ્રારંભ સાંજે ૭.૩૦ કલાકે મેચનો થશે.લખનૌની ટીમ આ મેચ અગાઉ ઉત્સાહમાં છે અને ઉંચો આત્મવિશ્વાસ ધરાવે છે કેમ કે તેણે છેલ્લે રાજસ્થાન રોયલ્સે સામે બે રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. તેના કરતાં પણ તેણે આ મેચમાં પરાજયને વિજયમાં ફેરવી દીધો હતો. જ્યારે દિલ્હી કેપિટલ્સને તેની છેલ્લી મેચમાં અમદાવાદ ખાતે ગુજરાત ટાઈટન્સ સામે સાત વિકેટે કારમા પરાજયનો સામનો કરવો પડયો હતો. દિલ્હીએ વર્તમાન સિઝનની તેની પહેલી જ મેચમાં લખનૌને એક વિકેટે હરાવીને પોતાના અભિયાનનો પ્રારંભ કર્યો હતો. બીજી તરફ લખનૌ હાલમાં શાનદાર ફોર્મમાં છે કેમ કે તેણે પોતાની છેલ્લી પાંચમાંથી ચાર મેચમાં સફળતા હાંસલ કરી છે.દિલ્હી કેપિટલ્સને પ્રારંભમાં ઓપનિંગ જોડીની સમસ્યા હતી કેમ કે ફાફ ડુ પ્લેસિસ, જેક ફ્રેઝર-મેકગર્ક, અભિષેક પોરેલ અને છેલ્લે કરુણ નાયરની ટીમમાં એન્ટ્રી થઈ હતી. આમ છતાં છેલ્લી પાંચ મેચમાં તેઓ ત્રણ અલગ અલગ ઓપનિંગ જોડી સાથે રમ્યા છે અને તેમાં પહેલી વિકેટ માટેની ભાગીદારી ૨૩,૩૪,૦,૯,૦ જેવી સામાન્ય રહી છે. દિલ્હીની ટીમને ઈજાગ્રસ્તોની સમસ્યાનો પણ સામનો કરવો પડ્યો છે. ફાફ ડુ પ્લેસિસની ફિટનેસ પર નજર રાખવામાં આવી રહી છે અને કદાચ તે મંગળવારની મેચમાં રમે તેવી શક્યતા છે. જોકે દિલ્હીની બેટિંગને ખાસ તકલીફ પડી નથી કેમ કે મિડલ ઓર્ડરમાં તેઓ મજબૂત છે. અહીં કે એલ રાહુલ ટીમની બેટિંગની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી રહ્યો છે.જોકે આ વખતે દિલ્હી કેપિટલ્સને કદાચ મિડલ ઓર્ડરમાં મજબૂત પ્રતિકારનો સામનો કરવો પડશે કેમ કે હરીફ કેમ્પમાં દિગ્વેશ રથી, રવિ બિશ્નોઈ, આવેશ ખાન અને શાર્દૂલ ઠાકુર જેવા સફળ બોલર છે જેમાં શાર્દૂલ ઠાકુર વધુ પડતા રન આપી રહ્યો છે પરંતુ વિકેટ પણ ખેરવી રહ્યો છે.બે દિવસ અગાઉ રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં લખનૌનો બે રનથી વિજય થયો ત્યાર મેચની ૧૮ અને ૨૦મી ઓવરમાં જે રીતે આવેશ ખાને બોલિંગ કરી હતી તેની દિલ્હીના મેનેજમેન્ટ અને અક્ષર પટેલે ચોક્કસ નોંધ લીધી હશે. હવે એ જ આવેશ ખાન મંગળવારે તેમની સામે બોલિંગ કરવાનો છે.

# પોતાની ક્ષમતા પર શંકા કરવી આસાન છે પણ હું કરતો નથીઃ રોહિત

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પાસેથી આક્રમક બેટિંગની અપેક્ષા રખાતી હોય છે પરંતુ આઈપીએલની વર્તમાન સિઝનમાં તે હજી સુધી ખાસ નોંધપાત્ર પ્રદર્શન કરી શક્યો ન હતો ત્યારે તેણે રવિવારે રમાયેલી ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં શાનદાર અણનમ ૭૬ રન ફટકારીને મુંબઈ ઈન્ડિયન્સના વિજયમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આમ તેણે આ મેચ દ્વારા પોતાનું ફોર્મ પરત મેળવીને પોતાની ક્ષમતા પણ પુરવાર કરી દીધી હતી.પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયેલા રોહિત શર્માએ તેની ૪૫ બોલની ઈનિંગ્સમાં છ સિક્સર ઉપરાંત ચાર ચોગ્ગા પણ ફટકાર્યા હતા. જેને કારણે મુંબઈ ઈન્ડિયન્સે નવ વિકેટે મેચ જીતી હતી. વર્તમાન સિઝનમાં રોહિત શર્માની આ પ્રથમ અડધી સદી હતી. અગાઉ તેનો સ્કોર ઉત્તારોત્તાર વધતો હતો જેમાં ૦,૮,૧૩,૧૭,૧૮, અને ૨૬ રનના સ્કોરનો સમાવેશ થતો હતો.મેચ બાદ રોહિત શર્માએ જણાવ્યું હતું કે લાંબા સમયથી રમતા રહેવાને કારણે તમારી જાત પર કે ક્ષમતા પર શંકા કરવી આસાન છે અને તમે અખતરા કરતા થઈ જાઓ છો પરંતુ મેં તેમ કર્યું ન હતું. મારા માટે સારી રીતે પ્રેક્ટિસ કરવી મહત્વની હતી. મારા માટે સારી રીતે બોલને હિટ કરવો જરૂરી હતું. જ્યારે તમે તમારા દિમાગથી સ્પષ્ટ હશો ત્યારે આ પ્રકારની બેટિંગ કરી શકશો.તેણે ઉમેર્યું હતું કે જ્યારે ખેલાડી પોતાની ક્ષમતા પર શંકા કરવાની શરૂ કરી દે ત્યારે દબાણ તો ચોક્કસ વધવાનું જ છે. થોડા સમયથી મોટી ઈનિંગ્સ આવતી ન હતી પરંતુ તે માટે તમે તમારી જાત પર કે ક્ષમતા પર શંકા કરતા થઈ જશો તો તમારી જાત પર દબાણ આવી જશે. તમારી રમતને બેલેન્સ કરવી તે જ મહત્વની બાબત છે. આજે મેં મારી રમતની સ્ટાઈલને બેલેન્સ કરી હતી અને તેને પરિણામે સ્કોર થઈ શક્યો હતો.મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રોહિત શર્મા ઘણી મેચો રમ્યો છે અને તેની કારકિર્દીનું મોટા ભાગનું ક્રિકેટ અહીં રમાયું છે ત્યારે આ ઐતિહાસિક સ્ટેડિયમના એક સ્ટેન્ડને રોહિત શર્માનું નામ આપવામાં આવ્યું છે. આ અંગે રોહિતે જણાવ્યું હતું કે મારા માટે આ સૌથી મોટો સત્કાર છે. આ ઘણી મોટી બાબત છે. હું અહીં બાળક તરીકે મેચ નિહાળવા આવતો હતો. એક તબક્કે તો અમને અહીં રમવાની પણ મંજૂરી ન હતી. ત્યાર બાદ ડોમેસ્ટિક ક્રિકેટમાં અહીં રમ્યો. અને, અહીં રમીને જ હું ઉછર્યો છું. હવે આ સ્ટેડિયમમાં મારા નામનું સ્ટેન્ડ છે તે મહાન બાબત છે અને મારા માટે ગૌરવપૂર્ણ બાબત છે.ચેન્નાઈ સામેની મેચ અંગે મુંબઈ ઈન્ડિયન્સના ઓપનરે જણાવ્યું હતું કે ફોર્મ પરત આવ્યું તેનો આનંદ તો હોય જ પરંતુ મારા માટે સૌથી સંતોષજનક બાબત એ રહેશે કે મારી બેટિંગ થકી મેં ટીમને છેક સુધી લઈ જઈને સફળતા અપાવી હતી. સાથી બેટર સૂર્યકુમાર યાદવે પણ ખૂબ સહયોગ આપ્યો હતો.



# ભવિષ્યની ટીમનું ઘડતર અમારા માટે મહત્વનું છેઃ મહેન્દ્ર ધોની

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની વર્તમાન સિઝનમાં ફોર્મ માટે ઝઝૂમી રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની અંગે ઘણી અટકળો ચાલી રહી છે. તેમાં ય છેલ્લી બે ત્રણ સિઝનથી તો દર વખતે એમ મનાય છે કે આ તેની અંતિમ સિઝન છે પરંતુ આ અંગે ધોની કોઈ કોમેન્ટ કરતો નથી. જોકે પોતાની ટીમ અંગે તે ચોક્કસ બોલી રહ્યો છે. રવિવારે મુંબઈ ઈન્ડિયન્સ સામે નવ વિકેટના કારમા પરાજય બાદ ધોનીએ જણાવ્યું હતું કે અમારે એ જોવાની જરૂર છે કે અમે યોગ્ય ફોર્મમાં ક્રિકેટ રમી રહ્યા છીએ કે નહીં. ધોનીએ પોતાની ટીમના સદસ્યોને પણ અનુરોધ કર્યો હતો કે તો ૨૦૨૬ની આઈપીએલ માટે એક મજબૂત ટીમનું સર્જન કરવા અંગે આત્મમંથન કરે.ધોનીએ એવો સંકેત આપ્યો હતો કે ખેલાડીઓ આ વખતે સારી રીતે રમી રહ્યા નથી પરંતુ તે હાલમાં આગામી વર્ષની શ્રેષ્ઠ ટીમની રચના કરવાની નજીક પહોંચી ગયો છે.તેણે વધુમાં જણાવ્યું હતું કે ટીમમાં એટલા બધા ખેલાડી હોવા જોઈએ નહીં અને વધુ પરિવર્તન થતું રહેવું જોઈએ નહીં. આ વખતે ક્વોલિફાઈ થવાનો પ્રયાસ કરો અને તેમ શક્ય બને નહીં તો આગામી સિઝન માટેની મજબૂત ઈલેવન તૈયાર કરીને જોરદાર પુનરાગમન કરો.ચેન્નાઈની વર્તમાન ટીમ અને ધોની કહે છે જેમ કે ૧૭ વર્ષનો આયુષ મ્હાત્રે, ૨૦ વર્ષનો શેખ રશીદ, ડેવાલ્ડ બ્રાવિસ (૨૧) અને વંશ બેદી (૨૨) ૨૦૨૬ની સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સની બેટિંગ હરોળમાં હોવા જોઈએ. આ ઉપરાંત ૨૫ વર્ષનો રચિન રવીન્દ્ર અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ તથા શિવમ દૂબે હશે.



# બોર્ડના એ+ ગ્રેડમાં રોહિત, કોહલી, બુમરાહ અને જાડેજાને સામેલ કરાયા



ભારતીય ક્રિકેટ બોર્ડે (બીસીસીઆઈ) સોમવારે તેના વાર્ષિક કરારની યાદી જારી કરી હતી જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્માએ તેમનો સૌથી મોખરાનો એટલે કે એ ગ્રેડ જાળવી રાખ્યો હતો. આ કેટેગરીમાં ચાર ખેલાડી સામેલ હતા જેમાં જસપ્રિત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાનો પણ સમાવેશ થતો હતો. નોંધપાત્ર બાબત એ રહી કે તેમાં ગયા વર્ષે બાકાત રખાયેલા ઈશાન કિશન અને શ્રેયસ ઐયરને પણ હવે સામેલ કરી દેવાયા છે. બોર્ડે આ માટે કુલ ૩૪ ખેલાડીની યાદી જારી કરી હતી.

એ+ કરાર માટે દરેક ખેલાડીને વાર્ષિક સાત કરોડ રૂપિયાની રકમ અપાતી હોય છે જ્યારે એ ગ્રેડ માટે પાંચ કરોડ, બી ગ્રેડ માટે ત્રણ કરોડ અને સી ગ્રેડ માટે પ્રત્યેક ખેલાડીને દર વર્ષે એક કરોડ રૂપિયા ચૂકવવામાં આવે છે.

તાજેતરમાં ભારતીય ટીમે રોહિત શર્માની આગેવાનીમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી જેમાં મહત્વની ભૂમિકા અદા કરીને સર્વોચ્ચ રન ફટકારનારા શ્રેયસ ઐયરને આ વખતે ફરીથી સામેલ કરવામાં આવ્યો છે. ગઈ સિઝનમાં આઈપીએલમાં રમવા માટે શ્રેયસ ઐયરે ડોમેસ્ટિક સિઝનને નજરઅંદાજ કરી હતી અને તેવી જ રીતે ઈશાન કિશને પણ કોઈ કારણ દર્શાવ્યા વિના તેની સ્ટેટની ટીમમાંથી રમવાનું ટાળ્યું હતું જેને કારણે બંનેને કરારબદ્ધ ખેલાડીની યાદીમાંથી બહાર કરી દેવાયા હતા પરંતુ આ વખતે બંનેને ફરીથી સામેલ કરી દેવાયા છે. ઐયરને બી અને કિશનને સી ગ્રેડમાં સામેલ કરાયા છે. ભારતનો આક્રમક બેટર અને વિકેટકીપર રિશભ પંત ગઈ સિઝનમાં કરારમાં બી ગ્રેડમાં રખાયો હતો કેમ કે તે ગંભીર માર્ગ અકસ્માત બાદ આખી સિઝનમાં રમી શક્યો ન હતો પરંતુ હવે તેને ફરી એક વાર એ ગ્રેડમાં સામેલ કરી દેવાયો છે. પંત હાલમાં આઈપીએલમાં રમી રહ્યો છે અને લખનૌ સુપર કિંગ્સની ટીમનો કેપ્ટન છે.

આ વખતે તે આઈપીએલમાં ૨૭ કરોડની માતબર રકમ સાથે આ લીગનો સૌથી મોંઘો ક્રિકેટર પુરવાર થયો છે. તેને નિવૃત્ત થયેલા રવિચંદ્રન અશ્વિનને સ્થાને એ ગ્રેડમાં સ્થાન મળ્યું છે. એ કેટેગરીમાં પાંચ કરોડ રૂપિયા આપવામાં આવે છે જેમાં આ સિઝનમાં છ ખેલાડીને સામેલ કરાયા છે. દરમિયાન બીસીસીઆઈની યાદી મુજબ આ વખતે સી કેટેગરીમાં ૧૯ ખેલાડી સામેલ કરાયા છે જેમાં પાંચ નવોદિતોએ પણ એન્ટ્રી લીધી છે. આ ખેલાડીઓમાં હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, અભિષેક શર્મા, આકાશદીપ અને નિતિશકુમાર રેડ્ડીનો સમાવેશ થાય છે.આકાશ દીપ અગાઉ ઝડપી બોલરના કરાર હેઠળ હતો જેને હવે કેન્દ્રીય કરાર સાંપડ્યો છે.

# પ્રથમ ટેસ્ટમાં ઝિમ્બાબ્વે સામે બાંગ્લાદેશની સ્થિતિ નાજુક

પ્રવાસી ઝિમ્બાબ્વેએ અહીં રમાતી પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં સોમવારે પ્રથમ દાવની ૮૨ રનની સરસાઈ હાંસલ કરી લેતાં યજમાન બાંગ્લાદેશની સ્થિતિ નાજુક બની ગઈ હતી. બાંગ્લાદેશના ૧૯૧ રનના સ્કોર સામે રમતાં ઝિમ્બાબ્વેએ તેના પ્રથમ દાવમાં ૨૭૩ રન કર્યા હતા. આમ તેને ૮૨ રનની સરસાઈ મળી હતી. બીજા દિવસની રમતના અંત સુધીમાં બાંગ્લાદેશે તેના બીજા દાવમાં ૫૭ રનના સ્કોરમાં એક વિકેટ ગુમાવી દીધી હતી. આમ યજમાન ટીમ હજી પણ ૨૫ રન પાછળ છે.અહીં રમાતી ટેસ્ટમાં રવિવારે પ્રથમ દિવસે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં બાંગ્લાદેશ ૧૯૧ રનમાં આઉટ થઈ ગયું હતું. બાંગ્લાદેશ માટે મોમીનુલ હકે મક્કમ બેટિંગ કરીને ૫૬ રન ફટકાર્યા હતા. તે ૧૦૫ બોલ રમ્યો હતો અને પાંચ ચોગ્ગા તથા એક સિક્સર ફટકારી હતી. આ સિવાય કેપ્ટન નજમુલ હસન શાન્ટોએ ૪૦ અને જાકેર અલીએ ૨૮ રનનું યોગદાન આપ્યું હતું. ઝિમ્બાબ્વે માટે મુઝારાબાનીએ ત્રણ વિકેટ લીધી હતી.ઝિમ્બાબ્વેએ તેના પ્રથમ દાવમાં ૨૭૩ રન કર્યા હતા જેમાં ઓપનર બ્રાયન બેનેટે ૬૪ બોલમાં ૫૭ અને અનુભવી સિન વિલિયમ્સે ૫૯ રન ફટકાર્યા હતા.. વિકેટકીપર ન્યાશા માયાવોએ ૩૫ અને એનગારાએ અણનમ ૨૮ રન ફટકારીને ટીમને સરસાઈ અપાવી હતી. બાંગ્લાદેશી સ્પિનર મહેદી હસન મિરાઝે બાવન રનમાં પાંચ વિકેટ લીધી હતી જ્યારે ઝડપી બોલર નાહિદ રાણાએ ત્રણ ખેલાડીને આઉટ કર્યા હતા.



# BCCI Vs PCBના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં કરોડોનો તફાવત, જાણો ખેલાડીઓને કેટલી મળશે સેલેરી



બીસીસીઆઈએ તાજેતરમાં ટીમના ખેલાડીઓ માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી છે. જેમાં કુલ ૩૪ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ખેલાડીઓને ૪ ગ્રેડમાં વહેંચવામાં આવ્યા છે.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ગયા વર્ષે તેના ખેલાડીઓ માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટનું લિસ્ટ બહાર પાડ્યું હતું, જેમાં ૨૫ ખેલાડીઓને સ્થાન મળ્યું હતું. આ પરિસ્થિતિમાં, સૌથી મોટો સવાલ એ છે કે આ બંને દેશોના ક્રિકેટરોના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં શું તફાવત છે અને ભારતની સરખામણીમાં પાકિસ્તાની ખેલાડીઓને કેટલા પૈસા મળે છે.BCCI એ આ ૩૪ ખેલાડીઓને ૪ ગ્રેડમાં વહેંચ્યા છે. ભારતમાં, ગ્રેડ A+ માં રહેલા ખેલાડીને દર વર્ષે ૭ કરોડ રૂપિયા આપવામાં આવે છે. એટલે કે તે દર મહિને ૫૮.૩ લાખ રૂપિયા કમાય છે. ગ્રેડ છ ના ખેલાડીઓને દર વર્ષે ૫ કરોડ રૂપિયા, ગ્રેડ B ના ખેલાડીઓને ૩ કરોડ રૂપિયા અને ગ્રેડ C ના ખેલાડીઓને ૧ કરોડ રૂપિયા આપવામાં આવે છે. BCCIના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાં ૪ ખેલાડીઓ ગ્રેડ A+ નો ભાગ છે. ગ્રેડ A માં ૬ ખેલાડીઓ, ગ્રેડ B માં ૫ ખેલાડીઓ અને ગ્રેડ C માં ૧૯ ખેલાડીઓનો સમાવેશ થાય છે.ગ્રેડ C: રિંકુ સિંહ, તિલક વર્મા, રુતુરાજ ગાયકવાડ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર, સંજુ સેમસન, અર્શદીપ સિંહ, પ્રસીદ્ધ કૃષ્ણા, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન, નીતિશ કુમાર રેડ્ડી, ઈશાન કિશન, અભિષેક શર્મા, આકાશદીપ, વરુણ ચર્કવર્તી, હર્ષિત રાણા.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ખેલાડીઓને પણ ૪ કેટેગરીમાં વહેંચ્યા છે. તેમને છ કેટેગરીમાં ૨ ખેલાડીઓ, B કેટેગરીમાં ૩ ખેલાડીઓ, C કેટેગરીમાં ૯ ખેલાડીઓ અને D કેટેગરીમાં ૧૧ ખેલાડીઓનો સમાવેશ કર્યો હતો. તે તેના ગ્રેડ છ ખેલાડીઓને દર મહિને ૪.૫ મિલિયન PKR એટલે કે ૧૩.૬૯ લાખ ભારતીય રૂપિયા ચૂકવે છે. આ મુજબ, ગ્રેડ છ ના ખેલાડીને વાર્ષિક માત્ર ૧.૬૫ કરોડ રૂપિયા મળે છે. ગ્રેડ B ના ખેલાડીઓને ૩૦ લાખ રૂપિયા એટલે કે આશરે ૯ લાખ ભારતીય રૂપિયા આપવામાં આવે છે. ગ્રેડ C અને D માં આવતા ખેલાડીઓને દર મહિને ૦.૭૫-૧.૫ મિલિયન PKR એટલે કે લગભગ ૨ લાખ થી ૪.૫ લાખ રૂપિયા મળે છે.

# પ્રિતી ઝિંટાએ વિરાટ કોહલીને ફોનમાં શું બતાવ્યું? બંનેનો ખડખડાટ હસતો વીડિયો વાયરલ



૨૦ એપ્રિલના રોજ, IPL ૨૦૨૫ માં પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં RCB એ શાનદાર પ્રદર્શન કર્યું અને પંજાબને તેના જ ઘરમાં કચડી નાખ્યું.આરસીબી માટે વિરાટ કોહલીએ અડધી સદી ફટકારી હતી. તે અંત સુધી અણનમ રહ્યો અને આરસીબીનો વિજય સુનિશ્ચિત કર્યો. મેચ પછી, વિરાટ કોહલી અને પ્રીતિ ઝિન્ટાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જે સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે RCBની જીત બાદ કોહલી પંજાબ ટીમના ખેલાડીઓ સાથે વાત કરી રહ્યો છે. આ દરમિયાન પ્રીતિ ઝિન્ટા ત્યાં પહોંચે છે. કોહલી તેને ખૂબ જ આદરથી મળે છે. તેઓ પહેલા હાથ મિલાવે છે અને પછી બંને વાત કરવાનું શરૂ કરે છે. આ મુલાકાતમાં સૌથી રસપ્રદ ક્ષણ એ હતી જ્યારે પ્રીતિ કોહલીને તેના મોબાઈલ પર કંઈક બતાવતી જોવા મળી. આ પછી પ્રીતિ અને વિરાટ જોરથી હસવા લાગ્યા.IPL ૨૦૨૫ માં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે ફક્ત એક દિવસના અંતરે બે મેચ રમાઈ હતી. પહેલી મેચમાં પંજાબની ટીમે શાનદાર પ્રદર્શન કર્યું અને બેંગલુરુને તેના ઘરઆંગણે ૫ વિકેટથી હરાવ્યું. પરંતુ બીજી મેચમાં, RCB એ જોરદાર વાપસી કરી અને પંજાબને તેના જ ઘરમાં ૭ વિકેટથી હરાવીને સ્કોર બરાબર કર્યો.પંજાબે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૧૫૭ રન બનાવ્યા હતા. જવાબમાં, RCB એ ૭ બોલ બાકી રહેતા માત્ર ૩ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું. આ જીતમાં વિરાટ કોહલીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોહલીએ પોતાની જૂની સ્ટાઈલમાં બેટિંગ કરી અને ૫૪ બોલમાં અણનમ ૭૩ રન બનાવ્યા જેમાં ૭ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. શરૂઆતમાં તે સંયમથી રમ્યો અને અડધી સદી ફટકાર્યા પછી આક્રમક વલણ અપનાવ્યું. તેની ઈનિંગ્સ આરસીબીની જીતનો પાયો સાબિત થઈ.

# ખાનવેલમાં પ્રશાસન દ્વારા ૧૬ ગરીબોના ઘરોનું ડીમોલીશન



વાપી, તા.૨૨

દાદરા નગર હવેલી ના ખાનવેલ વિસ્તાર માં વર્ષો થી રહેઠાણ કરતા ગરીબ આદિવાસી લોકો ના ૧૬. મકાનો ઉપર પ્રશાસન દ્વારા બુલડોઝર દ્વારા મકાનો જમીન દોસ્ત કરી દેતા લોકો માં પ્રશાસન વિરુધ આક્રોશ વ્યક્ત કર્યો હતો .ખૂબ મોટી સંખ્યા મા આસપાસ ના ગ્રામ્ય વિસ્તાર ના આદિવાસી લોકો ભેગાં થઈ મકાન ધ્વસ્ત કરવા આવેલ અધિકારી ઓ કામગીરી સામે એક્ટ્રોસિટી કાનૂન મુજબ ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. અને ખૂબ વિરોધ પ્રદર્શિત કર્યો હતો.આદિવાસી લોકો નું કહેવું છે કે પ્રશાસન સરકારી જગ્યા ઉપર નવા આવાસ બનાવી બહાર ગામ થી આવેલા લોકો ને વસાવી રહ્યા છે. જ્યારે બાપ દાદા ઓ ના સમય થી વર્ષો થી રહેતા આવેલા લોકો ને બે ઘર કરી દેવાનું કામ કેટલું યોગ્ય કહી શકાય?પ્રશાસન ની મનમાની અને દાદાગીરી થી સ્થાનિક લોકો આજે બે ઘર બન્યા છે. લોકો પ્રશાસન ની મનમાની વિરુધ ફરી કોર્ટ નો આશરો લેશે, આ અગાઉ પણ કોર્ટ દ્વારા રાહત આપવામાં આવી હતી. ગામ લોકો આર યા પાર ની લડાઈ લડી લઈશું પણ પ્રશાસન સામે ઝૂકીશું નહી એવો આક્રોશ વ્યક્ત કર્યો છે. પ્રશાસન ગરીબ આવાસો દૂર કરી સ્કુલ નિર્માણ ના કાર્યો કરવા સક્રિય બની છે. ત્યારે હવે ગરીબ આદિવાસી લોકો હાલ રસ્તા ઉપર આવી ગયા છે. હવે જોવુ એ રહ્યું કે ગરીબ આદિવાસી ઓ ને ન્યાય મળશે કે કેમ?

# હાઈ-વે પર કેમિકલ ભરેલા ટેન્કરમાં આગ

વાપી, તા.૨૨

આજે સવાર ના દસ વાગ્યા માં સમયે સુરત થી મુંબઈ તરફ જતી કેમિકલ ભરેલ ટેન્કર ના ટ વ્હીલ જામ થઈ જતા ટાયર માં આગ ફાટી નીકળી હતી.સદનશીબે ટેન્કર ચાલક ને ખ્યાલ આવી જતા ગાડી છોડી દૂર ભાગી જવામાં સફળ બન્યો હતો . ટેન્કર માં આગ લાગતા ટ્રાફિક જામ ની સમસ્યા ઉભી થઈ, ઘટના સ્થળે પોલીસ આવી જતા નજીક ના ફાયર બ્રિગેડ દ્વારા મોટી હોનારત થતી રહી ગઈ હતી.



## ધાનેરા બિઝનેસ ગ્રુપ દ્વારા

# ઘરેથી વસ્તુ ઉત્પાદન કરતી મહિલાઓ માટે એક્ઝિબિશન

સુરત, તા.૨૨

સુરત શહેરના ધાનેરા બિઝનેસ ગ્રૂપ દ્વારા ચોથા એક્ઝિબિશન નું આયોજન મજુરા ગેટ પાસે આવેલ કૃષિ મંગલ હોલમાં કરવામાં આવ્યું છે. આ એક્ઝિબિશન ત્રણ દિવસ માટે ૧૯,૨૦ અને ૨૦'મી એપ્રીલ માટે કરવામાં આવ્યું છે. ધાનેરા બિઝનેસ ગ્રૂપના સંસ્થાપક હિતેશભાઈ શાહ એ જણાવ્યું હતું કે, આ એક્ઝિબિશનનો મુખ્ય ઉદ્દેશ ઘરેથી કામ કરતી મહિલાઓને આત્મનિર્ભર બનવાનો મોકો મળે સાથે તેઓ પણ ઘરેથી કામ કરી આવા એક્ઝિબિશનમાં ભાગ લઈ ઘર ચલાવી શકે તે માટે આયોજન કરવામાં આવતું હોય છે. આ એક્ઝિબિશનમાં ખાવાની વાનગીઓ, કલથીંગ વેર, આર્યુવેદીક ના સ્ટોલ જેવા ૪૭ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે.

# ખંડણીના ગુનામાં આરોપીના જામીન મંજૂર કરતી અદાલત

## અઠવા પોલીસે નોંધેલા ગુનામાં આરોપીને જામીન પર છોડવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨

અઠવા પોલીસ મથક ના વિસ્તારમાં આવેલ એક જગ્યામાં તમે ગેરકાયદેસર રીતે બાંધકામ કરો છો તો તમારે ખંડણી આપવી જ પડશે તેમ જણાવતા માલિકે ખંડણીના રૂપિયા આપવાની ના પાડી દેતા ઉશ્કેરાઈ ગયેલા આરોપીએ ચપ્પુ વડે હુમલો કરી રૂપિયા ૩૦,૦૦૦ પડાવી લેવાના ગુનામાં એડવોકેટ યોગેશ પટેલ ની ભારપૂર્વક ની દલીલોને મંજૂર કરી આરોપીને જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો. અદાલતે પોતાના ચુકાદામાં નોંધ્યું છે કે, બંને પક્ષોની દલીલોને સાંભળ્યા બાદ ખંડણી માંગવાનો કોઈ પુરાવો રજૂ કરાયો નથી. આ સાથે ટ્રાયલ ચાલવા માટે નો સમય ખૂબ જ લાંબો થઈ જાય છે. આરોપી સ્થાનિક રહેવાસી છે એટલે ભાગી જાય તેમ નથી..

આ કેસની વિગતો એવી છે કે, સલાબતપુરા દક્ષિણી મોહલ્લા માં પરેશ આનંદરાવ ખેર રહે છે. પરેશ ખેર શિવસેના ઉદ્ધવ ગ્રુપ ઉર્ફે ઉદ્ધવ ઠાકરે ગ્રુપના શહેર જિલ્લા પ્રમુખ છે. ગત દિવસોમાં આરોપી પરેશ આનંદરાઉ ખેરએ તમે ગેરકાયદેસર રીતે બાંધકામ કરો છો એટલે તમારે પૈસા આપવા જ પડશે તેમ જણાવતા વ્યક્તિએ પૈસા આપવાની ના પાડતા ચપ્પુ વડે હુમલો કરી બળજબરીપૂર્વક રૂપિયા ૩૦,૦૦૦ ગાડી લીધા હતા. આ બનાવની ફરિયાદ અઠવા પોલીસ મથકમાં દાખલ કરવામાં આવતા પોલીસે આરોપી પરેશ ખેરની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આરોપીના વકીલ યોગેશ પટેલની દલીલોને મંજૂર કરી અદાલતે ૧૫,૦૦૦ ના શરતી જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો.



કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે તમામ લોકો સામે એક સમાન નિયમો લાગુ કરવા બાબતે સુરત શહેર કોંગ્રેસ દ્વારા આજે સુરત શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.

# કેન્દ્ર સરકારે ઈડીને પોતાનો 'ઈલેકશન ડિપાર્ટમેન્ટ' બનાવી દીધો છે : ડો. અજોય કુમાર

## ઈડીના કેસોમાં સજાનો રેસીયો એક ટકાથી પણ ઓછો હોય છે

સુરત, તા.૨૨

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના નેશનલ સેક્રેટરી ડોક્ટર અજૉય કુમારે આજે સર્કિટ હાઉસ ખાતે સંબોધેલી એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, નેશનલ હેરાલ્ડ માં ઈડી દ્વારા જે ચાર્જ સીટ રજૂ કરવામાં આવી છે તેમાં ભલે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને સાંસદ રાહુલ ગાંધી ના નામ આરોપી તરીકે દાખલ કર્યા હોય પણ કેન્દ્ર સરકારે ઈડીને પોતાનો ઇલેક્શન ડિપાર્ટમેન્ટ બનાવી દીધો છે અને રાજનૈતિક ષડયંત્ર છે.

પત્રકાર પરિષદને સંબોધતા સેક્રેટરી ડોક્ટર અજૉય કુમાર એ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધી પરિવારના પ્રત્યેક સભ્યોને તેઓ રાજકારણમાં હોય કે ન હોય પણ તેઓને ભાજપા દ્વારા નિશાન બનાવી દેવામાં આવે છે. ભાજપ દ્વારા કોંગ્રેસ પાર્ટીને કોઈને કોઈ રીતે દબાવમાં રાખવામાં આવી રહી છે. આ લોકતાંત્રિક વિપક્ષ પર સીધુ નિશાન અને ખતરનાક હુમલો છે. ઈડી ના કેસોમાં સજા નો રેશિયો એક ટકાથી પણ ઓછો હોય છે. ઈડી દ્વારા જે કેશો કરવામાં આવે છે તેમાં ૯૮% સત્તાધારી પાર્ટીઓના રાજનૈતિક પ્રતિનિધિઓના વિરુદ્ધમાં હોય છે. આ બદલાની રાજનીતિનું સૌથી ખરાબ રૂપ છે. કોંગ્રેસ પાર્ટી ને કોઈપણ રીતે ડરાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો પણ કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ કોઈપણ રીતે ધાક ધમકીને વશ નહી થઈને ચૂપ બેસી રહે છે નહી. આજની પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ ધનસુખભાઈ રાજપુત, કોંગ્રેસના પ્રવક્તા અને મીડિયા કન્વીનર કલ્પેશભાઈ બારોટ, શહેર કોંગ્રેસના ખજાનચી બળવંતભાઈ જૈન, કોંગ્રેસ અગ્રણી અશોકભાઈ પીપળે વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



**સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં જોરદાર ગરમી પડી રહી છે ત્યારે ભર બપોરે આકરા તાપમાં શ્રમિકો પેટીયું રળવા માટે મજબૂર બનતા હોય છે. સુરતના ટેકસટાઈલ માર્કેટ વિસ્તારના શ્રમિકની આ તસ્વીર ઘણું બધુ કહી જાય છે.**

# કપાસના પાકમાં ગુલાબી ઈયળના ઉપદ્રવ અંગે સૂચના

## ખેડૂત મિત્રો, ગુલાબી ઈયળની કપાસને બચાવવા આટલું કરો

સુરત, તા.૨૨

ઉનાળામાં બદલાતા વાતાવરણ અને ગરમી તેમજ આ ખરીફ સિઝનમાં કપાસના પાકની વાવણીને ધ્યાને રાખી ખેતરમાં ગુલાબી ઈયળ/પિંક બોલવોર્મ નામની જીવાતના ઉપદ્રવથી કપાસને બચાવવા માટે કપાસ વાવતા ખેડૂતોએ હાલ ઉનાળામાં નીચે મુજબનાં પગલાં લેવા હિતાવહ છે. ઉનાળામાં ઊંડી ખેડ કરવી, જેથી જમીનમાં અગાઉના કપાસના પાકના અવશેષોમાં રહેલ ગુલાબી ઈયળના કોશેટા સૂર્યપ્રકાશની ગરમીથી તેમજ કુદરતી ભક્ષકો દ્વારા નાશ પામે. કપાસની વાવણી કરતાં પહેલાં ખેતરમાં રહેલા જૂના પાકના અવશેષો/જળિયાંનો વીણીને નાશ કરવો. ખેતરની ફરતે આજુબાજુના વિસ્તારમાં પાકનો કચરો/કરસાંઠી/ અવશેષોના ઢગલાં કરવા નહી. આ અંગે વધુ જાણકારી સ્થાનિક ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/ખેતી અધિકારી/ તા.અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક/ જિ.ખેતીવાડી અધિકારી/નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયતની યાદીમાં જણાવાયું છે.

### ટ્રમ્પના
### પહેલા પાનાનું ચાલુ

ખૂબજ મહત્વની સાબીત થઈ. હવે તે પણ મોંઘી બની છે તો હાલમાંજ અમેરિકાની યેલે યુનિ.ના તારણ મુજબ લોકો નવી ચીજો ખરીદવાના બદલે સેકન્ડ હેન્ડ ચીજો, કપડાનુ બજાર હવે જોર પકડવા લાગ્યુ છે.ટેરીફથી સપ્લાય ચેઈન ખોરવાઈ છે જેના અને ભાવ વધવા લાગ્યા છે. તેમાં હવે અમેરિકામાં કપડા, બુટ અને અન્ય વ્યક્તિગત એસેસરીઝમાં સેકન્ડ હેન્ડ બજાર, ઓનલાઈન માર્કેટમાં પણ સેકન્ડહેન્ડની માંગ વધી છે.અમેરિકા તેની આવશ્યકતાના કપડા, બુટ માટે ૯૦%થી વધુ વિદેશી ઉત્પાદકો પર નિર્ભર છે અને કપડાના ભાવમાં ૬૫% અને લેધર, બુટ વિ.ના ભાવમાં ૮૭%નો વધારો થયો છે અને તેના કારણે ગ્રાહકોનો વિશાળ વર્ગ હવે સેકન્ડ હેન્ડ બજાર ભણી જવા લાગ્યા છે.

### અસલી જેવી
### પહેલા પાનાનું ચાલુ

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા અને અન્ય મુખ્ય નાણાકીય અને નિયમનકારી સંસ્થાઓને આપવામાં આવ્યુંછે.આમાં અસલી અને નકલી નોટો વચ્ચેના ભેદ વિશે પણ માહિતી આપવામાં આવી છે. એક અહેવાલમાં આપવામાં આવેલી માહિતી અનુસાર, નકલી નોટો ૫૦૦ રૂપિયાની અસલી નોટો સાથે આશ્ચર્યજનક સામ્યતા ધરાવે છે. માત્ર એક મામૂલી અંગ્રેજી શબ્દની ભૂલ તેમને ઓળખવામાં મદદ કરે છે.ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે, નકલી નોટો અસલી ૫૦૦ રૂપિયાની નોટો જેવી જ દેખાય છે. પરંતુ, નકલી નોટોમાં RESERVE BANK OF INDIA™ા સ્પેલિંગમાં એક ભૂલ છે, જેના કારણે તેને સરળતાથી ઓળખી શકાય છે. ૫૦૦ રૂપિયાની નકલી નોટમાં RESERVE BANK OF INDIAના RESERVE માં ઈ ને બદલે છ ભૂલથી લખી દેવામાં આવ્યું છે.એક અહેવાલમાં એક વરિષ્ઠ સરકારી અધિકારીને ટાંકીને જણાવ્યું કે, "બારીકાઈથી ચેક ન કરવામાં ન આવે તો આ નાની ભૂલ ધ્યાન બહાર રહી શકે છે, જેના લીધે આ નકલી નોટો ખાસ કરીને ખતરનાક બની જાય છે." નાણાકીય સંસ્થાઓ, બેંકો અને સંબંધિત એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

### દક્ષીણના પ્રખ્યાત
### પહેલા પાનાનું ચાલુ

પૂર્ણ ન કરવાના આરોપો સાથે સંબંધિત છે. સાઈ સૂર્યા ડેવલપર્સના માલિક કાંચરલા સતીશ ચંદ્ર ગુપ્તા 'ગ્રીન મીડોઝ' નામના પ્રોજેક્ટમાં કથિત ક્ષતિઓ બદલ પોલીસ તપાસનો સામનો કરી રહ્યા છે. અભિનેતા મહેશ બાબુ આ પ્રોજેક્ટના બ્રાન્ડ એમ્બેસેડર હતા. જો કે તેની સામે હજુ સુધી કોઈ આરોપ નથી.

૩૨ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયરે હૈદરાબાદના વેંગલ રાવ નગર સ્થિત અગ્રણી રિયલ એસ્ટેટ ફર્મ કાંચરલા સતીશ ચંદ્ર ગુપ્તા અને તેમની કંપની વિરુદ્ધ સ્થાનિક પોલીસમાં છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે.

મધુરા નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, નક્કા વિષ્ણુ વર્ધને અન્ય કેટલાક લોકો સાથે એપ્રિલ ૨૦૨૧માં સાઈ સૂર્યા ડેવલપર્સના ગ્રીન મીડોઝ વેન્ચરમાં (શાદનગરમાં ૧૪ એકર જમીન) રૂપિયા ત્રણ કરોડથી વધુની રકમનું રોકાણ કર્યું હતું.

### અમેરિકાના
### પહેલા પાનાનું ચાલુ

મુખ્યમંત્રી દિયા કુમારી દ્વારા સ્વાગત કરવામાં આવશે. જેડી વેન્સ જયપુરના આમેર પેલેસ પહોંચ્યા અને તેમની પુત્રીને તેડી લીધી અને તેનું ખૂબ લાડ લડાવ્યા હતા. તેમણે મહેલને લગતી બધી માહિતી પણ લીધી.

### આજથી બે દિવસ
### પહેલા પાનાનું ચાલુ

સમય બચશે. જોકે, મધ્ય પૂર્વમાં તણાવને કારણે, આ પ્રોજેક્ટ આગળ વધી શકતો નથી.

મુક્ત વેપાર કરાર- પ્રિન્સ સલમાનની છેલ્લી ભારત મુલાકાત દરમિયાન, બંને દેશો વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચર્ચા થઈ હતી. મોદીની આ મુલાકાતમાં આ મુદ્દા પર પણ મુખ્ય ચર્ચા થઈ શકે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં, ભારતે સાઉદીમાં લગભગ ૧ લાખ કરોડ રૂપિયાના ઉત્પાદનોની આયાત કરી હતી.

### મ્યાંમારનું
### પહેલા પાનાનું ચાલુ

આ ક્ષેત્રમાં બાંગ્લાદેશના ક્ષેત્રમાં આ બળવાખોર સેના તેના યુનિફોમ અને શસ્ત્રો સાથે પહોંચી હતી અને સ્થાનિય સમુદાય સાથે તેઓના સંપર્ક અગાઉથી હતો તે નિશ્ચિત કર્યુ છે અને આ બળવાખોર આર્મીની રાજકીય પાંખ યુનાઈટેડ-લીગ ઓફ અરાકાન એ સ્થાનિક લોકો સાથે સંપર્ક ધરાવે છે.

બાંગ્લાદેશે આ ઘુસણખોરી સામે વિદાય દર્શાવી છે. બાંગ્લાદેશ બોર્ડર ફોર્સ શું કરી રહી હતી તે પ્રશ્ન પૂછવા લાગ્યા છે. આ ટાપુ દક્ષિણ પુર્વ બાંગ્લાદેશના એક ભાગ છે અને તેની સીમા મ્યાનમારના રખાઈન પ્રાંત સાથે જોડાયેલી છે અને આ પ્રાંત પર બળવાખોરોના કબ્જો છે. આ અરાકાન આર્મીએ એક જાતિય સમૂહ છે જે તેના ક્ષેત્રની સ્વાયતતા માટે લડે છે.

### રાજસ્થાનમાં
### પહેલા પાનાનું ચાલુ

એજ્યુકેટેડ સ્ટુડન્ટ્સ શા માટે તૈયાર થયા છે એ મુદે બોલતાં સ્છ (માસ્ટર ઈન આર્ટ્સ), BEd (બેચલર ઑફ એજ્યુકેશન) અને IT (ઈન્ફર્મેશન ટેક્નોલોજી)નો કોર્સ પૂરો કરનારા અને ૨૦૧૮થી સિવિલ સર્વિસની પરીક્ષા આપનારા અને હજી સુધી સફળ નહી થનારા કમલ કિશોરે જણાવ્યું હતું કે, જીવનમાં ક્યાંય સફળતા મળી નથી, બેરોજગાર રહેવા કરતાં તો પ્યુનની નોકરી સારી છે. MA અને BEd સાથે સાયન્સમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ કરનારી તનુજા યાદવે પણ આવો જ જવાબ આપ્યો હતો.

ખુનની અરજી કરવા માટે એટલો ધસારો હતો કે સાઈટ વારંવાર ક્રેશ થઈ જતી હતી. છેલ્લા પાંચ કલાકમાં ૧.૧૧ લાખ અરજીઓ સબમિટ થઈ હતી. આમ દર ૬ સેકન્ડે એક અરજી આવી હતી.

સરકારી નોકરી માટે ભારે ધસારો જોવા મળે છે. આ પહેલાં ૨૩૯૯ ફોરેસ્ટ ગાર્ડ પોસ્ટ માટે બાવીસ લાખ અરજી આવી હતી. રાજસ્થાનમાં ૧૮ લાખ યુવાનો બેરોજગાર હોવાનું સત્તાવાર આંકડા જણાવે છે. જોકે સાચો આંકડો ૩૦થી ૩૫ લાખ જેટલો હોવાનું અનુમાન છે.

રાજ્ય સરકાર સામે હવે પરીક્ષા કેવી રીતે લેવી એ સવાલ છે, કારણ કે એક સમયે ૩ લાખ સ્ટુડન્ટ્સની પરીક્ષા લઈ શકાય એવી કેપેસિટી છે. આથી પરીક્ષા શિફ્ટમાં લેવામાં આવશે.

### સોનાના
### પહેલા પાનાનું ચાલુ

ટ્રેડવોર વચ્ચે ચીનના નવા પડકાર સહિતના કારણોથી તેજી બેફામ બની છે.સોનાનાં ભાવમાં બેફામ તેજી છે. ભાવ એક લાખની સપાટીને પાર થઈ ગયો છે. ૨૦૨૫ નું ચાલુ કેલેન્ડર વર્ષ સોના માટે 'ગોલ્ડન' બન્યુ હોય તેમ અત્યાર સુધીમાં ૨૮ ટકાથી વધુનો ભાવ વધારો થઈ ગયો છે.૧૦ ગ્રામ દીઠ અંદાજીત ૨૩૫૦૦ રૂપિયા વધી ગયા છે.ઝવેરીઓથી માંડીને ગ્રાહકોમાં સોનાની આ તેજીથી સોંપો છે અને રીટેઈલ માર્કેટમાં પણ જોરદાર તેજી છે.

### માં નર્મદાએ ગુજરાતના
### પેજ-૨ પાનાનું ચાલુ

માટે ચિંતા કરવાના છીએ. હું સંગઠનના પ્રત્યેક કાર્યકર્તાનો આભાર માનુંછું. હું આજે જોઈ રહ્યો છું. અલગ અલગ ભંડારામાં દરરોજ કાર્યકર્તા પોતે સેવાઓમાં સમય આપે છે અને આખે આખી રાત લોકોની સેવા કરે છે. કોઈ વડીલના પગ દબાવે છે તો કોઈ ભોજન કરાવતા હોય, નાવડીમાં પણ તમે જોયું હશે કે દરેક નાવડીમાં પ્રત્યેક કાર્યકર્તા સેવા બજાવી રહ્યાં છે. ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ખાસ ભારપૂર્વક જણાવ્યું કે, નર્મદાએ માત્ર તમારા મારા જીવન માટે નહી પરંતુ ગુજરાતના પ્રત્યેક પરિવારના જીવનમાં બદલાવ માં નર્મદાના હિસાબે આવ્યો છે અને ગુજરાતના પ્રત્યેક નાગરિકમાં નર્મદા જોડે એમની અતૂટ શ્રદ્ધા છે આ શ્રદ્ધા બધા જ લોકો અહી આવીને પરિક્રમા કરી શકે તે માટેની આવનારા વર્ષોની અંદર ઉત્તરોત્તર વધારો કરવામાં આવે તેમ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦ મી એપ્રિલના રોજ સાંજે છ કલાકથી સવારના છ કલાક દરમિયાન ૧૨,૮૮૫ લોકોએ પરિક્રમા કરી છે અને કુલ ૭,૨૦,૧૦૨ લોકોએ પરિક્રમા કરી છે. ગૃહરાજ્ય મંત્રીશ્રીનું ચાર ઘાટ પર નોડલ અધિકારીશ્રી દ્વારા સ્વાગત અને પરિક્રમામાં આવતા શ્રદ્ધાળુઓ વિશે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતાં. આ પ્રસંગે જિલ્લાના પોલીસ વિભાગના વડાશ્રી પ્રશાંત સુંબે, અધિકારી-કર્મચારી અને જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ પણ પરિક્રમામાં જોડાયા હતા.

### ભગવાન સૌ પર
### પેજ-૨ પાનાનું ચાલુ

કોમપ્રિહેંસીવ હિન્દુ મંદિર' એવા અક્ષરધામ મહામંદિરમાં પધારી શાંતિ અને ધન્યતાનો અનુભવ કર્યો.ભગવાન શ્રી સ્વામિનારાયણને સમર્પિત તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત આ ભવ્ય મહામંદિરના અજોડ સ્થાપત્ય અને બેનમૂન કલા-કારીગરીથી તેઓ પ્રભાવિત થયા હતા. ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસા તથા પારિવારિક મૂલ્યોની વિવિધ સમયાતીત રજૂઆતોને નિહાળી તેઓ અભિભૂત થયા. પોતાનાં બાળકો અને પત્ની સાથે ઉપ રાષ્ટ્રપ્રમુખશ્રીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરી, એમનાં ચરણે ભાવાંજલિ અર્પણ કરી હતી. નજીકના ભવિષ્યમાં પોતાના પરિવાર સાથે અમેરિકામાં ન્યૂજર્સીના રોબિન્સવિલ સ્થિત ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરની મુલાકાતે પધારવાની પણ ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી.ઉપ રાષ્ટ્રપ્રમુખશ્રીની આ મુલાકાત એ ભારત અને અમેરિકાનાં શ્રદ્ધા, શાંતિ અને સંપનાં સહિયારા મૂલ્યોને દર્શાવતા, બન્ને રાષ્ટ્રોના પરસ્પર મજબૂત સંબંધોનું પ્રતીક બની રહી.

તેઓની આ વિશિષ્ટ યાદગાર મુલાકાતના અંતે તેઓશ્રીએ આ ભાવપૂર્ણ સ્વાગત બદલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પ્રત્યે આભાર પ્રગટ કરતાં જણાવ્યું કે, 'આપે આટલીચોકસાઈઅનેકાળજીસાથે આ અદ્ભુતમંદિરની રચના કરી છે, તે ભારત માટે ખરેખર ગર્વની બાબત છે.અમને અને ખાસ કરીને અમારાબાળકોનેઆ સ્થાન ખૂબ જ ગમ્યું.ભગવાનનાઆશીર્વાદસૌ પર વરસતા રહે.'

અક્ષરધામના પ્રત્યેક પાસામાં છલકતી વિશ્વશાંતિની ઉદાત્ત ભાવનાથી તેઓ સવિશેષ પ્રેરિત થયા હતા.વિશ્વના આવા અનેક આંતરરાષ્ટ્રીય નેતાઓ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા રાજધાની દિલ્હીમાં નિર્મિત સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત લઈને સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોથી સુવાસિત થઈને જાય છે. અમેરિકન ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સની મુલાકાત દરમ્યાન તેનું આજે એક વધુ ઉદાહરણ નિરખવા મળ્યું હતું.

### બોમ્બે એક્ઝીબીશન
### પેજ-૨ પાનાનું ચાલુ

ના પ્રમુખ શ્રી સંતોષ કટારિયા, CMAI ના ચેરમેન શ્રી નવિન સૈનાની, CMAI ના સાઉથ ગુજરાત રિજીયન ચેરમેન ડો. અજોય ભટ્ટાચાર્ય, શ્રી મયુર ગોળવાલા વિગેરે ઉપસ્થિત રહયા હતા. SGCCI ના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ખરીદદારો અને વેચાણકારોને એક જગ્યા પર લાવવા માટે સીએમએઆઈ દ્વારા મુંબઇ ખાતે ફેબ શોનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ ફેબ શોના આયોજન માટે દક્ષિણ ગુજરાતના ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીનું નેતૃત્વ કરતી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો છે, આથી આ વર્ષે આ ફેબ શોમાં ચેમ્બર ઓફ કોમર્સને અલગથી ૨૨૦૦ સ્કવેર ફુટ એરિયામાં SGCCI પેવેલિયન ફાળવવામાં આવ્યું છે. આ SGCCI પેવેલિયનમાં ૪૫ જેટલા સુરતના ગારમેન્ટ અને ફેબ્રિક ઉત્પાદકોએ ભાગ લીધો છે. ચેમ્બર પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, ફેબ શોમાં સુરતના ઉદ્યોગકારો દ્વારા ઉત્પાદિત ગારમેન્ટ અને ફેબ્રિકનું પ્રદર્શન કરવામાં આવી રહયું છે, જેને ખરીદદારોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહયો છે. આ ફેબ શોમાં ગારમેન્ટ અને એપેરલ સેકટરમાં સારી ઈન્કવાયરી જનરેટ થઇ રહી છે. CMAI ફેબ–શોના ચેરમેન નવિન સૈનાનીએ આંકડાકીય માહિતી રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪–૨૫માં ગારમેન્ટ સેકટરે ૧૦.૦૩ ટકાનો ગ્રોથ નોંધાયો છે. ભારતથી ચાલુ વર્ષે ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે ગારમેન્ટ અને એપેરલ મળીને ૧૫.૦૯ બિલિયન યુએસ ડોલરનું એક્ષ્પોર્ટ થયું છે. જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન એક્ષ્પોર્ટના ગ્રોથમાં ૩૫ ટકાનો વધારો થયો છે.

વધુમાં, CMAI દ્વારા આયોજિત પાંચમા ફેબ શોની ભારતના ટેક્ષ્ટાઇલ મંત્રાલયના ટેક્ષ્ટાઇલ સેક્રેટરી સુશ્રી રશ્મી વર્માએ મુલાકાત લીધી હતી ત્યારે આવતીકાલે આ ફેબ શોમાં છત્તીસગઢ સરકારના મંત્રીઓ તથા ઉચ્ચાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

### નવી સિવિલમાં
### પેજ-૨ પાનાનું ચાલુ

સ્થળેથી ચકાસણી કરાવી ધાર્મિક યાત્રા માટે તૈયાર થઈ રહ્યા છે, આ સમગ્ર પ્રક્રિયામાં કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ ઉભું થયું છે. રાજ્ય વકફ બોર્ડના ચેરમેન મોહસીન લોખંડવાલાએ બંને સમાજના લોકોને પવિત્ર યાત્રા બદલ શુભેચ્છા પાઠવી હતી. આ યાત્રા વ્યવસ્થામાં, હજ કમિટીના સભ્ય અકરમ શાહ, મેડિકલ ઓફિસર ડો. લક્ષ્મણ ટેહલાની, અમરનાથયાત્રા કમિટિના જગદીશ મેર, હજયાત્રા કમિટિના ઝહીરભાઇ હકીમસિંહ, જાવેદ ઝંઝા, જુનેદભાઇ, સલીમ મેમન, અલીભાઇ અને હમજી જરીવાલા સહિત હોસ્પિટલના અનેક કર્મચારીઓ સેવા આપી રહ્યા છે. નવી સિવિલ તંત્ર માત્ર આરોગ્ય સેવા પૂરતી સીમિત ન રહેતા એકતા અને ભાઈચારાનો સંદેશ પણ આપી રહ્યું છે. સર્વધર્મ સમભાવ અને સમરસતાના સિદ્ધાંતને સાકાર કરતી આ સેવાઓ ખરા અર્થમાં સુરત શહેરના ગૌરવમાં ઉમેરો કરે છે સાથોસાથ આસ્થાને પ્રવાહને વહેતો રાખે છે.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૨૨ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## યુનિફોર્મ સિવિલ કોડ કમિટીની રચનાને પડકારતી પિટિશન હાઈકોર્ટમાં દાખલ

### કમિટીમાં લઘુમતી સમુદાયના પ્રતિનિધિઓનો સમાવેશ નહીં કરાતા મામલો હાઈકોર્ટમાં

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

ગુજરાત હાઈકોર્ટમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) કમિટીની રચના સામે સુરત મોગલીસરા વિસ્તારમાં રહેતા અબ્દુલ વહાબ મોહમ્મદ શબીર સોપારી વાલા એ એડવોકેટ ઝમીર શેખ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં એક પિટિશન ફાઈલ કરી છે.છે

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી એક પિટિશન માં જણાવવા માં આવ્યું છે કે, કમિટીમાં લઘુમતી સમુદાયોના પ્રતિનિધિઓ અને સમાવેશ નથી. આ કમિટી ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રચાઈ હતી, જેની અધ્યક્ષતા રિટા. ન્યાયમૂર્તિ રંજના દેસાઈ કરે છે.યાચિકાનુ માનવું છે કે કમિટી સામાજિક ન્યાયના માપદંડો અનુસાર નથી.મુસ્લિમ, ખ્રિસ્તી, સીખ, જૈન, બૌદ્ધ અને પારસી સમુદાયોને સ્થાન આપવામાં આવ્યું નથી. કેટલીક સભ્યોના રાજકીય જોડાણો વિશે પણ યાચિકામાં શંકા વ્યક્ત કરવામાં આવી છે.

યાચિકાકારએ ૧૬ માર્ચ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રીએ પત્ર લખ્યો હતો, પણ કોઈ જવાબ મળ્યો નથી.ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે રચાયેલી કમિટીને પડકારતી આ બાબતમાં રાજ્ય સરકારે એડવોકેટ જનરલ ની નિમણૂક કરી છે.અરજદાર વહાબ સોપારીવાલા ના એડવોકેટ ઝમીર શેખ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની ચર્ચાથી ભારે વિરોધનો ગણગણાટ શરૂ થઈ ગયો છે. ત્યારે યુસીસીસી સંદર્ભે ગુજરાત સરકારે બનાવેલી કમિટીની રચનાને જ હાઈ કોર્ટમાં પડકારવામાં આવી છે તેથી આવનારા દિવસોમાં યુસીસી અંગે કાનુની જંગ શરૂ થવાની શક્યતા જણાઈ રહી છે.



**લીંબાયત ઝોનની મહારાણા પ્રતાપનગર સોસાયટી વિભાગ એકમાં પીવાના દૂષિત પાણીના કારણે એકનું મોત થયું હતું. અનેક લોકોને ઝાડા-ઊલટી થતા સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. ડાયરિયાગ્રસ્ત વિસ્તારમાં ઘરે ઘરે સર્વે કરી સ્થળ પર તબીબી સારવાર ઉપરાંત દૂષિત પાણીનો સ્ત્રોત શોધી કાઢવાની કામગીરી શરૂ કરાઈ છે અને સમગ્ર વિસ્તારમાં ડાયરિયા સંદર્ભે જનજાગૃતિ કેળવવા વિવિધ સૂચનાઓના બેનર્સ પણ લગાવી દેવામાં આવ્યા છે. (તસવીર : હનીફ મલેક)**


**ફિલ્મ નિર્દેશક અનુરાગ કશ્યપ દ્વારા બ્રાહ્મણ સમાજ અંગે વાંધાજનક કરેલી ટીપ્પણીના વિરોધમાં સુરત બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટ દ્વારા આજે કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરી અનુરાગ કશ્યપ વિરૂદ્ધ કાનુની પગલાં ભરવાની માગણી અંગે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.**
**(તસવીર : હનીફ મલેક)**

## યાર્નનો માલ ખરીદી વેપારી સાથે રૂા.૧.૩ કરોડની ઠગાઈ

### પેમેન્ટ નહીં ચૂકવનાર દંપતી અને પુત્ર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

જાપા બજાર સુપર યાર્ન માર્કેટની બાજુમાં ભવાની એન્ટરપ્રાઇઝ અને હરિહર સિન્થેટિકના નામે ધંધો કરતા યાર્નના વેપારી અને અન્ય વેપારી પાસેથી નાના વરાછાના રાવલીયા દંપતી અને પુત્ર તેમજ તેમના ઓળખીતા વેપારીએ યારન નો માલ મંગાવી ૧.૩ કરોડનું પેમેન્ટ નહી ચૂકવી છેતરપિંડી કરી હતી

અડાજણ પાટીયા ધનમોરા કોમ્પલેક્ષ ની સામે સ્નેહ સુરતી સોસાયટીમાં રહેતા નિકુંજ પ્રવીણ પીપવાલા( ઉંમર વર્ષ ૪૭) ઝાપા બજાર સુપર યાર્ન માર્કેટની બાજુમાં ભવાની એન્ટરપ્રાઇઝ અને હરિહર સિન્થેટિકના નામે યાર્નનો વેપાર કરે છે. નાના વરાછા ઢોલકિયા ગાર્ડન ની સામે ચીકુવાડીની કલાકુંજ સોસાયટીમાં રહેતા બાલુ ત્રિકમ રાફલીયા, પત્ની ભાવના બાલુ રાફલીયા અને પુત્ર ચિરાગ બાલુ રાફલીયાએ ધંધાકીય વ્યવહાર માટે નિકુંજભાઈ સાથે મુલાકાત કરી હતી દરમિયાન નિકુંજભાઈ અને રાફલીયા દંપતી અને પુત્ર વચ્ચે ધંધાકીય વ્યવહાર શરૂ થયો હતો. ઓર્ડર મુજબ નિકુંજભાઈએ તેમની પેઢીઓમાંથી ચિરાગની એન જે ટેક્સટાઈલ પેઢીમાં, તેના પિતા બાલુ રાફલીયાની તનિષ્ક ટેક્સટાઈલ પેઢીમાં અને માતા ભાવનાની ભાવના સિલ્ક મીલ્સ પેઢીમાં યારનનો માલ મોકલ્યો હતો. તદુપરાંત નિકુંજભાઈએ તેમની ઓળખીતી ઓળખીતી પેઢીઓ માંથી રાફલીયા માતા પુત્રને માલ અપાવ્યો હતો. એટલું જ નહી ચિરાગના કહેવાથી તેમના વેપારી મિત્ર એવા અર્જુન ટેક્સટાઈલ્સના માલિક કિશન નંદલાલ વાળાને પણ નિકુંજભાઈએ યાર્નનો માલ મોકલાવ્યો હતો. આમ રાફલીયા દંપતિ તેના પુત્ર અને અન્ય વેપારી કિશન વાળા પાસેથી કુલ ૧.૩ કરોડનું પેમેન્ટ લેવાનું નીકળતું હતું જે પેમેન્ટ આ આરોપી વેપારીઓએ નિકુંજભાઈ અને અન્ય વેપારીઓને નહીં આપી ઠગાઈ કરી હતી. આ અંગે નિકુંજભાઈએ મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં આ ચારેય આરોપી વેપારી સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી

## સુરતમાં બપોરે જોરદાર ગરમી હજુ પણ તાપમાનમાં વધારો થશે

### સવારે તાપમાન થોડું ઘટ્યું અને બપોરે ફરી વધી ગયું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દ.ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. એક અઠવાડીયા સુધી શહેરનું તાપમાન ઉંચુ રહેશે દરમિયાન સવારે ૧૦ થી ૧૨ વાગ્યે જ રાત્રિના સમયે નીચે જતુ મહત્તમ તાપમાન વધવા લાગ્યુંછે. દરમિયાન ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન સીધુ ૪ ડિગ્રી વધીને ૩૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી શહેરીજનો કાળઝાળ ગરમીનો સામનો કરવો પડ્યો હતો. મહત્તમ તાપમાનમાં ગઈકાલે ૪ ડિગ્રીનો વધારો થયા બાદ આજે સવારનું ન્યુનત્તમ તાપમાન એક ડિગ્રી ઘટ્યું હતું.

એપ્રિલ અને મે મહિનામાં ઉનાળાનો આકરો તાપ અનુભવાતો હોય છે ત્યારે ગત અઠવાડીયામાં શહેરનું ઉંચુ તાપમાન ૩૪ થી ૩૬ ડિગ્રી રહ્યા બાદ ફરી વખત તાપમાનમાં વધારો થવાનું શરૂ થયું છે. ગઈકાલે ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. એક અઠવાડીયા સુધી આજ સ્થિતિ રહેશે તેવી શક્યતા હવામાન વિભાગે બે દિવસ પહેલા વ્યક્ત કરી હતી. વધુમાં આજે સવારનું ન્યુનત્તમ તાપમાન ગઈકાલ કરતા એક ડિગ્રી ઘટીને ૨૫.૭ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા.

## ફાર્મા મેડીકલના વેપારી સાથે ઓનલાઈન છેતરપિંડી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

બારડોલી તેનગામ ખાતે રહેતા અને ફાર્મા મેડીકલના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીની જાણ બહાર તેની ગુગલ પે એપ્લીકેશનમાંથી ભેજાબાજોએ બે વખત ટ્રાન્જેકશન કરી કુલ રૂ.૭૯,૮૦૦ ટ્રાન્સફર કરી લીધા હોવાની ફરીયાદ બારડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

બારડોલી ટાઉન પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર બારડોલી તાલુકાના તેનગામ ખાતે સનસીટીમાં રહેતો કુલદિપ હસ્તીમલ શાહ મેડીકલ ફાર્મા ચલાવે છે. દરમિયાન તેના બેંક ઓફ ઈન્ડીયાના નંબર સાથે ગુગલ પે એપ્લીકેશનને કનેક્ટ કરીને કોઈક ભેજાબાજો દ્વારા બારોબાર રૂ.૭૯,૮૦૦ ટ્રાન્સફર કરી લેવાયા હતા. આ મામલે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

## ઓરણાની વડીલોપાર્જિત જમીનના વિવાદમાં એડવોકેટ સોની સહિત આઠ સામે ગુનો દાખલ

### જહાંગીરપુરાના પ્રજાપતિ પરિવારના મિલ્કત સંબંધીત ઝઘડા અંગે કામરેજ પોલીસમાં ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

કામરેજના ઓરણા ગામે બહેનો અને ભાઈઓ વચ્ચે વડીલોપાર્જિત જમીન સંદર્ભે વિવાદ થતા મામલો કામરેજ પોલીસ સ્ટેશનને પહોંચ્યો હતો. એક બહેને અન્ય બહેન ભાઈઓ તેમજ પરિવાર ના સભ્યો તથા એક એડવોકેટ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

કામરેજ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જહાંગીરપુરા જલારામ નગર સોસાયટીમાં રહેતા જયપ્રભાબેન દયારામ ભાઈ પ્રજાપતિએ આરોપી જશુબેન દયારામભાઈ પ્રજાપતિ (ઓરણા ગામ ), યોગીનીબેન દયારામ પ્રજાપતિ (મહાદેવ નગર તલંગપુર સચિન ), હિતેશકુમાર દયારામ ભાઈ પ્રજાપતિ (ઓરણા ગામ ),ભાવના દયારામ પ્રજાપતિ (સાઈ ક્રિષ્ના સચિન ), મગન સીતારામ પ્રજાપતિ (કામરેજ ), ઠાકોર સીતારામ પ્રજાપતિ (ઓરણા ગામ કામરેજ ), નટવર સીતારામ પ્રજાપતિ (હરિઓમ નગર અડાજન ) , સુમિત્રાબેન સીતારામ પ્રજાપતિ (મારવાડી બજાર માંડવી ) , એડવોકેટ એ એસ સોની (લીબુ શેરી મહિધરપુરા) વિરોધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ વડીલોપાર્જિત ઓરણા ગામની જમીન બાબતે પૂર્વયોજિત ગુનાહિત કાવતરું રચી ફરિયાદીનો સદર જમીનનો હિસ્સો હડપ કરી જવાના, પચાવી પાડવાની કોશિશ કરી વહેંચણી કરારમાં ખોટી સહી તથા ખોટા લખાણો કરી ખરા તરીકે સરકારી કચેરીમાં ઉપયોગ કરી ગંભીર પ્રકારની ફોજદારી ગુનો કર્યો હતો. કામરેજ પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

## વ્યાજે ધિરેલા રૂપિયા વસુલ કરવા ઘરનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધો

### મુદલ ૪ લાખ સામે રૂા.૧૦ લાખની વસુલી બાદ પણ રૂપિયા પડાવવા લાકડાના વેપારીએ ધમકી આપી

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,તા.૨૨**

બારડોલી ખાતે લાકડાનો વેપાર કરતા યુવકે ચીકનની દુકાન ચલાવનાર પરિચીત પાસેથી રૂ.૪ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે વ્યાજે રૂપીયા આપનારે યુવક પાસેથી મકાનનો વેચાણ દસ્તાવેજ કરાવી લઈ મકાન રૂ.૧૩.૬૮ લાખની લોન મંજુર કરાવી લીધી હતી અને રૂ.૧૦ લાખ વસુલી લઈ વધુ રૂપીયાની માંગણી કરી લાકડાના વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવ ીહતી.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર બારડોલી તાલુકાના ગાંધીરોડ આશિયાના નગરમાં રહેતા મુનાફ અઝીઝ મેમણ ચીકનની દુકાન ચલાવે છે. સને ૨૦૧૬માં તેની પાસેથી લાકડાના વેપારી અને બારડોલીના કડોદ ગામ કુંભાર ફળીયામાં રહેતા માજીદખાન કાશમખાન પઠાણ ઉ.વ.૩૯એ રૂ.૪ લાખ વ્યાજે લીધા હતા.

વ્યાજે લીધેલા રૂપીયાની સામે આરોપી મુનાફ મેમણે મકાનનો વેચાણ દસ્તાવેજ મેળવી લઈ તેની ઉપર રૂ.૧૩.૬૮ લાખની લોન લઈ તેમાંથી ૧૦ લાખ વસુલી લીધા હતા. ત્યારબાદ પણ વધુ રૂપીયાની માંગણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ મામલે ગઈકાલે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં માજીદખાન પઠાણે ફરીયાદ નોંધાવી હતી.

## કારમાંથી રોકડા રૂા.૫.૯૪ લાખ ભરેલી બેગની ચોરી

### વેપારી મંદિરમાં દર્શન કરવા જતા કારમાંથી બેગ ગુમ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

વરાછા વીએચપી કાર્યાલય પાસે બુધેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા ગયેલા કાપડના વેપારીની નજીકમાં જ પાર્ક કરેલી કારનો કાચ તોડી અજાણ્યો ચોર ડ્રાઈવર સાઈડની બાજુની સીટ પર મૂકેલી બેગ ચોરી કરી ફરાર થઈ જતા સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય છે બેગમાં ધંધાકીય વ્યવહારના ૫.૯૪ લાખ અને ચેકબુક તેમજ પરચુરણ કાગળો પણ હતા.

મૂળ જુનાગઢ સેમરાળા ગામના વતની અને હાલ વરાછા એલ એચ રોડ ઈશ્વર કૃપા સોસાયટી ની બાજુમાં લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા મેહુલ સમજુ ચોવટીયા ટેક્સટાઈલ ના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગઈકાલે સવારે મેહુલભાઈ પોતાની ફોરવીલ કાર વરાછા રેણુકા ભવન સોસાયટીની બાજુમાં બૂધેશ્વર મહાદેવ મંદિરની નજીક વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલયની આગળ પાર્ક કરી હતી. ત્યારબાદ મેહુલભાઈ મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. બીજી તરફ અજાણ્યા ચોર બદમાશ મેહુલભાઈ ની જાહેર રોડ ઉપર પાર્ક કરેલી કારના ડ્રાઈવર સાઈડનો કાચ તોડી સીટ ઉપર મૂકેલી બેગ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બેગમાં ધંધાના રૂપિયા ૫.૯૪ લાખ રોકડા હતા ચેકબુક તથા પરચુરણ કાગળ હતા. આ અંગે મેહુલભાઈએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વરાછા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે

## પીપી સવાણી કોલેજ હોસ્ટેલના રૂમમાંથી મોબાઈલની ચોરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

માંગરોળ તાલુકાના ધામડોદ ગામે આવેલી પીપી સવાણી કોલેજ હોસ્ટેલના રૂમમાંથી વિદ્યાર્થીનો મોબાઈલફોનની ચોરી થઈ હોવાની ફરિયાદ કોસંબા પોલીસ સ્ટેશનને નોંધાઈ હતી. કોસંબા પોલીસ સ્ટેશન એ ફરિયાદ આપનાર વેડ રોડ કુબેર પાક સોસાયટી નો રહીશ અને હોસ્ટેલમાં રહેતો જતીન નરેશ બારૈયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ફરિયાદીના કાકા જગદીશભાઈ બારૈયા ની માલિકીનો રૂપિયા ૨૭,૯૯૯ કિંમત નો મોબાઈલ ફોન કોઈ અજાણ્યો વ્યક્તિ ચોરી કરી ગયો હતો કોસંબા પોલીસે ફરિયાદ નોંધી હોસ્ટેલના સીસીટીવી ફૂટેજ ના આધારે અજાણ્યા ચોરની તપાસ શરૂ કરી છે

## દુકાન વેચવાના બહાને વેપારી પાસેથી છ લાખ પડાવી લેવાયા

### પારકી દુકાન બતાવી છેતરપિંડી કરનાર હિતેશ ધારીયા સામે પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૨**

મોરાભાગળ-ઉગત રોડ ઉપર કેનાલ નજીક આવેલા પંડીત દીન દયાળ હાઉસીંગમાં એક દુકાનને હિતેશ ગીરધર ધારીયા નામના યુવાને એક વેપારીને ખોટા પત્ર બનાવી આપી ૬ લાખ રૂપીયા ઉંસેટી લીધા હોવાની ફરીયાદ રાંદેર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

રાંદેર પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ મહીસાગર જિલ્લાના વતની અને હાલ ઉગત રોડ ઉપર વીર સાવકર હાઈટ્સમાં રહે છે. દરમિયાન કતારગામ નારાયણ નગર ખાતે રહેતા હિતેશ ગીરધર ધારીયાએ જીગર પરમારને ગુજરાત હાઉસીંગ બોર્ડમાંથી પંડીત દિન દયાળ નગરની એક દુકાન આપવાનું કહી દુકાન વહેંચણીની કોઈ સત્તા નહીં હોવા છતાં પંડીત દીનદયાળ નગરનો પત્ર બનાવીને જીગર પરમારને આપી તેની પાસેથી ટુકડે ટુકડે કુલ રૂ.૬ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

સરકારી હાઉસીંગની બિલ્ડીંગમાં આવેલી દુકાન વેચવાની કોઈ સત્તા નહીં હોવા છતાં હિતેશ ધારીયાએ રૂપીયા પડાવી છેતરપિંડી કરી હોય આ મામલે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.



**સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો ઉપર ચઢતા જોરદાર ગરમી પડી રહી છે. આ દરમિયાન રિંગરોડ જે.જે.માર્કેટ પાસે જૈન સોશિયલ ગૃપ દ્વારા છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.** **(તસવીર : હનીફ મલેક)**